137

પ્રેમભક્ત કવિ :

રસખાન

પુષ્ટિ સાહિત્ય પુસ્તકાલય
શ્રી ઠકાઈ ભાટીયા સેવા ફંડ, શ્રી વલ્લભ સુખધામ,
એસ. વી. રોડ, શંકર ગલીના નાકે,
કાંદિવલી (વેસ્ટ), મુંબઈ–૪૦૦૦૬૭

જશવંત મહેતા

પ્રવીણ પુસ્તક ભંડાર
લાભ ચૅમ્બર્સ, મ્યુ. કૉર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ.

PREMBHAKTA KAVI: RASKHAN
By : **Jashvant Mehta**
Published by : **Pravin Prakashan Pvt. Ltd., Rajkot**

પ્રકાશક :
પ્રવીણચંદ્ર એમ. પટેલ
પ્રવીણ પ્રકાશન પ્રા. લિ.,
લાભ ચેમ્બર્સ, મ્યુ. કૉર્પો. સામે,
ઢેબર રોડ, રાજકોટ

© પ્રકાશકના

પ્રથમ આવૃત્તિ : ૨૦૦૧

કિંમત : રૂા. ૬૦

મુદ્રક :
પ્રવીણ પ્રકાશન પ્રા. લિ.
વેરાવળ (શાપર),
જિલ્લો : રાજકોટ

શ્રી વલ્લભકુળ વિભૂષિત

યુવા આચાર્યશ્રી

પૂ. પા. ગો. ૧૦૮ શ્રી ગોપીશકુમાર મહોદયશ્રીની

(મુંબઈ-દહીંસર - શ્રી ગોવર્ધનનાથજી હવેલી)

કલાત્મક સૌંદર્ય અભિરુચિને

સાદર સપ્રેમ

અર્પણ

૧૧-૪-૨૦૦૧ —**જશવંત મહેતા**
(પ્રવેશ વર્ષ - એકોતેર વર્ષે)

અથક કહાની પ્રેમકી

પ્રેમને પરમાત્માનું સ્વરૂપ કહેવાયું છે. આનંદનું પરમતત્ત્વ પણ પરમાત્મા જ છે. રસખાન જખમી, સંવેદનશીલ, રસભર્યા મુસ્લિમ સંત-કવિ, શ્રી વિઠ્ઠલનાથજી - શ્રી ગુસાંઈજીના પરમ વંદનીય એવા મસ્તમિજાજી કવિ હતા.

દક્ષિણમાં "ગીત-ગોવિંદ"ના સર્જક જયદેવની "લલિત-લવંગ" મધુર પદાવલિની સમાંતર કક્ષાએ બેસી શકે એવી પ્રભુ પ્રત્યેની અખૂટ પ્રેમસભર "બાળલીલા"ની વિવિધ-રસરંજની પ્રેમ અને આનંદના પરમતત્ત્વને પામતી શ્રી ગોવર્ધનધરની ઝાંખી પામતાં જ અંતરમાં રાધારમણની લીલાનાં દર્શન પામતાં મધુર બુલંદ અવાજે-

'દેખ્યો દૂર વહ કુંજ કુટિર મૈં
બૈઠ્યો પલોટત રાધા કે પાયલ'

- ગાઈ ઊઠતા રસખાનજીનાં જીવનકવન પર આધારિત લઘુનવલ ગુજરાતની જનતા સમક્ષ રજૂ કરતાં આનંદ અનુભવું છું.

રસખાન જનતાના - પ્રેમભીની માનવજાતના કવિ હતા. વિચારોમાં કબીરની ન્યાતના કવિ હતા. રસખાન કહે છે:

"શાસ્ત્રન પઢિ પંડિત ભયે કે મૌલવી કુરાન,
જો પૈં પ્રેમ જાન્યો નહિ, કહાં મિલ્યો રસખાન."

તો કબીર એ જ મસ્તીમાં "ઢાઈ અક્ષર પ્રેમ"ની યશોગાથા ગાતાં લખે છે:

"પોથી પઢ પઢ જગ મૂઆ, પંડિત હુવા ન કોઈ,
ઢાઈ અક્ષર પ્રેમકા, પઢે સો પંડિત હોઈ."

આવા કવિને ધારાવાહી સ્વરૂપે વાચકો સમક્ષ વહેતા કરવા 'વૈષ્ણવ પરિવાર' સામયિકનાં તંત્રી પ. ભ. વસંતબેન અને પરિવારનો તેમજ વિજયભાઈનો આભારી છું. પુસ્તકરૂપે ગુજરાત સમક્ષ રજૂ કરતા શ્રી ગોપાલભાઈને પણ સ્મરી લઉં છું.

તા. ૧૧-૪-૨૦૦૧ **— જશવંત મહેતા**

શ્રી રમાનાથ શરણમ્

"પ્રેમ સકલ રસખાનિ' - ભાવયાત્રાનો મારો સમય-રસખાનજી મારા પ્રિય ભક્ત કવિ, જશવંતભાઈ જ્યારે રસખાન વિષે લખે ત્યારે મારામાં કૌતુહલ જાગે એ સ્વાભાવિક છે. રસખાનજીના જીવનપ્રસંગોનું નિરુપણ જશવંતભાઈએ, સ્પર્શી જાય એ રીતે કર્યું છે.

દિલ્હીથી મથુરા અને મથુરાથી મધુવન, ગોવિંદખંડની કુંજગલી — બસ અહીંજ — સાચો રસખાન મળે. કુરાનના કલ્મા છોડી ગોવર્ધનધારીના મુખડાની માયા લાગી રસખાનને. એ પ્રેમસ્વરૂપમાં મત્ત થયો, પ્રમત્ત થયો. મિલનને ઝંખતાં ઝંખતાં વિરહે ઝૂર્યો પણ એની ભાવસમાધિ તો ચૈતન્ય મહાપ્રભુના નાદબ્રહ્મમાં જઈ બેઠી. અંતર "હરિ બોલ, હરિ બોલ" રટવા માંડ્યું.

રસખાનની યાત્રા લૌકિક મટી અલૌકિક બની. સ્થૂળમાંથી સૂક્ષ્મ તરફનું પ્રેમના ભાવજગતનું સંક્રમણ, આપણી સંત-પરંપરાને અનુસરે છે. જેણે અપાર વેઠ્યું એનેજ અસીમ મળ્યું. નરસિંહ, મીરાં, સૂર, તુલસી આ સહુએ ભૌતિક જગતનાં મ્હેણાં સહ્યાં, આત્મીયોના આઘાત સહ્યા પણ ભીતરના સાદને વફાદાર રહી માર્ગ તો પોતેજ બનાવ્યો.

"નારાયણનું નામ જ લેતાં
વારે તેને ત્યજીએ રે..."

આ લખતા નરસૈયાનું મનોબળ કેવું દૃઢ બન્યું હશે.

"ભાઈ છોડ્યા બંધુ છોડ્યા
છોડ્યાં સગાં સાંઈ"

આવું લખી મીરાંએ પ્રેમ માર્ગની નક્કરતાને સિદ્ધ કરી. આ બધાંય ભીતરથી નરવાં હતાં. મથુરા મણિકર્ણિકાના ઘાટ પર ચોબાઓથી ઘેરાયેલો પઠાણ રસખાન, એના પર મ્લેચ્છ, મ્લેચ્છના ચાબખા વિંઝાય છે પણ વૃંદાવનની ભૂમિનાં દર્શનની મહેચ્છા એ ત્યાગી શકતો નથી. વસ્યા છે એના

નયનનમાં નંદલાલ.

કૃષ્ણ સાંવરિયાના સૌંદર્યની ઉપાસના કરી રસખાને અને ભક્તિમાર્ગમાં વિહરતા મત્ત ગયંદની જેમ "મત્તગયંદ" સવૈયા વ્રજ ભાષામાં રચ્યા. કહેવાય છે કે સૂરદાસે સવા લાખ પદ લખ્યાં પણ જ્યાં સુધી શુદ્ધ વ્રજ-ભાષાનો ઉલ્લેખ છે — રસખાન 'સૂર' કરતાં મુઠી ઊંચો હતો.

જશવંતભાઈએ ઉલ્લેખ કર્યો છે કે રસખાન તો સાત્ત્વિક બ્રાહ્મણનું હૈયું ધરાવતા કવિ ભક્ત હતા. નિર્દંભ શૈલીના ઉપાસક રસખાન એમના સર્જનકાળે લખે છે કે -

"કહા કરે રસખાનિ કો કોઊ ચુગુલ લબાર,
જાપે રાખનહાર હૈ માખન ચાખન હાર."

અને શ્રદ્ધા પણ એટલી બધી છે કે—

"કાહે કો સોચ કરે રસખાનિ કહા કરી હૈ રવિનંદ બિચારો
તાખન જાખન રાખીયે માખન ચાખન હારો સો રાખન હારો."

જશવંતભાઈએ ખૂબ ઝીણવટથી રસખાનજીના જીવનકવનનો અભ્યાસ કર્યો છે. અષ્ટછાપના કવિઓ અને ગોસ્વામી તુલસીદાસના જીવન-ઉદ્ધારણો દ્વારા પોતાના વિચારોની યોગ્ય અને સાચી પુષ્ટિ એમણે કરી છે.

ગુજરાતી ભાષા અને કૃષ્ણભક્તિ આ બન્નેનો સુમેળ જે ભાવકમાં હશે એને જશવંતભાઈનું આ પુસ્તક ખૂબ ગમશે. નવલકથાકાર જશવંત મહેતાની નવલશૈલી અને રસખાન જેવો રસાળ વિષય એમાં ભળ્યો પ્રેમ પદારથ. ત્રિવેણી આપો આપ સરજાઈ ગઈ. વિરાગ-રાગ-વિરક્તિ અને આસક્તિના ફૂલદોલ હીંચકે પોતાના રસિક વાચકને ઝૂલાવતા લેખકનું આ પ્રદાન ખરેખર સરાહનીય છે.

આ ક્ષણે હું મારો પ્રેમભર્યો ઉમળકો વ્યક્ત કર્યા વિના રહી શકતો નહોતો એટલે આ શબ્દો લખવા હું કૃત સંકલ્પ થયો છું. હું મિત્ર જશવંતભાઈનો આભારી છું.

—સુરેન ઠાકર 'મેહુલ'

"પ્રેમ હરિકો રૂપ હૈ"

"ઈન મુસલમાન હરિજનન પે
કોટિન હિંદુ વારિયે!"

હિંદી સાહિત્યના વરિષ્ઠ સાહિત્યકાર ભારતેન્દુ હરિશ્ચન્દ્ર જેમના પર "કોટિન હિંદુ વારિયે" કહી વારી ગયા છે, એવા વ્રજભાષાના કવિ રસખાન ભારતીય સાહિત્યના એક ઝળહળતા - આજ પર્યંતના કવિરત્ન છે. જન્મે પઠાણ - ફારસી, અરબી અને હિંદી ભાષાના પ્રખર જ્ઞાતા એવા રસખાનની કાવ્યરચનાની ભાષા વ્રજભાષા. વ્રજભાષા આમ તો પંદરમી સદીના પ્રારંભ સુધી વણખેડાયેલી "પ્રાકૃત ખડી બોલી" હતી, પરંતુ પુષ્ટિસંપ્રદાયના પ્રવર્તક શ્રીમદ્ વલ્લભાચાર્યજીના સમયકાળમાં જન્મેલા વ્રજભક્ત કવિઓ સૂરદાસ, કુંભનદાસ ઇત્યાદિ અષ્ટસખાઓ તેમજ ખુદ શ્રી ગુસાંઈજી, આસકરણ, તાજબીબી અને રસખાન જેવા કવિઓ કે જે શાસ્ત્રીય સંગીતના પણ પૂરા જાણકાર હતા, એમના આગમને મૃતવત્ વ્રજભાષાનો અદ્ભુત કાયાકલ્પ એવો તો કર્યો કે, વ્રજભાષા એની કાવ્યરચના અને હવેલી-સંગીતથી ભારતીય ભાષાઓમાં આજે પણ અગ્રસ્થાને બિરાજી રહી છે. વ્રજભાષાનું સામર્થ્ય પ્રગટ કરી તેનું ગૌરવ વધારવામાં રસખાનનો ફાળો અનન્ય રહ્યો છે.

રસખાન એક એવા પંથના યાત્રી હતા કે જે કમલતંતુથી પણ કોમળ અને તલવારની ધારથી પણ વધુ તેજ એવા મસ્ત-મિજાજ પ્રેમથી ભર્યાભર્યા, પ્રેમને જ ઈશ્વર - ખુદા માનનારા ઈન્સાન હતા. રસખાન એનો પરિચય આપતાં લખે છે -

કમલતન્તુ સૌ ક્ષીણતર કઠિન ખડગ કી ધાર ।
અતિ સુધો ટેઢો બહુર, પ્રેમપંથ અનિવાર ॥

જિંદગીના ક્ષણભંગુર અનુભવોની તાવણીમાંથી પસાર થઈ જિંદગીની યાત્રામાંથી, પ્રાપ્ત થયેલાં જ્ઞાન, કર્મ અને ઉપાસના - બધામાં એ અલગારી ઓલિયાને અહમ્‌ના આશિયાનાનાં દર્શન થયાં અને પ્રેમ એક જ એવી વસ્તુ લાગી જેમાં અહમ્‌ને સ્થાન જ નહોતું. પરિણામે પ્રેમ એક જ એમની જિંદગીનો આધાર બની રહ્યો અને પ્રેમસ્વરૂપ પરમાત્મા શ્રી ગોવર્ધનનાથ એમના રાહબર, એમના વહાલા સખા બની રહ્યા.

રસખાનની જીવનકથાનાં અસ્તવ્યસ્ત પાનાંઓ - વિગતો એમનાં કાવ્યોમાંથી, દોહામાંથી ઊઘડે છે. પરંતુ એમાં પણ અનેક મતમતાંતરો રહ્યાં છે. પુષ્ટિસંપ્રદાયના

"બસો બાવન વૈષ્ણવન કી વાર્તા"ની આધારે દિલ્હીમાં જન્મેલા - મોટા થયેલા - રસખાન રાજવંશી પઠાણ હતા. હિંદુ શાહુકારના પાંચ-સાત વર્ષન ફૂટડા બાળક પાછળ પ્રેમઘેલા, પાગલ પઠાણ રસખાનને પુષ્ટિસંપ્રદાયના વૈષ્ણવો મળી જાય છે અને લૌકિક આસક્તિમાં વ્યસ્ત એવા રસખાનને શ્રી ગોવર્ધનનાથજીની છબીનાં દર્શન કરાવતાં, શ્રીજીબાવામાં આસક્તિ કરવાની સલાહ આપી, લૌકિક જગતના માનવીની ક્ષણભંગુરતાની વાત એમને ગળે ઉતારી, એમના "માંયલા"ને જગાડે છે અને ધૂની, મસ્તરામ, અલબેલા કવિ દિલ્હીની અરાજકતા, પ્રપંચો અને રક્તપાતોથી કંટાળી, શ્રીજીબાવાનાં દર્શન દ્વારા શ્રીજીને પામવા વ્રજની વાટ પકડે છે. પળેપળે શ્રીજીબાવાનાં દર્શન ઝંખતા વિરહી હૃદયમાંથી કાવ્યનાં ઝરણાં ફૂટે છે અને શ્રી ગોવર્ધનધર એમના ભક્તને શ્રી ગુસાંઈજીના શરણે જવાની આજ્ઞા કરી શ્રી ગુસાંઈજીની "કાની"થી "બ્રહ્મસંબંધ"ના પવિત્ર તાંતણે પરમતત્ત્વ પરમાત્માને પ્રાપ્ત કરી, શ્રીજીબાવાની અનેક લીલાનાં દર્શનની અનુભૂતિને એમનાં કાવ્યો દ્વારા વ્યક્ત કરતા વ્રજભાષાના એક ઉત્તમ કવિ જ નહીં પણ પ્રેમલક્ષણા ભક્તિનો એક અણમોલ પર્યાય બની જાય છે.

હિંદી કાવ્યસાહિત્યમાં મુસ્લિમ કવિઓની કાવ્યરચનાઓનું સ્વરૂપ એકંદરે પ્રેમાશ્રયી શાખા કે જે સૂફી સંતોના પ્રભાવથી પુષ્ટ થયું છે, તો બીજું કૃષ્ણભક્તિ-શાખામાં રસખાન, તાજબીબી, અલીખાન જેવા કૃણભક્ત - કૃષ્ણમય કવિઓની કવિતાથી સમૃદ્ધ થયું છે. આ કવિઓ પહેલાં ભક્ત હતા અને પછી કવિ હતા. સંપૂર્ણ ભક્તિ એ જ એમની સંપૂર્ણ કવિતા બની રહી હતી. હિંદી સાહિત્યમાં ત્રીજી રીતિકાલીન કવિતા તેમજ ચોથી વિનોદપૂર્ણ કાવ્યરચનાના પણ પ્રવાહો એ અરસામાં રહીમ જેવા કવિ દ્વારા વહેતા થયા હતા.

રસખાનની જીવનસામગ્રી અધિકાંશ બે વિભાગમાં ઉપલબ્ધ છે :

(૧) અંત:સાક્ષ્ય - જેમાં કવિની રચનાઓ દ્વારા જ કવિના જીવનનો આછોપાતળો પરિચય મળે છે.

"દેખી ગદર હિત સાહિબી, દિલ્હી નગર મસાણ,
છિનહીં બાદસા - બંસકી ઠસક છોરી રસખાન."
"તોરિ માનિની તેં હિયો, ફોરિ મોહિની માન,
પ્રેમદેવકી છબીહિ લખ, ભયે મિંયા રસખાન."

અને પ્રથમ માનુનીથી પ્રેમલગ્ન અને પછી વૈષ્ણવોની વાણીથી સજાગ થઈ

પાંચસાત વર્ષના બાળક પરથી લૌકિક આસક્તિની નાગચૂડમાંથી છૂટી, પ્રેમદેવ શ્રી ગોવર્ધનનાથજીની છબીના પ્રેમમાં પડી ગયેલા રસખાન વ્રજમાં આવે છે.

"પ્રેમનિકેતન શ્રી બનહિં આઈ ગોવર્ધન ધામ,
લહ્યો સરન ચિંતમહીં કે, જુગલ સરૂપ લલામ."

વ્રજભૂમિમાં વિહરતાં રસખાનને વ્રજ સાથે - વ્રજવિહારી શ્રી ગોવર્ધનધર સાથે - વ્રજની ગોપી અને વ્રજની ધરતી સાથે એવો પ્રેમ થઈ ગયા કે એમનું કવિહૃદય ગાઈ ઊઠ્યું.

"માનુષ હોં તો વહી રસખાન, બસૌ બ્રજ ગોકુલ ગાંવ કે ગ્વારન,
પસું હોઉં તો કહાં બસ મેરો, ચરો નિત નંદકી ધેનું મઝારન;
વાહન હોં તો વહી ગિરિ કો જો ધર્યો કર, છત્ર પુરંદર ધારન,
જો ખગ હોં તો બસોરે કરૈ મિલિ, કાલિંદી કુલ કદમકી ડાળ."

(૨) બાહ્ય સાક્ષ્ય દ્વારા રસખાનની જિંદગીની ગાથા - વિદ્વાનો દ્વારા એમનાં જીવનકવનની માહિતી - પ્રસંગરૂપે, વિવેચનરૂપે મળે છે.

હિંદી સાહિત્યની કૃષ્ણકાવ્યધારામાં રસખાનનું ગુણાત્મક અને વિશિષ્ટ યોગદાન રહ્યું છે. રસખાન પ્રેમને એક જલન રૂપે જુએ છે, જે જલન વિયોગના તાપમાં સતત જલતી રહી છે - સ્નેહરૂપે જલતી રહી છે. રસખાન એક એવા ભક્તકવિ હતા કે જે મિલનમાં પણ વિરહી ભાવની અનુભૂતિમાં વ્યસ્ત રહેતા. શ્રી ગોવર્ધનનાથજીનાં દર્શનની-મિલનની ઘડી વખતે ભીતરનો વિરહાગ્નિ પ્રકાશવંત બની પ્રગટ થાય છે. રસખાનનો કૃષ્ણપ્રેમ ધર્મ-સંપ્રદાયની પેલે પારનો - સાચા અર્થમાં ભારતીય સંસ્કૃતિનું સાચું પ્રતિનિધિત્વ કરતો કૃષ્ણપ્રેમ છે. આજે જ્યારે જાતિ, ધર્મ અને સંપ્રદાયનાં નામ પર જે અંધાધૂંધી રેલાઈ રહી છે ત્યારે રસખાન જેવી પ્રતિભાની પ્રેરણા લઈ ભારતીય જનસમાજ પર પ્રેમ અને સમન્વયવાદી ભાવના પ્રસ્થાપિત કરવાની જરૂર છે.

રસખાનની કૃષ્ણભક્તિએ એમના સમાજમાં ધિક્કાર, કટુવાક્યો અને 'કાફિર' બની ગયાની એક બુમરાણ સર્જી દીધી, ત્યારે નારાજ મુસ્લિમોએ એમને બાદશાહ સમક્ષ પેશ કર્યા. ગળામાં માળાઓનો ઝૂમખો, કપાળમાં તિલક અને મુખમાં શ્રીકૃષ્ણનું નામરટણ. રાજ્યદરબારમાં પ્રશ્ન કરવામાં આવ્યો:

"તું મુસલમાન થઈને કંઠી કેમ પહેરે છે?"

ત્યારે કૃષ્ણભક્ત કવિએ સરસ જવાબ આપ્યો:

"જેમ પથ્થરને નદી પાર કરવા લાકડીનો - હલેસાંનો સહારો લેવો પડે છે, એવી રીતે આ સંસારસાગર પાર કરવા હું આ માળાઓ ગળામાં પહેરું છું. આ માળામાં તો પથ્થર જેવા લોકોને પણ સંસાર પાર ઉતારી દેવાની તાકાત છે."

વ્રજમાં પણ કૃષ્ણરસિયા કવિને, એમના પઠાણી પહેરવેશના કારણે મધુવન, વૃંદાવન, મથુરા ઇત્યાદિ સ્થળેથી "મ્લેચ્છ" છો એવા સરપાવ સાથે જાકારો મળ્યો - દર્શન ન થયાં ત્યારે કવિહૃદય બાપોકાર કરતું ગાઈ ઊઠ્યું:

શાસ્ત્રન પઢિ પંડિત ભયે કે મૌલવી કુરાન
જો પૈં પ્રેમ જાન્યો નહિ, કહાં મિલ્યો રસખાન!

કબીર પણ આવા જ અનુભવ પછી ગાઈ ઊઠ્યા હતા:

પોથી પઢ પઢ જગ મૂઆ, પંડિત હુવા ન કોઈ,
ઢાઈ અક્ષર પ્રેમકા, પઢે સો પંડિત હોઈ.

અને કૃષ્ણની શોધમાં ભટકતા વિરહી કવિ રસખાનને, વૃંદાવનની કુંજગલીઓમાં, ગિરિરાજની તળેટીમાં, મધુવનની વનવેલીમાં એમના "સાંવરા"નાં દર્શન કાજે ઘૂમતા કવિને એમના કૃષ્ણ કનૈયાનાં દર્શન રાધાનાં ચરણ તળાંસતા કૃષ્ણમાં થાય છે.

બ્રહ્મમેં પૂંઢ્યો, પુરાતન વેદન
ભેદ ન સૂન્યો, ચિત્ત ચૌગુન ચાયન
દેખ્યો સુન્યો, કબહુંન કહું વર
કૈસો સ્વરૂપ ઔર કૈસો સુભાયન
હેરત દેરત હારિ હર્યો
"રસખાનિ" બતાયો ન લોગ લુગાયન
દેખ્યો દૂર વહ કુંજ કુટિરમેં
બેઠ્યો પલોટત રાધા કે પાયલ

રીતિકાલ-કાવ્યોની બે ધારાઓ સંવત ૧૬૦૦થી ૧૯૦૦ સુધી હિંદી ભાષામાં વહેતી રહી અને એકબીજાથી અલગ પ્રવાહમાં વહેતી રહી. એક ધારા રીતિબદ્ધ માર્ગી કાવ્યશાસ્ત્રના નિયમો અનુસાર, એની વિશિષ્ટતા હતી શૃંગારિકતા, આલંકારિકતા, ભક્તિ અને નીતિ. આ વિશિષ્ટતા - ભક્તિકાલમાં ભક્તિમાધુર્યના વેગવંતા પ્રવાહમાં શૃંગારને જે સ્થાન મળ્યું - કાળક્રમે આગળ જતાં એ શૃંગાર ભૌતિક, લૌકિક માંસલ દેહના વર્ણનમાં સ્થિર થઈ ગયો. આલંકારિકતાનો ઉપયોગ કવિઓ ફક્ત ચમત્કાર-દર્શન પૂરતો કરતા. ભક્તિ અને નીતિની વિશિષ્ટતામાં કવિઓ માટે ભક્તિ સાધન બની ગઈ. રાધા અને કૃષ્ણને આ કવિઓએ ધરા પર લાવી, માનવરૂપે પૂજ્યાં, માણ્યાં અને ગાયાં, પરંતુ રીતિકાલની બીજી કાવ્યધારા "રીતિમુક્ત" બિન્દાસ કવિઓ દ્વારા જે વહેતી થઈ એમાં રસખાન અને રહીમ મુખ્ય હતા. રસખાનની કાવ્યધારા પરંપરા સાથેનો નાતો છોડી, નિજી આનંદ માટે, એમના પ્રભુના સુખના કાજે વહી. એ ભક્તિભાવ અને લાગણીસભર હતી. રસખાન ઉપરાંત સૂરદાસ, નંદદાસ, ગોવિંદસ્વામી, કુંભનદાસ જેવા કવિઓએ એમનાં હૃદયમાં લીલાનાં દર્શન પછી ઊભરતા ભાવોનું, અનુભૂતિનું વર્ણન કરતાં કાવ્યો રચી અભિવ્યક્તિની એક અનોખી ઝાકઝમાળ સૃષ્ટિ સાહિત્યમાં ખડી કરી દીધી. કાવ્યશાસ્ત્રના એકેય નિયમો આ કવિઓને લાગુ પાડી શકાતા નહોતા. સ્વયંભૂ સર્જનોના આ કવિઓ પાસે નિતાંત ભક્તિ હતી, ભાવ હતો, ગીતસંગીતનું જ્ઞાન હતું અને સૌથી વિશેષ સમાધિસ્થ લીલાના અનુભવો હતા જે પદો દ્વારા શબ્દસ્થ થતા હતા.

દેખ્યો રૂપ અપાર, મોહન સુંદર શ્યામકો,
હિય જીય નૈનનમેં વસ્યો...

અને આ નયનમાં વસેલો સુંદર-શ્યામ સુંદર કેવો છે?

નારદ સે વ્યાસ રહેં પચિ હારે તઉ પુનિ પાર ન પાવૈં,
તાહિ આહિર કી છોહરિયાં છછિયા ભરિ છાછ પૈં નાચ નચાવે.

રસખાને એવી આત્મીયતા એમના કૃષ્ણ સાથે અને કૃષ્ણની ગોપીઓ સાથે સાધી હતી કે જેમાં આહિરની છોકરીઓ એમના બાલકૃષ્ણને એક છાલિયા છાશ માટે ચૌદ બ્રહ્માંડના નાથને નચાવી રહી હતી અને એ લીલાનાં દર્શન રસખાન જેવા બડભાગી ભક્તકવિને થતાં જ કવિ ગાઈ ઊઠ્યા:

યા છવિ પૈ રસખાનિ અબ વારૌં કોટિ મનોજ,
જાકી ઉપમા કબન નહી પાઈ રહે સુ ખોજ.

અને એ છબી કેવી હતી? એ છાલિયાભર છાશ માટે નાચતા કનૈયાની છબી રસખાન માટે તો -

મોહન છબિ રસખાનિ લખિ, અબ દગ અપને નાહિ.

રસખાનને મન પ્રેમસ્વરૂપ પુરુષોત્તમને પામવા માટે પ્રેમાળ હૃદયની જરૂર

કેન્દ્રસ્થાને હતી. રસખાનની પ્રેમના આશ્રયે સંવર્ધિત થતી કવિતા સૂફી સિદ્ધાંત અને ભક્તિમાર્ગને એક તાંતણે પુષ્ટ કરતી કવિતા છે. કુતબન, નૂરમહંમદ, મંજન, જાયસી આદિ મુસ્લિમ સંતકવિઓની પ્રેમાશ્રયી કવિતાથી ભક્તિકાવ્યનું ઉદ્યાન સુગંધિત આજ સુધી રહ્યું છે, તો બીજી બાજુ માખણચોર શ્રીકૃષ્ણની ભક્તિમાં સંપૂર્ણ લીન અને શ્રદ્ધેય રસખાન જેવા કવિ લખે છે:

કહા કરે રસખાન કો, કોઉ ચુગુલ લબાર,
જો પૈ રાખનહાર હૈ માખન ચાખનહાર.

શ્રીકૃષ્ણની બાળ અને કિશોરલીલાનાં દર્શનથી હૈયાને આત્મસાત્ કરતાં 'વ્યસન' અવસ્થામાં પહોંચી જઈ શ્રીકૃષ્ણની લીલાઓનાં દર્શન કરતાં કવિતા રચે છે, એટલું જ નહીં પણ ચોવીસે કલાક ડૂબેલા રહે છે અને એમના અનુભવાત્મક, લીલાત્મક સ્વરૂપની અનુભૂતિમાં રમમાણ એવી કવિતાનું દાન દે છે.

રસખાન સાચા અર્થમાં એક ધૂંવાધાર પ્રેમની મૂર્તિ સમા એક પ્રાકૃત કવિ હતા. પ્રેમને હરિનું સ્વરૂપ માનતા રસખાન માટે તો "પ્રેમ હરિકો રૂપ હૈ, ત્યૌં હરિ પ્રેમ સ્વરૂપ" છે.

રસખાન એક એવા વિચિત્ર સંબંધના શિકાર બની ગયા હતા કે એ ખુદ રસખાન પણ નહોતા રહ્યા. વ્રજમાં ગાંડાઘેલા - લઘરવઘર વેશમાં પ્રેમની કવિતા લલકારતા, એમના આરાધ્ય દેવને સંભળાવતા ઘૂમ્યા કરતા હતા. આ એક એવી ભૂલ હતી કે ભૂલી ભુલાતી નહોતી અને એ ભૂલ હતી શ્રીકૃષ્ણના પ્રેમમાં પડવાની જે વ્રજની ગોપીઓ કરી બેઠી હતી અને પ્રેમની ધજા બની રહી હતી.

રસખાનને મન પ્રેમ એટલે સમર્પણ, પ્રેમ એટલે ઈશ્વરમાં આસક્તિ, પ્રેમ એટલે દર્પણની પારદર્શકતા. રસખાન એમની ક્રાંતિકારી વિચારધારામાં ખૂબ જ સ્પષ્ટ હતા:

અથક કહાની પ્રેમકી જાનત લેલી ખૂબ.

અને આ પ્રેમ પણ કેવો?

દો મન ઈક હોતે સૂન્યો, પે વહ પ્રેમન આહિ,
હોઈ જબૈ દ્વૈ તન હું, ઈક સોઈ પ્રેમ કહાઈ.

પ્રેમ અદ્વૈતમાં પણ એક દ્વૈત બની રહે છે, એવું રસખાનનું માનવું છે. શરીર એક થઈ જાય અને એક જ શરીરમાં પ્રેમી અને પ્રેમિકા બન્ને એનું એકત્વ સાધી

અદ્વૈત બની રહે છે - સાચા પ્રેમના માધ્યમથી મહારાસમાં પહેલાં એક કહાન અને અનેક ગોપીઓ હતી. પછી ગોપીના મનમાં એવો ભાવ જાગ્યો કે એકએક કહાન અને એકએક ગોપી સાથે હોય. આ અદ્વૈતનો ભાવ અને છેલ્લે એકએક કૃષ્ણ અને એકએક ગોપીના બદલે એકએક કૃષ્ણ જ એવો ભાવ મહારાસમાં સર્જાયો અને સર્જાયું સાચું અદ્વૈત.

રસખાનનો લૌકિક પ્રેમ અલૌકિક પ્રેમમાં રૂપાંતરિત થઈ પદોના પ્રવાહરૂપે સાહિત્યજગતમાં ફરી વળ્યો. રસખાન અતૃપ્ત આકાંક્ષાઓના વનમાં વિહરતા કવિજીવ છે. એમની ભાષામાં છલકપટને સ્થાન નથી. સરળ, સીધી, નિશાન તાકતી એમની ભાષા છે.

પ્રેમ પ્રેમ સબ કોઈ કહત, પ્રેમ ન જાનત કોઈ,
જો જન જાને પ્રેમ તો, મરે જગત ક્યોં રોઈ !

રસખાનનો સંસાર આમ તો વ્રજની ગોપીઓમાં સમાઈ જાય છે, પરંતુ પ્રેમની વિશાળ દુનિયાનો એ સંસાર છે.

રસખાન જખમી, સંવેદનશીલ કવિ હતા. એમનાં પદોને આદિ-અંતની સીમાઓથી બાંધી શકાતાં નથી. રસખાન ચિરંતન યુવા પ્રેમી રાધાકૃષ્ણના કવિ હતા. કામનાથી પર એમનો પ્રેમ હતો.

દંપતી સુખ અતિ વિષય રસ, પૂજા નિષ્ઠા ધ્યાન,
ઈન તેં પરે બખાનિયે, સુદ્ધ પ્રેમ રસખાન.

રસખાનની કવિતા - આધુનિક ભાષામાં કહીએ તો દૃશ્યશ્રાવ્યની ટેકનિક પર રચાયેલી કવિતા છે.

જા દિન તેં વહ નન્દ કો છોહરોયા બન ધેનુ ચરાઈ ગયો હૈ,
મીઠી હિ તાનનિ ગોધન ગાવત બૈન બજાઈ રિસાઈ ગયો હૈ.

અથવા તો

મકરાકૃત કુંડલ કી માલ વે લાલ બસૈ પગ પાંવરિયા,
બદરાનિ ચરાવન કે મિસ ભાવતો હૈ ગયો ભાવતિ ભાંવરિયા;
રસખાનિ બિલોકતહી સિગરી ભઈ બાવરિયા વ્રજ ડોબરિયા,
સજનિ ઇહિં ગોકુલ મેં વિષ સોં અગરાયો હૈ નંદકે સાંવરિયા.

અને અન્ય પદોમાંથી પણ આંખો સામે રાસલીલા, માખણલીલાનાં અનેક દૃશ્યો પદોમાં ઊપસી આવે છે એનું કારણ રસખાનનું અણુઅણુ પ્રેમથી છલકાતું રહ્યું છે. એમના વિરહી વાઙ્મયમાં, એમના શબ્દોમાં, એમના વર્તનમાં, એમના સહજભાવમાં સદાય પ્રેમ જ પ્રગટ થતો રહ્યો છે. રસખાન જિંદગી આખી વિરહાતુર હૃદયે કૃષ્ણદર્શનની ઝંખના સાથે જીવ્યા, પરંતુ એ વિયોગનો જીવ નહોતા, સંયોગનો જીવ હતા. એમના મનમાં સંયોગવિયોગની - દ્વૈત-અદ્વૈતની એક સ્પષ્ટ વિચારધારા હતી.

રસખાનના કાવ્યસર્જનને વિષયગત સ્વરૂપના આધારે ત્રણ વિભાગમાં રજૂ કરી શકાય:

(૧) સુજાન રસખાનિ : જેમાં રાધાકૃષ્ણના પ્રેમપ્રસંગો, ગોચારણલીલા, શ્રી યમુનાજી, મુરલીવાદન ઇત્યાદિ કૃષ્ણલીલાનાં કાવ્યોની ભેટ સાહિત્યજગતને મળે છે. કાવ્યો રસપૂર્ણ હોવા ઉપરાંત સ્વાભાવિકતા અને વાસ્તવિકતાની ભૂમિ પર સ્થિર થયેલાં છે. ભાવાત્મકતા એ સૂરદાસની જેમ રસખાનનાં પદોની પણ વિશિષ્ટતા રહી છે. રસખાન પણ અન્ય અષ્ટસખા કવિઓની જેમ ભાવનાના, ભગવત-પ્રેમના કવિ હતા. શબ્દોની તોડફોડ, લાગણીવેડા કે કૃત્રિમ સજાવટને રસખાનનાં પદોમાંથી દેશવટો મળ્યો છે. અંતરમાં ઊગ્યું તેવું સરલ, સચોટ શબ્દદેહે કાવ્યમાં ઊતર્યું છે. શ્રીકૃષ્ણના ગુણાનુવાદ અને શ્રીકૃષ્ણમાંથી અવિરત વહેતી સૌંદર્યપ્રેમી ધારાને આ કવિએ પોતાની ખડી બોલીની ખુમારીમાં રજૂ કરી છે.

(૨) પ્રેમવાટિકા : વ્રજભાષમાં પ્રેમના મૂલતત્ત્વનું સૂક્ષ્મ નિરૂપણ રાધા અને કૃષ્ણની આ 'પ્રેમવાટિકા'માં સુંદર દોહાના સ્વરૂપે મળે છે. રસખાન એમનાં આ પદોમાં પ્રેમનો મર્મ - પ્રેમનું ચિંતન - પ્રેમનું સામર્થ્ય પ્રગટ કરે છે.

(૩) દાનલીલા : પૌરાણિક પ્રસંગો પર આધારિત - ખાસ કરીને શ્રીકૃષ્ણની દાણલીલાના પ્રસંગો પર શ્રીકૃષ્ણ-રાધાના સંવાદોરૂપે લખાયેલાં આ કાવ્યોમાં પણ મૂળ તો રાધાકૃષ્ણના પ્રેમતત્ત્વની વિશદ છણાવટ છે.

રસખાન આ રીતે ભક્તકવિ હોવા ઉપરાંત એક સહૃદય ભાવકરૂપે આપણા દિલમાં એમની સર્જનલીલા દ્વારા અનોખું સ્થાન જમાવી જાય છે.

"કાવ્યં યશસે અર્થકૃતે વ્યવહારવિદે" - એ રસખાનની કાવ્યપ્રવૃત્તિના લક્ષ્યાંકો ક્યારેય રહ્યા નહોતા. એ તો અલૌકિક આધાર પર, રસાનુભૂતિ પર શ્રીકૃષ્ણ અને રાધાની લીલા ગાનાર કવિ હતા. પ્રેમતત્ત્વનું નિરૂપણ એ જ એમની કવિતાના સર્જનનું લક્ષ્ય હતું.

રસખાનની રચનાઓ વિવિધ રસોથી ઊભરતી રહી, પરંતુ નવ રસોમાંથી પ્રભાવિત પ્રેમરસથી છલકાતો શૃંગારરસ એમની કાવ્યરચનાઓનો મુખ્ય રસ રહ્યો છે. આ શૃંગારરસ પણ બે પ્રકારના - એક સંયોગ અને બીજો વિપ્રયોગ યા વિપ્રલંભ. રસખાન સંયોગરસના કવિ હતા. રસખાનનાં પદો અને દોહામાં ભક્તિનું માધુર્ય રૂપ, વિરહ અને આત્મસમર્પણમાં પ્રગટ થાય છે.

રસખાનની રચનાઓ પર, એ વલ્લભસંપ્રદાયના હોવા છતાંય સંપ્રદાયનો એમાં પ્રભાવ દેખાતો નથી. આમ છતાંય પુષ્ટિસંપ્રદાયી ભગવદીય જીવોને ગમી જાય તેવું રસખાને લખેલું "ભ્રમરગીત" હિંદી સાહિત્યનું અણમોલ રત્ન બની શક્યું છે. રસખાનનાં કાવ્યોમાં શુદ્ધ શૃંગાર, શિક્ષા, નેત્રસંકેત, રૂપમાધુર્ય, પ્રેમલીલા, દધિદાન, સપત્નીભાવ, રૂપમાધુર્ય, રિઝાવું, મનાવું, ઇત્યાદિ ભાવો કલાત્મક રૂપે ગૂંથાઈને આવે છે.

ભારતીય સાહિત્યમાં કૃષ્ણકાવ્યો આકસ્મિક રૂપે પ્રગટ થયાં નથી, એક સાહિત્યિક પરંપરાનો જ એક ભાગ રહ્યાં છે. ભક્તિમાર્ગ માનવજીવનમાં કલ્યાણકારી આદર્શોની સ્થાપના કરે છે. દાસ્ય, વાત્સલ્ય અને માધુર્યના મૂળ ભાવો પર આધારિત કવિ-હૃદયમાંથી પ્રગટ થતી કાવ્યરચનાઓ સંપૂર્ણ ભક્તિમય હોવા ઉપરાંત કલાત્મક પણ હોય છે.

રસખાનનાં પદોનો કાવ્યાત્મા સૂફી સંતોની ભાવનાઓ સાથે વધુ તાલ મેળવતો હોવા છતાંય એમની વ્રજભાષામાં એમનાં પદો લખ્યાં હોવાના કારણે વ્રજભાષાનું માધુર્ય - ખડી બોલીની છટા *"સેસ ગનેસ મહેસ દિનેસ સુરેસ હુ જાહિ નિરંતર ગાવે"* કે પછી *"તાહિ અહીર કી છોહરિયાં છછિયાભરિ છાછ પે નાચ નચાવૈ"* એ પંક્તિઓમાં ખીલી ઊઠે છે, પરંતુ એમાં અવધી, અપ્રભંશ તેમજ મુસ્લિમ કવિ હોવાના કારણે અરબી અને ફારસી શબ્દોનો સરસ ઉપયોગ એમનાં પદોમાં કરી, રસખાને વ્રજભાષાની સમૃદ્ધિ વધારી છે. પ્રવાહિતા રસખાનની ભાષાનો એક મહત્ત્વનો ગુણ છે.

અંતમાં રસખાનની ભક્તિપ્રધાન - સૌંદર્યમંડિત - પ્રેમરસથી છલોછલ એવી વ્રજભાષાને ગૌરવ લક્ષતી કાવ્ય-સર્જન-પ્રવૃત્તિ વિષે જાણીતા સાક્ષર ગોપાલદાસ વ્યાસની પંક્તિઓ સાથે લેખ પૂરો કરું છું:

યે અનુરાગ કે રંગરંગી
    રસખાન ખરી, રસખાન કી ભાષા
યા મૌં ધૂરી મિસરી મધુરી
    યહ ગોપિન કે અધરન કી ભાષા
યહ સરિયાકી કરૈં કવિ વ્યાસ
    યે ભાવ ભરે અખરાન કી ભાષા
બોરતિ ભક્તિ નિચોરતિ જ્ઞાન હિ
    ગોવિંદ કે ગુનગાન કી ભાષા
સૂર કહી તુલસીનૈં લહી, પ્રભુ
    પાંચન સૌં પરસી વ્રજભાષા

—**જશવંત મહેતા**

અ–નુ–ક્ર–મ

૧. "વાહ રે મેરો સુન્દર!" /૧૯
૨. 'સુનિયૈ સબકી કહિયે ન કછુ રહિયૈ' /૨૬
૩. 'બસ વોહિ રૂપ મેરો મન ભાયો!' /૩૩
૪. રસખાનજી વૃન્દાવનની વાટે /૪૧
૫. રસખાનની ભાવસમાધિ /૫૨
૬. 'ચલ રે મનવા ગોકુલધામ!' /૬૦
૭. 'મૈં ગોવર્ધન આયો...' /૬૭
૮. 'રસખાનજી અને ગોવિંદસ્વામીનું મિલન /૭૫
૯. 'દેખ્યો રૂપ અપાર, મોહન સુંદર શ્યામકો' /૮૪
૧૦. 'પ્રેમ હરિકો રૂપ હૈ' /૯૨

જશવંત મહેતાનાં પુષ્ટિસંપ્રદાયનાં પ્રેરણાત્મક પુસ્તકો

(૧) ભલે પ્રગટ્યા શ્રી વલ્લભદેવ
(૨) વંદું શ્રી વિઠ્ઠલવર વ્રજરાય
(૩) અષ્ટસખા ગ્રંથાવલિ
  ○ સૂરદાસ
  ○ કુંભનદાસ
  ○ પરમાણંદદાસ
  ○ કૃષ્ણદાસ
  ○ છીતસ્વામી
  ○ નંદદાસ
  ○ ગોવિંદસ્વામી
  ○ ચતુર્ભુજદાસ
(૪) પુષ્ટિ પદારથ સબ કોઉ જાનો
(૫) પુષ્ટિ-નિકુંજ-કથા
(૬) અષ્ટસખા
(૭) સૂરદાસ, પ્રભુ દરસ તુમ્હારો
(૮) ગુજરાત-સૌરાષ્ટ્રની બેઠકો

વેદકથા સાહિત્ય

(૧) વેદકથા
(૨) વેદોપનિષદ-કથાઓ
(૩) વેદકથા-વિસ્તાર (?)

પ્રાપ્તિસ્થાન
પ્રવીણ પ્રકાશન પ્રા. લિ.
લાભ ચૅમ્બર્સ, મ્યુ. કૉર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ.

---

૧. ‘‘વાહ રે મેરો સુન્દર!’’

“દેખી ગદર હિત સાહિબી, દિલ્હી નગર મસાન,
છિનહીં બાદસા - બંસકી ઠસક છોરી રસખાન.”

ખાનાખરાબીનો શણગાર ઓઢીને હીબકે ચડેલા દિલ્હીની વેરાન ગલીઓમાં છ ફૂટ ઊંચો, લાલઘૂમ આંખો, એ આંખોમાં તબાહીનું કાજળ કંડારી, સૈયદ વંશનો એક અલગારી, મસ્તમિજાજ પઠાણ હતાશ હૈયે ઘૂમી રહ્યો હતો. એનું નગર સૂમસામ હતું, કેમ જાણે ઢૂંઢિયો રાક્ષસ આખાય દિલ્હીનગર ઘર ઘૂમી વળ્યો ન હોય! રસ્તા પર વેરવિખેર લાશોના ઢગ, લૂંટાયેલાં ઘરેણાંઓના અવશેષો - ફાટેલાંતૂટલાં વસ્ત્રો, ફૂટેલાં માટલાંઓ, સુરાહીઓ, ધન-ધાન્ય બધું જ અસ્તવ્યસ્ત, વેરવિખેર દશામાં અથડાતું, અટવાતું પડ્યું હતું... પઠાણની આંખોમાંથી વેદનાનાં આંસુ વહી રહ્યાં હતાં. કાળજાના કટકા થઈ રહ્યા હતા...

જે આંખો ચશ્મે બદ્દૂર સૌંદર્યના જામ પળેપળે પીતી રહેતી હતી, સૌંદર્યના ખુદાએ બક્ષેલા જામને, એ પિયાલીને નેત્રો દ્વારા હૈયામાં ઘટઘટ ઉતારતી હતી એ પિયાલીને, સૌંદર્યની ક્ષણેક્ષણને છિન્નભિન્ન થઈ તૂટી જતી આજે એ લબરમૂછિયો પઠાણ જોઈ રહ્યો હતો.

થરથર કાંપતું બદન, હિજરાતું કવિહૃદય આ જ સૂમસામ વેરાનિયતનો પાલવ ઓઢીને સૂતેલી ચાંદની ચોકની ગલીના નાકે આવેલી હવેલીના ઝરૂખે પંદર દિવસ પહેલાં - ખુલ્લા વાળ, અણિયાળી નશીલી આંખો અને રેશમી વસ્ત્રોમાં એની કમનીય ગુલે ગુલઝાર રૂપકડી કાયાના દિદાર કરતાં ગાઈ ઊઠ્યું હતું :

“તોરિ માનિની તેં હિયો, ફોરિ મોહિની માન,
પ્રેમદેવકી છબિ હિ લખ, ભયે મિયાં રસખાન.”

સૌંદર્યના ઉપાસક - આશક એ દિવસથી રસખાન બની ગયા હતા. આજે એ માનિનીને, એ મોહિનીને, સૌંદર્યને ઢૂંઢી રહ્યા હતા.

શાહીવંશના એ પઠાણ નબીરાનું મૂળ નામ ઈબ્રાહીમ. બચપણથી જ એની આંખો સમગ્ર વિશ્વમાં ખુદાતાલાએ બક્ષેલા રૂપને, સૌંદર્યને ઢૂંઢતી રહેતી ખુદાતાલાની આ ખલક પ્રેમરસથી પાવક બનેલું - ભરેલું રસપૂર્ણ જલાશય હતું... ખળખળ વહેતી જલધારાઓ, નાચન્તાં-કૂદતાં ઝરણાંઓ, આકાશમાં પાંખો ફફડાવતાં, મીઠા કલરવથી ધરતી, આકાશ અને માનવીના હૈયાને તરબતર કરતાં ઊડતાં પંખીઓ, લીલાંછમ વનાંચલો હવાની ફરફરના પરિણામે હલતાં, ડોલતાં પર્ણોનો મર્મર, વનાંચલોની કેડીઓમાંથી પાંગરેલી વનસંસ્કૃતિને - બ્રહ્માંડના એક ગ્રહની પરમાત્માએ-ખુદાતાલાએ-બક્ષેલી એક અનોખી સોગાદ રૂપે યુવાન કવિ રસખાન હંમેશાં એમની કવિતાઓમાં એમના શબ્દોમાં - ખુદાનો શુક્રગુજાર બની વધાવતા - પ્યાર કરતા પ્રેમની - સૌંદર્યની - કવિતાની અનોખી શબ્દછબીઓ પાડતા દિલ્હીની ગલીઓમાં, મહોલ્લાઓમાં, ચૌરાહાઓમાં મસ્તીથી ઘૂમ્યા કરતો હતા.

દિલ્હીની માનુનીઓનું, દિલ્હીની ગલીઓ, દિલ્હીના મસ્જિદ-મિનારાઓમાંથી સુંદરતાના ઘૂંટ પીતું આ નગર આ ક્ષણોમાં સિસકતું હતું, મૃતપ્રાય: બની કણસતું હતું.

સંવત ૧૬૩૦નો સમય મોગલ બાદશાહીનો ઊગમકાળ હતો. મોગલ બાદશાહ બાબરે થોડાં વર્ષો પહેલાં જ ભારત પર આક્રમણ કરીને ઈબ્રાહીમ લોદીને હરાવી દિલ્હીનું તખ્ત કબજે કર્યું હતું. પાણીપતના એ ભયંકર યુદ્ધનાં પરિણામો પણ એટલાં જ બિહામણાં હતાં. ઈસ્લામનો ઝંડો ફરકાવતા ભારતદેશ પર ધસી આવેલા બાબર બાદશાહે અનેક હિંદુ મંદિરોનો ધ્વંસ કરી, ભારતીય દેવદેવીઓની મૂર્તિની ભાંગફોડ કરી ભારતીય પ્રજામાં ડરની એક હવા ફેલાવી દીધી હતી. અયોધ્યાના પુરાણપ્રસિદ્ધ રામમંદિરનો ધ્વંસ કરી એનાં ખંડેરો પર મસ્જિદ ચણી લાખો હિંદુઓનાં હૈયાંમાં નફરતની આગ પ્રજ્વલિત કરી હતી. દુભાયેલાં એ હૈયાંમાંથી ઊઠેલી નફરતની એ આગે બાબરના એકના એક દીકરા હુમાયુને અસાધ્ય રોગથી ઘેરી લીધો.

‘બદલો ભલા-બૂરાનો અહીંનો અહીં મળે છે’ એ કવિન્યાય પ્રમાણે બાબરનું પિતૃહૃદય જુવાન દીકરાની અસાધ્ય માંદગી સામે હલબલી ઊઠ્યું. એક પાક મુસલમાન સ્વરૂપે દીકરાની માંદગી સામે લાચાર બની બેઠેલા બાપે ખુદાનું શરણું લીધું. એક સાંજે નમાજ પઢી, એણે એની દિલની આરઝૂનું ખુદા સમક્ષ એલાન કરતાં સાચા પિતૃવત્સલ હૃદયથી પ્રાર્થના કરી: ‘હે ખુદાતાલા! મારા વહાલા દીકરાની જાનના બદલામાં તું મને આ દુનિયામાંથી ઉપાડી લે! મારાં વર્ષો હું મારા દીકરાની આયુરેખા પર કુરબાન કરી દઉં છું! મારો જાન લઈ, મારા દીકરાને જાન આપી દે, ખુદા! આટલી રહેમ કર!’

સાચા હૃદયની પ્રાર્થનાની કોઈ ભાષા હોતી નથી. હોય છે ફક્ત પ્રેમ, આસક્તિ, સ્વચ્છ કોમળ હૃદય અને એ ભાષાહીન હૃદયનું પાક એલાન, પ્રાર્થના-દ્રવિત વાણી, ખુદા કે ઈશ્વર, આ ખલકનો ખિદમતગાર બ્રહ્માંડના કોઈ પણ ખૂણે બિરાજતો હોય ત્યાં એ વાણી, એ આરઝૂ એને સંભળાય છે. બાબરની વાણીના પડઘા ખુદાને પણ સંભળાયા, એના કાને પણ પહોંચ્યા... અને હુમાયુ પથારીમાંથી થોડા દિવસમાં સાજોનરવો થઈ બેઠો થયો અને બાબર કફન ઓઢી ખુદાના દરબારમાં ખુદાની ખિદમત કરવા પહોંચી ગયો.

તખ્તનશીન થયેલા હુમાયુને પણ શાંતિ નહોતી. અજંપાની આગમાં - દોસ્તો અને દુશ્મનો વચ્ચે એ ઘેરાયેલો હતો, ત્યારે જ શેરશાહે દિલ્હી પર આક્રમણ કરી હુમાયુને હરાવી રસ્તે રઝળતો કરી દીધો. શેરશાહ દિલ્હીનો - ભારતના આ પ્રદેશનો બાદશાહ થયો. બાબરના રાજ્યકાળ દરમિયાન રસખાનના પૂર્વજો દિલ્હીમાં સ્થાયી થયા હતા. શેરશાહની બાદશાહી લાંબી ન ટકી. હુમાયુ એના સાળા બહેરામખાં સાથે પૂરી લશ્કરી તાકાત સાથે દિલ્હી પર ધસી આવ્યો. શેરશાહની સલ્તનતનું પતન થયું. હુમાયુ ફરી દિલ્હીના તખ્ત પર આરૂઢ થયો. સાળાનું રાજ્ય ચાલતું હતું ત્યાં જ હુમાયુનું દાદર પરથી પડી જતાં મૃત્યુ થયું. રાતોરાત બાળક અકબરને ગાદીએ બેસાડી બહેરામખાંએ એની મુનસફી પ્રમાણે રાજ્ય ચલાવવાનું શરૂ કર્યું. એ અરસામાં હેમુ નામનો સરદાર દિલ્હી પર ચઢી આવ્યો. દિલ્હીમાં લૂંટફાટ આદરી.

ક્રૂરતાનું આ તાંડવનૃત્ય, અંદરઅંદરના ઝઘડાઓ અને તોફાનોનો એ કાળ હતો. આ કલહનાં - વિગ્રહનાં દૃશ્યો લાચાર યુવાન રસખાન પઠાણની આંખો સામેથી પસાર થતાં રહ્યાં અને એક સવારે સૂમસામ નગરની વેરાન ગલીમાં ભટકતા, ‘દિલ્હી નગર મસાણ’ એવા શહેરમાં ભટકતા રસખાનના ‘શાહીવંશ’નાં ગર્વ - અભિમાન ઊતરી ગયાં. આંતરવિગ્રહોએ રસખાનને હતાશ કરી દીધા. જિંદગીની નિરર્થકતા - જિંદગીની લાચારી - જિંદગીની ક્ષણભંગુરતા - રસહીનતાનો પૂરો પરિચય છેલ્લાં કેટલાંક વર્ષોથી આંતરવિગ્રહના નામે વહેતા રક્તપાતે રસખાનને કરાવી દીધો.

સૌંદર્યની શોધમાં જિંદગીની પળેપળને ખર્ચી નાખતા રસખાન ઓલિયા સૂફી સંત જેવા હતા, પ્રેમજીવી આત્મા હતા. એ જમાનાના 'પ્રેમમાર્ગી' કવિઓની મસ્તમજિજી સ્વતંત્ર કલમ જે રીતે સાહિત્યજગતમાં વિહરતી હતી, જેમાં કાવ્યરચનાનાં કોઈ બંધન નહોતાં, છંદ, લય, પંક્તિ બધું જ નિર્ભેળ કાવ્ય-અર્ક દ્વારા ઊભરતું હતું એ ઊભરતા-ઊછરતા સ્વચ્છંદી રીતિકાલીન કવિઓની જમાતના ધનાનંદ, આલમ, ઠાકુર અને બોધા જેવા કવિઓમાં રસખાનનું સ્થાન અગ્રસ્થાને જિંદગીની શરૂઆતનાં વર્ષોમાં જ સ્થિર થઈ ચૂક્યું હતું. આંખો રૂપને ઢૂંઢતી-ઢૂંઢતી ભારતીય વેદાંતી સાહિત્યની સાથેસાથે મહાભારત, રામાયણ અને શ્રીમદ્ ભાગવતની મહર્ષિ વ્યાસની સમાધિભાષામાં ડૂબતી રહેતી. અલબત્ત, એ કાળ દરમિયાન રસખાનની દૃષ્ટિ આજુબાજુના લૌકિક જગતથી હજી વિશેષ અલૌકિક જગત સુધી પહોંચી નહોતી. "તોરિ માનિની તે હિયો, ફોરિ મોહિની માન" સુધી - માનિની સુધી જ પહોંચી હતી, અને એ મિજાજની કાવ્ય-રચનાઓ યમુનાતટે બેસી, તો ક્યારેક મસ્જિદના મિનારા નીચે બેસી સર્જતા રહેતા. પરંતુ છેલ્લાં બે વર્ષ લોહિયાળ રક્તપાતે તો એની બધી જ લાગણીઓ ઠારી દીધી હતી. પળેપળે જીવ બળતો રહે, હૈયું હિજરાતું રહે, ત્યારે એની નજરે સર્વ સંદેહોનું, ઉત્પાતોનું, વિષાદોનું નિવારણ કરતા 'ભગવતા પ્રોક્તમ્' - ભગવાને જેનો ઉપદેશ આપ્યો છે 'ભગવત્ પ્રતિપાદકમ્' ભગવાનના સ્વરૂપ, ગુણ તથા લીલાનું નિરૂપણ જેમાં કરવામાં આવ્યું છે, ગોપીઓના વિરહવર્ણનથી ગોપીગીત, ભ્રમરગીત, યુગલગીત જેવી રચનાઓથી પ્રણયના આધ્યાત્મિક સ્વરૂપનું જેમાં લીલાવર્ણન છે અને જે સ્વયં જ 'ભગવત્ફલમ્' છે, શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ જેને 'નિગમકલ્પતરોર્ગલિત' અને 'પિબત ભાગવત રસમાલય' રૂપે આરાધ્યું છે તેવા શ્રીમદ્ ભાગવત રસમાલયને એમણે ફારસીભાષામાં વાંચવાનું શરૂ કર્યું. ગોપીઓના વિરહવર્ણને એમના હૃદયને દ્રવિત કરી દીધું. અને બેહાલ દશામાં એ ગોપીઓના વિરહભાવ સાથે કોઈક એવા અમૂર્ત સ્વરૂપની - સૌંદર્યની શોધમાં દિલ્હીની ગલીઓમાં નીકળી પડ્યા. પરંતુ આંખો સામેની ભૌતિક સર્વનાશની યથાર્થતાએ પઠાણ યુવાનની સંવેદનાઓ પર બરફની હિમશિલાઓ એવી તો ખડકી દીધી હતી કે હૈયું, હાડ અને બુદ્ધિ થીજી ગયાં હતાં. માનવતા, લાગણી જેવી વસ્તુઓથી પર "સબ સબકી સમાલો, મૈં મેરી સમાલતા હૂં"-ની સ્વાર્થી, નિજી ભાવનામાં એ કાળનો માનવી ભયભીત બની જીવતો હતો. કવિતાની જગ્યાએ કાળોતરીનો સર્જનકાળ હરેક સંવેદનશીલ હૈયા માટે હતો.

એક સવારે ફરતા-ફરતા એ હિંદુ લત્તામાં આવી ચઢ્યા.

આંખો સામે આટલી ત્રસ્ત પરિસ્થિતિમાં પણ રસખાને હિંદુ સ્ત્રીઓને એ જ

એમની મસ્તીમાં ગુંજતી, કામ કરતી, વાર્તા કરતી જોઈ, ભય જેવી વસ્તુને દેશવટો આપી દીધો હોય તેમ અહીંની સ્ત્રીઓ, પુરુષો, બાળકો, વૃદ્ધો બધાં નિશ્ચિંત મને એમનું જીવનકાર્ય કરી રહ્યાં હતાં એનું એમને આશ્ચર્ય થયું.

રસ્તે ચાલતા, આંખો ઘુમાવતા રસખાનની નજર બેહાલ બસ્તીમાં હજી અડીખમ ઊભેલી કોઈક માલેતુજાર હિંદુ શાહુકારની હવેલીના ગવાક્ષ પર પડી અને એમનાં ચરણ સ્થિર થઈ ગયાં, આંખો સ્થિર થઈ ગઈ, હૃદયનો એક ધબકાર ચુકાઈ ગયો હોય એવું રસખાનને એક ક્ષણ પૂરતું લાગ્યું. આંખોની સાથે હૃદય પણ ગવાક્ષ તરફ ખેંચાયું અને હૈયું છેલ્લા કેટલાક સમય પછી પહેલી વાર પ્રસન્નતાની લાગણી અનુભવી રહ્યું હોય એવું લાગ્યું. '*તુંહિ બસ તુંહિ તુંહિ તુંહિ..*'ના શબ્દો સાથે હૈયાના ધબકારા વધી ગયા. સમગ્ર ઉરતંત્ર ઝણઝણી ઊઠ્યું. આવું અગાઉ એક વાર બન્યું હતું, જ્યારે પ્રથમ વાર પેલી 'માનિની'ના સુંદર ચહેરાનાં દર્શન એમને થયાં હતાં. એક મીઠો ઝંકાર એ વખતે ઉરને આંગણે ઊઠ્યો હતો.

આજે હવેલીના ગવાક્ષમાં ત્રણ-ચાર વર્ષના, વાંકડિયાં જુલ્ફાંમાં નિર્દોષ આંખોમાંથી વહાલપનાં વારિ વહાવતા, મીઠી મુસ્કાન વેરતા, સહજ શ્યામવર્ણા એવા બાળકને જોઈ રસખાનના હૈયાના અજાણ ખૂણેથી અણચિંતવી સ્નેહધારા વહેવા માંડી. એકીટશે રસખાન નિષ્પલક નયને, દાસીની ગોદમાં એની સામે એના નાનકડા હાથ ઉછાળતા, મીઠુંમીઠું હસતા ઊંચે-નીચે પગ ઉછાળતા શિશુને જોઈ રહ્યા. નાનકડા બાળકે પણ લઘરવઘર વેશમાં, બિહામણી આંખોવાળા રસખાન તરફ નજર નાંખી અને રસ્તા પરથી એની સામે જોઈ રહેલા રસખાન તરફ હાથ ઉછાળતાં ખિલખિલાટ હસવા માંડ્યું અને એના જમણા પગના અંગૂઠાને હાથમાં લઈ ચૂસવા માંડ્યો. સમગ્ર વાતાવરણમાંથી ઘણાં વર્ષો પછી પ્રસન્નતાનાં છાંટણાં આ નગર પર, ધરતી પર, ખુદ રસખાનના હૈયા પર છંટાવા માંડ્યાં. રસખાનના હૈયામાં ઘેલછા પ્રસરી ગઈ. અંતરમાંથી બસ સતત 'તુંહિ તુંહિ તુંહિ'નું રટણ જ ઝર્યા કરતું હતું. નજર સામે '*કરારવિન્દેન પદારવિન્દં મુખારવિંદે વિનિવેશયન્તમ્ વટસ્ય પત્રસ્ય પુટે શયાનમ્*'—નું શ્રી બાલમુકુંદજીનું સ્વરૂપ નર્તન કરવા માંડ્યું. ભાવવિભોર બની - ગવાક્ષમાં દાસીની ગોદમાં રમતા બાળકના ઊંચા-નીચા થતા હાથ જોતાં જ રસખાનના મુખમાંથી પંક્તિઓ સરી પડી:

"યા છવિ પૈ રસખાનિ, અબ બારૌ કોટિ મનોજ ।
જાકિ ઉપમા કવિન નહિ પાઈ રહૈ સુ ખોજ ॥"

"અરી સખિયાં, યે બાલક મુઝે બડો પ્યારો લગે! યહીં લેકે આઈઓ."

રસખાને હાથ ઊંચો કરી ગવાક્ષમાં બાળકને લઈને ઊભેલી યુવતીને કહ્યું.

દાસી ચમકીને ઓઝપાઈ ગઈ, થોડીક ગભરાઈ પણ ગઈ. શાહી ખાનદાનનો કોઈક યવન લાગ્યો. એણે ઝડપથી એની સાડીનો પાલવ નાનકડા બાળક પર ઢાંકી દીધો અને ઝડપથી અંદરના ખંડમાં ચાલી ગઈ.

રસખાન નિરાશ થઈ ગયા.

હિંદુ શાહુકારની હવેલીના બંધ દ્વારને જોતા ઊભા રહી ગયા. ચરણ આગળ ચાલવાની મનાઈ કરતાં હોય એમ જમીન પર સ્થિર થઈ ગયાં.

મહોલ્લામાં હવેલીની સામે જ વડનું ઝાડ હતું.

ઝાડના થડની વર્તુળાકારે મહોલ્લાવાસીઓએ બનાવેલા ચોતરા પર રસખાને જમાવ્યું એની લાલઘૂમ આંખો હવેલીનાં બંધ દ્વાર પર સ્થિર હતી. ગવાક્ષની બારી પણ બંધ થઈ ગઈ હતી.

રસખાન મનોમન થોડીવાર પહેલાં નિહાળેલા બાળકના ચહેરાને યાદ કરતા, કશુંક ગણગણતા, હવેલીનું દ્વાર, ગવાક્ષની બારી ખૂલે એની રાહ જોતા બેઠા.

સવારનો યમુનાતટે ઊગેલો સૂરજ આકાશે ચઢ્યો ત્યારે મધ્યાહ્નનો સમય થઈ ગયો. યુવાન યવન રસખાન તો નિરાંતે ઓટલે બેઠા-બેઠા દ્વાર ખૂલવાની પ્રતીક્ષા કરતા હતા.

“અરે, મેરે ભોલે નન્હે બાદશાહ! તેરે દિદાર તો કરા દે!” રસખાન તંદ્રાવસ્થામાં ઉપરનું વાક્ય અવારનવાર બોલ્યે રાખતા હતા. મહોલ્લાના પસાર થતા માણસો આ વિચિત્ર માણસને ચોતરા પર બેઠેલો જોઈ આશ્ચર્ય અનુભવતા પસાર થયે જતા હતા. રસખાનનો પહાડ જેવો કદાવર દેહ, લાલઘૂમ આંખો, કરડાકીભર્યો ચહેરો જોઈ કોઈ એને વતાવતા નહોતા, પરંતુ અંતરમાં છાને ખૂણે સૂરજમલ શેઠની હવેલી સામે ‘અહેલી દ્વારિકા’ કરીને બેઠેલો જોઈ ગભરાઈને મહોલ્લાના પ્રતિષ્ઠિત શેઠની ચિંતા કરતા હતા.

સારાયે શહેરમાં બહેરામખાંની ધાક ઘણી હતી. રસખાન એનો સગો હશે, એમ માની મહોલ્લાના લોકો વધુ પડતી લપ્પનછપ્પન કર્યા વગર બાજુમાંથી પસાર થઈ જતા.

ગવાક્ષની બારી ખૂલવાનો અવાજ આવ્યો. રસખાનની આંખો અને કાન સતર્ક થઈ ગયા. બારી ખૂલતાં જ કાંખમાં બેસાડેલા બાળકને પાલવથી ઢાંકી દેતી દાસીએ, એની પાછળ આવીને ઊભેલા આધેડ વયના એક જાજરમાન, રત્નજડિત આભૂષણોથી શોભતા શાહુકાર શેઠને વટવૃક્ષની છાયામાં ચોતરા પર બેઠેલા અલગારી અલ્લડ યવન રસખાનને બતાવ્યો. શાહુકાર, અસ્તવ્યસ્ત વસ્ત્રોમાં, એકીટશે હવેલી સામે નજર માંડીને બેઠેલા પઠાણને જોઈ વિચારમાં પડ્યો. રસખાનના કરડા ચહેરા પર આ ક્ષણોમાં *‘મૃદુનિ કુસુમાદપિ’*ની લાગણીની લહર ફોરતી હતી. આંખોમાં ન તો વિકાર હતો કે ન તો કોઈ લુચ્ચાઈનું ઝેર અણજાણ યુવાન પઠાણની આંખોમાં શાહુકારને હેતનાં - વાત્સલ્યનાં ઝરણાં ફૂટતાં દેખાયાં.

ગવાક્ષની બારી ખૂલતાં જ રસખાન ચોતરા પરથી ઊભા થઈ હવેલી તરફ ધસી ગયા. રસ્તા પર ઊભાં-ઊભાં જ એમણે શાહુકારને બૂમ પાડી:

“અરે, શેઠજી! મોકો પહચાન! મૈં રસખાન! મોકે તેરે લાલન કો દિદાર કરા દે, મેરે યાર! તોકો બાલક મુઝે બડો પ્યારો લગે!”

શાહુકાર સૈયદ વંશના શાહી પરિવારના અલબેલા ‘ઈશ્કે મિજાજી’ શાયરને ઓળખી ગયો... પ્રેમઘેલછામાં સદાય વ્યસ્ત રહેતા શાયર પર એને દયા ન આવી, દિલ્લગી થઈ. ‘પ્રણય’નું નિતાંત શુદ્ધ સ્વરૂપ આ પળોમાં રસખાનમાં સોળે કળાએ ખીલી ઊઠ્યું હોય એવું શાહુકારને લાગ્યું.

“રસખાનજી, મૈં આયો” કહેતો શાહુકાર દાસીના હાથમાંથી બાળકને લઈ સડસડાટ દાદરો ઊતરી હવેલીનું મુખ્ય દ્વાર ખોલી બહાર આવ્યો. બારણું ખૂલતાં જ રસખાન ધસી આવ્યા. અને શાહુકારના ખભે માથું ઢાળેલા બાળકના ગોરા ગાલ પર એની બરછટ આંગળીઓ ફેરવતાં બોલી ઊઠયો: “અરે, મેરે ભોલે નન્હે બાદશાહ! મૈં તો વારી જાઉં, તેરે કાલે કાલે જુલ્ફોં પેં, તેરી છોટી છોટી આંખોંપે, તેરે કોમળ બદન પે! અરે, શેઠજી, કયા બતાઉં, તેરો યે લાલન તો કીતનો સુંદર હૈ, કીતનો સુંદર હૈ, કી બાત હી નહીં! મૈં તો એક હી બાત કહુંગો: *સઘન ઘનઘેર જે રસ બરસ્યૌં રસખાનિ!* આજ મેરે તનમન સે બસ પ્રેમકો રસ હી બરસ્યો હૈ તેરે યે લાલન પર! બેટા, તેરો નામ કિયો?”

“છું..દ..ર..” નાનકડો બાળક એની કાલીકાલી ભાષામાં બોલી ઊઠ્યો.

“વાહ રે મેરો સુંદર!” કહેતાં રસખાને શાહુકારના હાથમાંથી બાળકને લઈ એના વિશાળ સીનામાં લપેટી લીધો.

૨. 'સુનિયૈ સબકી કહિયે ન કછુ રહિયૈ'

શાહુકારની હવેલીમાં હાહાકાર થઈ ગયો. શાહુકારની પત્નીને દાસીએ સમાચાર આપ્યા:

"શેઠજી આપણા સુંદરને કોઈક મેલાંઘેલાં કપડાંમાં સજ્જ એવા પાગલ જેવા પઠાણ પાસે લઈ ગયા!"

"શું કહ્યું? પઠાણ પાસે - યવન પાસે લઈ ગયા? અરે, દોડ, દાસી! રોક તારા શેઠને! મારા દીકરા પર નજર નાંખીને સવારથી બેઠેલો એ યવન ક્યાંક જાદુટોના કરતો નજૂમી ન હોય! ગાંડોઘેલો, વિચિત્ર લાગતો દરવેશ ન હોય! ફકીર, ઓલિયો પીર ન હોય!" કહેતી શાહુકારની પત્ની હવેલીનો દરવાજો વટાવતી રસ્તા પર આવી પહોંચી અને હેબતાઈ ગઈ.

પેલો લઘરવઘર, દીવાનો યવન એના સુંદરને એની વિશાળ છાતીમાં ઢબૂરી દેતો, નાનકડા ગોરા ગાલ પર ચુંબનોની ઝડી વરસાવતો, વિરહી હૃદયનાં આંખોમાંથી વહેતાં અશ્રુજળથી એના દીકરાને ભીંજવી દેતો "બસ તુંહિ તુંહિ તુંહિ હૈ મેરે દિલદાર, મેરી જાન, મેરો લાલન, મેરો જિગર કો બાદશાહ! મૈં તો તેરો ગુલામ, તૂ મેરો માલિક!" બબડતો હતો.

"અરે, અરે! આપ યે ક્યા કર રહે હૈં!" શાહુકારની પત્ની બેબાકળા સ્વરે બોલી ઊઠી. એની આંખોમાં ભયના ઓળા ઘૂમી વળ્યા, ચહેરા પર ગુસ્સાની લાલિમા પ્રજ્વળી ઊઠી. એણે ધસી જઈને બળપૂર્વક સુંદરને રસખાન પાસેથી લગભગ ઝૂંટવી લીધો.

શાહુકાર એની પત્નીના હૈયામાં માતૃત્વના છલકતા જામને મરકમરક સ્મિત વેરતો જોઈ રહ્યો.

"અરે, તમે તો હસો છો! કંઈ ભાન છે? મારા લાડલાને આમ સાવ અજાણ્યા યવનને સોંપી દેવાતો હશે? અરે, સરદાર, તમે અહીંથી જાઓ! આ તમારી મોટી બિહામણી આંખો, વેરવિખેર માથાનાં ઝટિયાં... ઘોઘરો અવાજ મારા બાળકને ગભરાવી મૂકશે! જાઓ, અહીંથી જાઓ!" શાહુકારની પત્ની દીકરાને છાતી સરસો ચાંપતી, સાડીનો પાલવ દીકરા પર ઢાંકી દેતી રસખાનને જાકારો દેતી બોલી ઊઠી.

રસખાન તો એની એ જ મસ્તીમાં ઝૂમતા, મા અને બાળકના મિલનને જોતા રહ્યા. આગલી સાંજે જ ફારસી ભાષામાં અનૂદિત 'શ્રીમદ્ ભાગવત'ના દશમસ્કંધનો 'જોગીલીલા'નો પ્રસંગ વાંચ્યો હતો તે એમને યાદ આવી ગયો...

ગોકુલમાં નંદોત્સવ ઊજવાઈ રહ્યો હતો.

કૃષ્ણજન્મના ઉત્સવે ગોકુલને ઘેલું કર્યું હતું. સ્વર્ગમાંથી દેવતાઓ વ્રજભૂમિ પર *'નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલકી'*ની ધૂન ગજાવતા ગોકુલને ગોંદરે નંદાલયમાં ઘૂમી રહ્યા હતા ત્યારે કૈલાસધામથી મહાદેવજી પણ *'ડમરુ ત્રિશૂલ હાથ બિરાજે, અલખ જગાયો તેરી નગરી મેં'* કરતા શ્રીકૃષ્ણનાં દર્શન કરવા ગોકુલમાં નંદરાયજીના દ્વારે આવીને ઊભા રહી ગયા અને *'મૈં જોગી જસ ગાયા, બાલા, મૈં જોગી જશ ગાયા'* કરતા *'મૈયા મોરી, તેરો લાલન તો મેરો મીઠો મદન ગોપાલ હૈ! મો કે દર્શન કરા દે મૈયા!'* કરતા મહાદેવજીએ જશોદામૈયાને વિનંતી કરી.

જશોદામૈયા તો *'અંગ ભભૂતિ ગલે મૃગ છાલા શેષનાગ લટકાયો હે રી'* કરતા મહાદેવજીનું સ્વરૂપ જોઈ ગભરાઈ ગયાં અને નાનકડા નંદકિશોરને સોડમાં ઢબૂરી, પાલવમાં ઢાંકી, નંદાલયના અંદરના ઓરડામાં *'મેરો ગોપાલ ડરાયો હે રી'* કરતાં ઘૂસી ગયાં હતાં.

આ પળોમાં રસખાનને પણ આવો જ અનુભવ થઈ રહ્યો હતો. ગાતા બાળકને એની સોડમાં લપાવતી હવેલીમાં જઈ રહી હતી, ત્યારે રસખાન આર્દ્ર સ્વરે બોલી ઊઠ્યા: "અરે મૈયા, મોકે તેરો કુંવર બડો પ્યારો લગે! મોકે દિદાર કરા દે, મૈયા! યે તેરો બાલક તો મેરો નન્હો બાદશાહ! મૈં તોકો ગુલામ હો જાઉં મેરી અમ્માજાન! મૈં તો ખવાસી કરૂંગો તેરે લાલનકી!"

આંખોમાંથી અનર્ગળ આંસુની ધારા વહેવા માંડી. બાળકની માતાને પણ પડછંદ કાયા ધરાવતા, પાષાણ જેવા એક મરદ માણસને સાવ નાના બાળકની જેમ

આંખમાંથી આસું વહાવતો જોઈ આશ્ચર્ય થયું.

"ભાગ્યવાન! આ તો આપણા રસખાનજી છે! કવિજીવ છે! આપણા બાળક પ્રત્યે એમને લાગણી જન્મી છે, પ્રેમ થઈ ગયો છે! આ પ્રેમ ક્યાંથી ક્યારે થઈ જાય છે, એની કોઈને ખબર પડતી નથી. એ તો આપણા હૃદયમાં વસતા પરમાત્માની પરમ કૃપાનું - આજના ત્રસ્ત, વ્યસ્ત માનવીને જીવતા રાખવાનું કાનુડાના હૈયામાંથી પ્રગટ થઈ વહેતું ઝરણું છે. તું નિશ્ચિંત રહે. રસખાનજીના પ્રેમમય જગતમાં એ સલામત છે." શાહુકાર પત્નીના માથે હાથ મૂકતો બોલી ઊઠ્યો.

એક બાજુ શાહુકાર એની પત્નીને રસખાનથી નિર્ભય કરી રહ્યો હતો, ત્યારે રસખાનજી તો 'હીરલો લાગ્યો હાથ'ની મસ્તીમાં બાળકને નીરખતા, નાચતા શાહુકારના પગનો અંગૂઠો ચૂસતા બાળકમાં જ કોઈક અણદીઠ્યા અવિનાશી અમૂર્ત સ્વરૂપમાં એમના પદનો લય સાંધતા ગાતા હતા અને -

'ચરન ગહે અંગૂઠા મુખ મેલત
નંદ-ઘરનિ ગાવતિ હલરાવતિ,
પલના પરિહરિ ખેલત'

એવાં દર્શન કરતા રસ્તા પર ઝૂમતા હતા.

શાહુકારની પત્નીમાં થોડીક હિંમત આવી. ગોદમાં રમતા નાના બાળકને એણે રસખાનજીના બાહુમાં હળવેકથી મૂક્યો.

રસખાનજી ખુશખુશ થઈ ગયા.

નાનકડો બાળક પણ રસખાનજીની દાઢીના વાળ ખેંચતો રહ્યો, હસતો રહ્યો.

"અરે, રસખાનજી, હવેલી મેં પધારિયે ઔર આરામસે હમારે સુંદર કે સાથ હમારે દીવાને ખાસ મૈં બૈઠકે ખેલિયે." - શાહુકારે રસખાનજીને એની હવેલીના દીવાનખાના તરફ દોરી જતાં કહ્યું.

"અરે, શેઠજી, ખુદા ખૈર કરે - આપકા શુક્રગુજાર હૂં! મારી પ્રસન્નતા, મારાં સુખચેન જે છેલ્લાં કેટલાંય વર્ષોથી આ લડાઈમાં, સત્તાની સાઠમારીમાં ગુમાવી બેઠો હતો, મારા હૃદયમાંથી વહેતાં કાવ્યઝરણાં ખોઈ બેઠો હતો, આનંદની ક્ષણો કાળની ગતિમાં ડુબાડી ચૂક્યો હતો એ આનંદની, પ્રસન્નતાની પળો આ મારા છોટે બાદશાહના દિદાર કરતાં મેળવી રહ્યો છું. મારાં કાવ્યોની પદાવલિઓ પાછી પ્રાપ્ત કરી રહ્યો છું. પાણીપત થઈ ગયેલા આ જિંદગીના મેદાન પર હવે આ નન્હા મુન્ના બાળકની ખિદમતમાં હું નવું જ ગોકુળ, વનરાવન વસાવી પ્રેમની પાદશાહત ખીલવીશ." રસખાનજી ગાંડીઘેલી પણ હૃદયની વાણી બોલતા સૂરજમલ શેઠની હવેલીમાં પ્રવેશ્યા.

દીવાનખાનામાં બાળક સુંદર અને બાવરા રસખાનજી વચ્ચે રમતની રમઝટ સારી જામી ગઈ. સુંદર પણ એના દાઢીધારી દોસ્ત સાથે હળી ગયો અને આખા ખંડમાં દોડાદોડી કરવા માંડ્યો. રસખાનજી એને પકડવા જાય, બાળક સુંદર બારણાની પાછળ સંતાઈ જાય. નિર્દોષ રમતની સરલ જુગલબંધી જામતી રહી, ત્યાં જ અંદરથી શાહુકારનો અવાજ રસખાનજીને કાને પડ્યો:

"રસખાનજી, ભોજન તૈયાર છે. તમારા નાનકડા દોસ્ત સાથે ભોજનખંડમાં તશરીફ લાવો."

સુંદર રસખાનજીની આંગળી પકડી ભોજનખંડમાં આવ્યો એટલે માતાએ પ્રેમાવેશમાં એને પકડી લીધો. એને ગોદમાં લઈ, ભોજનખંડમાં એના પિતાના આસનની બાજુમાં બેસાડ્યો. પિતાપુત્રથી થોડાક અંતરે રસખાનજી મોઢું ધોઈ સ્વચ્છ થઈ એમની બેઠક પર બિરાજમાન થયા. રસખાનજીના હૈયામાં એક ક્ષણ પૂરતો રંજ થયો : હિંદુ અને મુસલમાન વચ્ચેનું અંતર બન્ને વચ્ચેની બેઠકના અંતરમાં સ્પષ્ટપણે ઊપસી આવ્યું હતું.

શાહુકારની પત્નીએ ભોજનથાળી લઈને યથાસ્થાને મૂકી.

"*ઓમ્ સહનાવવતુ, સહ નૌ ભુનક્તુ સહવીર્યં કરવાવહૈ*" એ શ્લોકના પઠન સાથે ભોજન આરોગવાનું શરૂ થયું.

રસખાનજી કઠોપનિષદના આ સુંદર શ્લોક - 'સાથે મળીને ભોગ પ્રાપ્ત કરો, સાથે મળીને પુરુષાર્થ કરો...'ની વિશાળતાની ભાવનાને વંદન કરતાં - કરતાં બે થાળીઓ વચ્ચેના અંતરની વ્યથા અનુભવી રહ્યા હતા, ત્યાં જ શાહુકાર પિતાની બાજુમાં બેઠેલો સુંદર એની થાળી લઈને દોડતો રસખાનજીના ખોળામાં જઈને બેસી ગયો અને થાળીમાંથી રોટલીનું બટકું લઈ રસખાનજીનું મોઢું ખોલી, એમના મોઢામાં નાંખી દીધું અને સુંદર ખોળામાંથી ઊભો થઈ તાલીઓ પાડવા માંડ્યો.

"અરે... અરે... સુંદર..." માતા બોલતી રહી.

"વાહ, બેટા! પરોણાગત તો તેં દિલથી કરી હોં!" કહેતો પિતા હસી પડ્યો. રસખાનજી પણ હોંશમાં આવી બાળક સુંદરને કોળિયા ભરાવવા માંડ્યા.. અને મજા તો ત્યારે આવી જ્યારે રસખાનજીએ સુંદરના મોઢા પર, ગાલ પર, ચોંટેલું જૂઠણ

ખાવાનું શરૂ કર્યું.

સુંદરના ગાલ પર પ્રેમથી ચુંબન કરતા, જૂઠણ ખાતા રસખાનજી એવા તો ભાવવિભોર થઈ ગયા કે સુંદરનાં માતાપિતાની આંખોમાં હર્ષાશ્રુ વહેવા માંડ્યાં. એમના બાળક પ્રત્યેના અપાર પ્રેમની રસખાનજીની લાગણીએ એ દિવસથી હવેલીનાં શાહુકાર દંપતીનાં હૃદયના દ્વાર સદાને માટે ખોલી નાંખ્યાં.

એ દિવસથી રસખાનજી વહેલી સવારથી શાહુકારની હવેલીમાં આવી પહોંચતા અને સુંદરની સારસંભાળ રાખતા થઈ ગયા. શાહુકાર અને એની પત્નીને રસખાનજી જેવો રઈસ આદમી - 'શાહી કુટુંબનો નબીરો' - આમ નોકરની જેમ સુંદરને નવડાવવાથી માંડી જમાડવાનું, સુવડાવવાનું, રમાડવાનું કાર્ય જરા પણ સંકોચ વગર કરે એનો ક્ષોભ થતો હતો, પરંતુ એ લાચાર હતાં. સુંદરતાના આશિક, નાનકડા બાળકની નિર્દોષતામાં સૌંદર્યનું ઈશ્વરીય તત્ત્વ ભાળી ગયેલા રસખાનજી સુંદરના ગોળમટોળ ચહેરા પાછળ, રતુંબડા ગાલ પર, ભૂરીભૂરી આંખો પાછળ, લાગણીભરી નિર્દોષ કાલીકાલી ભાષા પાછળ પાગલ થઈ ગયા. રાતદિન નટખટ નંદકિશોર શા બાળક પાછળ ઘૂમતા રસખાનજીને વ્યસ્ત જોઈ શાહુકાર એની પત્નીને કહેતો:

"ભાગ્યવાન, ઋષિ જેવા સાત્ત્વિક બ્રાહ્મણનું હૃદય ધરાવતા રસખાનજીનો જીવ, પેલા જડભરત ઋષિનો જીવ જેમ હરણના બચ્ચામાં ઓળઘોળ થઈ ગયો હતો, તેવું જ આ રસખાનજીનું થઈ ગયું છે. એક પળ પૂરતો પણ એ સુંદરનો કેડો છોડતા નથી. આપણા દીકરા સુંદરનું જૂઠણ ખાવામાં કેમ જાણે બ્રહ્માનંદનો સ્વાદ ન મળતો હોય એમ આનંદથી ખાતા દેખાય છે. આ ઉંમરે ખરેખર કવિ રસખાન આપણા બાળક પાછળ પાગલ થઈ ગયા છે!"

રસખાને બાળક સુંદરની આજુબાજુ એમની બધી જ મુરાદો, લાગણીઓ, સ્વપ્નો, શબ્દો - બધું જ ન્યોછાવર કરી દીધું હતું. રસખાન માટે અંતરમાં ઊભરતો પ્રેમ, સત્ત્વગુણ આત્માનું મૂલોપાદાન છે. બાળક સુંદર તો અંતરમાં ભાવ જગાડતું પ્રેમનું નિમિત્ત છે. અને જાગૃત ભાવ જ પ્રેમ છે, જે આ ક્ષણોમાં બાળક સુંદરમાં ચરમ શિખરે પહોંચ્યો હતો. જીવ શિવની આરાધના પછી દ્વૈતમાંથી અદ્વૈતની પરમ સીમાએ - કોટિએ પહોંચી ગયો હતો. પ્રેમની આ ઉચ્ચતમ કોટિની પરિસ્થિતિ હતી. અર્થાત્ માનવીના જીવનમાં પ્રણયની આ રસાનુભૂતિ જ આત્માનું અદ્વૈત સ્વરૂપ બની રહે છે અને દ્રવિત હૃદયમાંથી ખળખળ વહેતાં વિરહનાં ઝરણાંનાં આંસુઓથી એ સ્વરૂપ ભીંજાતું રહે છે. ચિત્તની આ અવસ્થા લૌકિક જીવોની સમજની બહારની વસ્તુ છે.

અને એટલે જ જ્યારે રસખાનના શાહી મહોલ્લાના લોકોએ એમનો જ જણ જ્યારે કાફિર લોકોનું જૂઠણ ખાતો થઈ 'કાફિર' થઈ ગયો એવી બુમરાણ મચાવી ત્યારે રસખાનજી ગાઈ ઊઠ્યા:

લોક વેદ મરજાદ સબ, લાજ કાજ સંદેહ,
દેત બહાયે પ્રેમ કરિ, વિધિ નિષેધ કો નેહ.

મોડી રાત્રે રસખાનજી સુંદરને સુવડાવી, એમની મસ્તીમાં એક વખત પાછા ફરતા હતા, ત્યાં જ એમના મહોલ્લાવાસીઓ એમને ઘેરી વળ્યા અને પ્રશ્ન કરી બેઠા:

"અબે, રસખાન! પાક મુસલમાન થઈ તું એક કાફિરના ત્રણ-ચાર વર્ષના છોકરાના મોઢામાંથી નીકળતું જૂઠણ ખાય છે? છી...છી...છી... તું તે કેવો મુસલમાન છો?"

જવાબમાં રસખાનજી એમનું પાગલ સ્મિત વેરતાં કહેતા:

"પ્રેમકી રીત ભલા આપ ક્યા જાનો?"

મહોલ્લાવાસીઓ એ રસખાનના બેફિકરા જવાબ પર ગુસ્સો કાઢતાં કહેતા:

"તું હિંદુ બાળકનું એઠું ખાઈ કાફિર થઈ ગયો છો! તેં તારા શાહી ખાનદાનની આબરૂના ધજાગરા ઉડાડ્યા છે. પઠાણ બચ્ચો એક બાળક પાસે આટલો લાચાર, પામર, પાગલ થઈ જાય?"

રસખાનજી એજ એમની મસ્તીમાં, હકીકતમાં દુનિયાના આ ડાહ્યા પાગલોને હસી કાઢતા, મનોમન એમના હૈયા સાથે સમાધાન કરતા બબડતા:

બિન ગુન જીવન રૂપ ધન, બિન સ્વારથ હિત જાનિ,
શુદ્ધ કામના તેં રહિત, પ્રેમ સકલ રસખાનિ.

અને એમની સૌંદર્યદૃષ્ટિની ક્ષિતિજો વિસ્તારતાં કહેતા:

"*રસો વૈ સ: /* હું તો પરવરદિગારની કૃપાના પ્રેમરસનો મતવાલો આશિક છું, પાગલ છું. મારી એ સૌંદર્યશોધના પરિણામે મને લાધી ગયેલા એ નિર્દોષ બાળકની મુસકાનના સૌંદર્યની એ રસાનુભૂતિને તમે પામર જીવો શું જાણવાના હતા? મારા હૃદયની પ્રેમભાવનાને, પ્રેમની ખોજમાં નીકળેલા આ પ્રેમભૂખ્યા ઈન્સાનની સૌંદર્યદૃષ્ટિને નાણવાવાળા તમે કોણ? કાફિર - યવન એ સિદ્ધ કરવાવાળા તમે કોણ? એ સિદ્ધ કરવાવાળો તો ક્યાંક કોઈક અજાણ ખૂણે બેઠો હશે. જેની રૂપનીતરતી કોમળ નિર્દોષ

બાળસહજ કાયા પર મેં મારી જાત ન્યોછાવર કરી નાંખી છે, જેની ભૂરીભૂરી આંખો પર મારી ભવાટવીની લાલ જાજમ પાથરી દીધી છે, જેની કાલીકાલી ભાષાએ મારાં રોમેરોમમાં વસતા અભિમાનને ઓગાળી પ્રેમરસનું અનોખું, અદ્વિતીય એવું દ્રાવણ બનાવી દીધું છે, એવો એ બાળક તો ખુદાનો ખેપિયો છે, એ મારી સનમ છે, મારી માશૂકા છે - મારા પ્રત્યેના અવિરત પ્રેમનો છલકાતો જામ છે. હું એના અધર ચૂમી એના પ્રેમનું પયપાન કરું છું. કદાચ તમારે મન એ જૂઠાણ હશે, તો મારે મન તો એ ખુદાતાલાનો એક પાક ઈન્સાનને પાઠવેલો મહાપ્રસાદ છે. બાળકના વાંકડિયા વાળમાં મારી કઠોર આંગળીઓ ફેરવું છું ત્યારે મહોબ્બતની મુલાયમતા શું છે એનું મને ભાન થાય છે. એ બાળકમાં રહેલી મારી નટખટ થનથન નાનકડાં ચરણ નચાવતી લાગણીના દિદાર કરું છું - મારી માશૂકાને, મારા ખુદાને પ્યાર કરું છું, એ ખુદાની પ્રેમભરી કરુણાસભર પ્રેમધારાને હું પેલા જૂઠણમાં આત્મસાત્ કરી રસાનંદની પ્રાપ્તિ કરું છું... તમને એની ખબર નહીં પડે. આ રસાનંદ માણવા માટે, જાણવા માટે પણ માણસ પાસે એક દૃષ્ટિ જોઈએ, જે દૃષ્ટિ દૃષ્ટિની બહારના જગતને જોઈ શકે."

રસખાનજીની અગડંબગડં વાણી પર ફિટકાર વરસાવતા, 'કાફિર હો ગયા... કાફિર હો ગયા..'ના નારા લગાવતા મહોલ્લાવાસીઓ વીખરાઈ જતા ત્યારે રસખાનના અંતરમાંથી બસ એક જ પંક્તિ લહર બની વાતાવરણમાં પ્રસરી જતી:

'સુનિયૈ સબકી કહિયે ન કછુ રહિયૈ...'

અને મૌનનો પરિવેશ ધારણ કરી રસખાનજી એમના શાહી મહેલમાં ઘૂસી એમની નિજી ધૂનમાં ખોવાઈ જતા.

૩. 'બસ વોહિ રૂપ મેરો મન ભાયો!'

મહમ્મદ પયગંબરસાહેબ મક્કામાં રહે, રાત પડ્યે મક્કાથી દૂર આવેલી એક ટેકરી પર જાય અને સવારે પાછા આવે ત્યારે કુરાને શરીફની બે-ચાર આયાતો એટલે કે મંત્રો કે સૂત્રો લઈ આવે અને લોકોને કહે:

"કહ અલ્લાહ એક હૈ,
અલ્લાહ બેનિયાજ હૈ.

અલ્લાહ એક છે, અદ્વિતીય છે, માટે રોજ પાંચ વખત એમને યાદ કર."

"તમને આમ કહેવાનું કોણે કીધું?" લોકો પૂછે.

"અલ્લાહતાલાની ઇચ્છા છે કે દરેક માનવી દિવસમાં પાંચ વાર તો એના સર્જનહાર ખુદાતાલાને યાદ કરે - નમાજ પઢે." પયગંબર કહે અને ફરી એક વખત ગંભીર સ્વરે કહે:

"અલ્લાહનો હુકમ છે."

આ અલ્લાહ કોણ છે, કેવા છે, ક્યાં વસે છે, કેમ અદૃશ્ય છે - લોકો ખુદા વિશે આવું વિચારે, પરંતુ લોકોના મગજમાં ઊતરે નહીં, કશું જ સમજવામાં ન આવે.

હઝરત મહમ્મદ પયગંબર પાસે બધા પહોંચી જાય અને પ્રશ્નોની ઝડી વરસાવે ત્યારે પયગંબર સાહેબ એક જ વાત કરે

"ઉસકો નિગાહેં નહી પા સકતી
ઔર વહ નિગાહોં કો પા લેતા હૈ
ઔર બારીક બીન ઔર બેખબર હૈ."

જે દૃષ્ટિનો વિષય નથી, જે પોતે દ્રષ્ટા છે, જે સૂક્ષ્મદર્શી છે એ વાત ભલે લોકો પછી સમજે, પરંતુ અલ્લાહનો હુકમ છૂટ્યો છે એટલું માને તો ધર્માચરણ તો શરૂ થઈ જાય. રસખાનજીનું પણ આવું હતું.

શાહી વંશના આ પઠાણને ખુદ સમજાતું નહોતું કે આ બધું શું થઈ રહ્યું હતું, કેમ થઈ રહ્યું હતું, વિશ્વના - અંતરના ખૂણેથી થઈ રહ્યું છે! એમને પણ એ સમજાતું નહોતું કે આવું શાને થાય છે. છતાં થઈ રહ્યું હતું. નાનકડા સુંદરને જોતાં જ એ વિહ્વળ - ઘેલા થઈ જતા હતા. એક નાનકડા બાલમુકુંદ શા બાળકના ગોળમટોળ ચહેરા પાછળ, રતુંબડા ગાલ પાછળ, ભૂરીભૂરી આંખો પાછળ, નર્યા લાગણીભર્યા નિર્દોષ સૌંદર્ય પાછળ રસખાનજી પાગલ થયે જતા હતા. એમના પાગલપણાને એ અલ્લાહનું એલાન માનતા. અલ્લાહની - ઈશ્વરની કોઈક આજ્ઞા માનતા. એ આજ્ઞા સુંદર નામના નિર્દોષ નટખટ બાળકની કાલીકાલી ભાષામાં જ પ્રગટ થતી અને એ પ્રગટ થતી કાલીકાલી ભાષાની આજ્ઞા એટલે જ ખુદાની ખુશ્બુદાર કૃપા, એવું કાંઈક એમના હૃદયમાં સ્થિર થઈ ગયું હતું અને આ ક્ષણો આનંદની પરાકાષ્ઠા સર્જતી.

એક વખત આવી જ ઘેલછાપૂર્ણ મનોદશામાં રસખાનજી દિલ્હીનગરના પાદરમાં આવેલી એક વાટિકામાં ઊગેલાં ગુલાબનાં પુષ્પોની મહેક માણવા ઉદ્યાનમાં પ્રવેશ્યા. થોડેક આગળ વધ્યા ત્યાં જ એમના કાન સરવા થઈ ગયા. ચરણ આગળ ગતિ કરતાં અટકી ગયાં. આંખો સ્થિર થઈ ગઈ.

બગીચાના એક ખૂણામાં વહેલી સવારે ગામડેથી હટાણે આવલા ચાર વૈષ્ણવો કપાળમાં તિલક, ગળામાં કંઠી, માથે ફરફરતી ચોટલી, દૂબળી-પાતળી કાયા અને ચારેબાજુ નજર ઘુમાવતા, સફેદ ધોતિયું, શ્વેત કફની, ખભે અંગરખા સાથે - બેઠા-બેઠા ભગવાનનું નામ લેતા કશુંક ગંભીર ચર્ચી રહ્યા હતા. ચારેય તિલક-ટપકાં-ધારી વૈષ્ણવોની નજર પણ એ બધાથી થોડેક દૂર મસ્તીમાં એમના તરફ આવી રહેલા કવિ રસખાનજી પર પડી. કદંબની છાયામાં ચોતરા પર બેસી પોતપોતાની ઝાંપીજીમાં, સેવા પૂરી થતાં, સેવ્ય સ્વરૂપોને પધરાવતા ચર્ચાને ચોતરે તેઓ જામી પડ્યા હતા.

રસખાનજી પેલા વૈષ્ણવજનોથી થોડેક દૂર ઊભા રહી, કુતૂહલભાવે વૈષ્ણવોની ચર્ચાના શબ્દો કાન પર ઝીલતા હતા.

“માણસની જિંદગીમાં આસક્તિ - વ્યસન ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે.’ એક વૈષ્ણવ બોલી ઊઠ્યો.

“અને આ વ્યસન - આસક્તિ એટલે પ્રેમની પરિપૂર્ણતા, પ્રેમની પરાકાષ્ઠા, માનવીય વૃત્તિઓ પરનો વિજય...” બીજા વૈષ્ણવ કાવ્યની કોઈક પાદપૂર્તિ રચતા હોય એમ બોલી ઊઠ્યા.

રસખાનજીને મજા પડી. વાતોમાં પ્રેમ, આસક્તિ, વ્યસન જેવા શબ્દો ઊછળતા હતા. સૌંદર્યપ્રેમી જીવ ઝૂમી ઊઠ્યો.

“પ્રેમની પરાકાષ્ઠા, પ્રેમની પરિપૂર્ણતા માણસને વ્યસનાસક્ત તો જરૂર બનાવે છે, પરંતુ સૌંદર્યની પરિભાષામાં વાત કરીએ તો *રસૌ વૈ સ:* એવા પરમાત્માના સ્વરૂપમાં જો મન, વચન અને કર્મ આસક્ત થઈ જાય, व्यसनं कृष्ण - चरणैकः राजलीला अभिधानतः । ભગવાનની રાજલીલા અર્થાત્ માહાત્મ્યલીલાનું સતત સ્મરણ કરવાથી જિંદગીની એકએક ક્ષણ જો કનૈયામાં, શ્રી ગોવર્ધનધરમાં સમર્પિત થતી ઓગળી જાય તો શ્રીકૃષ્ણનાં ચરણારવિંદમાં, શ્રી ગોવર્ધનધરની લીલામાં આસક્તિ થાય.” ત્રીજા વૈષ્ણવ આસક્તિ પરનું જ્ઞાન ઠાલવતા બોલ્યા.

રસખાનજીના હૈયામાં હલચલ સર્જાવા માંડી. અંતરમાંથી દુહો સરી પડ્યો :

“પ્રેમ ફાંસીમેં ફસી મરે,
સોઈ જીયે સદાહી,
પ્રેમ મરમ જાને બિના
કોઉ જીવત નાહિ.

પ્રેમ એ જ જીવન છે, પ્રેમ એ જ સંપત્તિ છે. તે વિનાનું ગમે તેટલું આદર્શ જીવન જ વ્યર્થ છે.”

રસખાનજી મનોમન એમના માંયલા સાથે પેલા ચારેય વૈષ્ણવોની ચર્ચાના દોરમાં, અનુસંધાનમાં ગોઠડી માંડી બેઠા હતા - પ્રેમની મીમાંસાની વાત માંડીને બેઠા હતા.

અચાનક એમની નજર બગીચાના પ્રવેશદ્વાર પર પડી. સમસ્ત અંગમાં પ્રસન્નતા વ્યાપી ગઈ. મસ્તમિજાજી - નિજાનંદી રસખાનજી આવેશમાં આવી બગીચામાં ઊગેલાં ગુલાબના ફૂલને તોડી, એમની ખરબચડી હથેળીમાં ગોઠવતા, ગુલાબની પાંદડીની ખુદા-દત્ત કોમળતાને હળવે હાથે હૈયાના હિંડોળે ઝુલાવતા, પાંખડીઓને રમાડતા - કશુંક ગીત ગુંજન કરતા બગીચાના પ્રવેશદ્વાર તરફ આગળ વધ્યા. બગીચામાં નોકર સાથે નાનકડો સુંદર એની મસ્તીમાં નાચતો, ઝૂમતો પ્રવેશી રહ્યો હતો. રસખાનજીની રતિ જેમાં સંપૂર્ણપણે આસક્ત થઈ હતી, એ બાળકને જોતાં “મેરે છોટે સરકાર! મેરે નન્હે બાદશાહ! મેરે પ્રાણાધાર!” બોલતા રસખાનજી એ દિશામાં આગળ વધે, ત્યાં જ

એમના કાને ચોથા વૈષ્ણવના શબ્દો પડ્યા:

"પ્રેમાસક્તિના પૂર્ણ સ્વરૂપનાં દર્શન કરવાં હોય તો જુઓ પેલા રસખાન! પેલા બાળક પાછળ ઘેલા થઈ, કેવા એને વહાલ કરવા, પ્રેમગોષ્ઠી કરવા, એની સમસ્ત લાગણીઓ સમર્પિત કરવા દોડી રહ્યા છે!"

રસખાનજીએ વૈષ્ણવમંડળી તરફ એક નજર કરી.

"હા, પણ આ જ રસખાનની આ દુન્યવી, લૌકિક આસક્તિ આ ક્ષણભંગુર બાળકના દેહમાં જે છે, તે આસક્તિની આયુ કેટલી? જે જીવ એક દિવસ આઘાત પહોંચાડી એનાથી વિખૂટો પડી દૂરદૂર ચાલ્યો જવાનો છે એવા આ રસખાનની જેટલી જ અને જેવી જ આસક્તિ 'જીવ' એના માંયલામાં બિરાજતા, ધરતીના કણેકણમાં સમાયેલા એવા શ્રી ગોવર્ધનધરમાં રાખે તો એના જીવનો બેડો પાર થઈ જાય!" એક વૈષ્ણવ બોલ્યા.

"વાત તો સાચી! શ્રી ગોવર્ધનનાથજીની કૃપાથી જીવ પરમાનંદની - સનાતન પ્રેમની રસાનુભૂતિ જરૂર પ્રાપ્ત કરે અને એના તો ભવોભવના ફેરા ટળી જાય! જીવે પરમાત્માનો, આપણા કાનુડાનો સાક્ષાત્કાર કરવાનો છે; રસખાનજીની જેમ ક્ષણભંગુર એવા દુન્યવી લોકોની પાછળ સમય નથી બગાડવાનો."

રસખાનજી ધ્રૂજી ઊઠ્યા. એમના ચહેરા પર હિંગળોકિયો ગુસ્સાનો રંગ પથરાઈ ગયો. એમના મનમાં પ્રશ્નો જાગ્યા:

"શું હું જે બાળકને પ્રેમ કરું છું એ દુન્યવી તાપ, ક્રોધ, મોહ, માયા જન્માવતો મોહ છે કે શું?"

એ ચારેય વૈષ્ણવો તરફ આવેશમય દશામાં ધસી ગયા અને એમનું નામ ચર્ચામાં ઘસડી લાવનારા વૈષ્ણવની બોચી પકડી બોલી ઊઠ્યા:

"બોલો, બોલો, વૈષ્ણવો, તમે મારી શી વાત કરતા હતા? મારો પેલા અજાણ્યા બાળક પ્રત્યેનો પ્રેમ - આસક્તિ - શું ક્ષણભંગુર છે? એની કાંઈ કિંમત નથી?"

"અરે! અરે! રસખાનજી! આમ ક્રોધિત ન થાઓ. આસક્તિના અંધકારમાં તમે ડૂબકી ખાઈ રહ્યા છો. આ આવેશ જ તમારી આસક્તિને, તમારી પેલા બાળક પ્રત્યેની લાગણીને સીમાબંધનમાં બાંધી દે છે." બીજા વૈષ્ણવ રસખાનજીના ગુસ્સાને ઠંડો પાડતા બોલ્યા.

"હા, રસખાનજી, બાકી અમે તો તમારાં વખાણ કરતા હતા. પેલા ભાઈને એટલું જ કહેવાનું હતું કે આસક્તિ તો આપણા આ રસખાનજીની કે જે દુન્યવી બાળક પરની છે. આ આસક્તિની તીવ્રતા આપણા વૈષ્ણવોએ આત્મસાત્ કરવાની છે, પરંતુ એ આપણા શ્રી ગોવર્ધનનાથજી પ્રતિ આત્મસાત્ કરવાની છે કે જેના પરિણામે જીવનાં ભવોભવનાં બંધનો તૂટી જાય. કાનુડાનો સાક્ષાત્કાર થતાં એનું સતત સાંનિધ્ય લીલાપ્રવેશ દ્વારા પામી શકાય." વૈષ્ણવ બોલી ઊઠ્યા.

રસખાનજી વિચારમાં પડી ગયા. આ વૈષ્ણવો તો ખલકના ખેલની, એના ખેલૈયાની અને એના ભક્તજનોને ખેલ કરાવતા આંખોથી અદૃશ્ય અને અંતરથી નિકટ એવા ખલકના એ ખિદમતગારની અપાર કૃપાની, ઐશ્વર્યની વાતો ભોળાભાવે, એની દુન્યવી આસક્તિનો - પ્રેમભાવનો દાખલો લઈ, કરી રહ્યા હતા.

રસખાનજીએ પેલા વૈષ્ણવની પકડેલી ગળચી છોડી દીધી. મન શાંત થવા માંડ્યું, વિચારોને ચાકડે ચડવા માંડ્યું. બરોબર એ જ સમયે બગીચાની બહાર રસ્તા પરથી 'રામ બોલો ભાઈ રામ'ના અવાજો સાથે સ્મશાનયાત્રા નીકળી. 'રામ'ના નામની સાથેસાથે ભાઈ, પિતા જેવા નિકટના સ્નેહીઓ કે જે મરનાર પાછળ આંધળાભીત પ્રેમ કરનારા આસક્ત જીવો હતા તે બેફામ છાતી કૂટતા દુઃખના માર્યા રડી રહ્યા હતા. એક પ્રેમાળ સ્વજન આજે એનાથી દૂર ચાલ્યો ગયો હતો.

રસખાનજીના ચિત્તમાં ચમકારો થયો. એમનો જ પેલો દુહો "પ્રેમ ફાંસીમેં ફસી મરે" યાદ આવી ગયો અને દુન્યવી પ્રેમમાં, મોહમાં ફસાયેલા પ્રેમનો મર્મ ન જાણતા એવા મરનારનાં ભાઈ-ભાંડુ, પિતા-માતા મોહને પ્રેમ સમજી અત્યારે રડી રહ્યાં હતાં. વૈષ્ણવોની વાત આંખો સામે ઊપસી આવેલાં દૃશ્યોએ યથાર્થ સિદ્ધ કરી હતી. આ ક્ષણે એમના અંતરમાં ઉજાસ થયો કે 'પ્રેમ મરમ જાને બિના' આ દુહાના રચનારા રસખાનજી પોતે આ દુન્યવી આસક્તિની દુનિયામાં જીવી રહ્યા હતા અને પ્રેમના સાચા સ્વરૂપથી આ પળો સુધી અજ્ઞાત રહ્યા હતા.

જ્ઞાનની, પ્રેમની ક્ષણભંગુરતાની વાતો કરનારા વૈષ્ણવોએ ગભરાઈને એમના ઠાકરોજીને ઝાંપીમાં પધરાવી, બિસ્તરા-પોટલા ઉપાડી, ડરના માર્યા એમનો પડાવ ઉઠાવી, ચાલવા માંડ્યું ત્યાં જ રસખાનજીએ કહ્યું: "અરે, ભૈયા, રોકાઈ જાઓ! ભાગો મા! ગભરાઓ મા! મારે તમારા ભગવાનનાં દર્શન કરવાં છે. એ ક્યાં રહે છે એ જાણવું છે. એ કેવા છે એની ખબર મેળવવી છે. દોસ્તો, તમે મારાથી જરા પણ ડરશો નહીં. મારાથી ડરીને તમે જ જેનાં આટલો વખત વખાણ કરતા હતા એ તમારા ભગવાન પરનો વિશ્વાસ ડગાવીને ક્યાં ભાગવા માંડ્યા?"

વૈષ્ણવો અટકી ગયા. રસખાનજીની ભગવાન પરના વિશ્વાસ ડગી જવાની વાત સાંભળી, એ પણ આખરે તો કેવા દુન્યવી ડરપોક ઈન્સાનો હતા એનો ખ્યાલ આવતાં શરમાઈ ગયા.

"વૈષ્ણવો, મારી 'આસક્તિ'નાં તમે વખાણ કરતા હતા?" રસખાનજીએ ફરી એક જ પ્રશ્ન કર્યો.

"હા, રસખાનજી! અમારા સત્સંગમાં તમારી પેલા બાળક પ્રત્યેની અદ્ભુત, અનન્ય એવી આસક્તિનાં વખાણ કરતાં વિચારી રહ્યા હતા કે આવી આસક્તિ 'જીવ'ની પ્રભુ પ્રત્યે જાગે તો કેવું!" વૈષ્ણવે ચર્ચાનું હાર્દ રસખાનજી પાસે ફરી સ્પષ્ટ કર્યું.

"અમે તો તમારી બાળક પ્રત્યેની દૃઢ આસક્તિનો દાખલો આપતા હતા." બીજા વૈષ્ણવ બોલ્યા.

"અરે, તમે તો ખુદાના બંદા છો ને શું! હમણાં હું તમારા ધર્મનો અદ્ભુત ગ્રંથ 'ભાગવત' ફારસી ભાષામાં વાંચું છું. એમાં નાનકડા નટખટ સાતઆઠ વર્ષના બાલકૃષ્ણની જે લીલાઓ આવે છે એ લીલાના સર્જનહાર એવા બાળકને હું આ, તમે કહો છો ને તે સુંદર નામના બાળકમાં મારા હૃદયનો પ્યાર, લાગણી, મારાં સુખ-દુઃખ આરોપી, હું બાળકમય બની ગયો છું. મારી આસક્તિ પાછળનું રહસ્ય મારી જાતને ભૂલી બાળકમય બની જવામાં છે." રસખાનજી બોલ્યા.

"રસખાનજી, તમારી આ દૃઢ આસક્તિને અમારી સલામ!" વૈષ્ણવે વાતનો છેડો લાવવા પ્રયત્ન કરતાં કહ્યું.

"અરે, ભાઈઓ, તમે તમારી વાતોમાં આવતા આ જીવ કોણ? શિવ કોણ? પરમાત્મા કોણ? જીવાત્મા એ વળી શી ચીજ છે? કાંઈક કહો તો ખરા?" રસખાનજીનો જિજ્ઞાસુ જીવ એમ વૈષ્ણવોને છોડે તેમ નહોતો.

વૈષ્ણવોને રસખાનજીની જિજ્ઞાસામાં રસ પડ્યો. રસખાનજીમાં એમને ભવાટવીમાં ભટકતા કોઈક લીલાના જીવનાં દર્શન થયાં હોય એવું લાગ્યું. હજી તો રસખાનજીને એ જવાબ આપવા જાય, ત્યાં તો મસ્ત નિજાનંદી રસખાનજીના મુખમાંથી દુહો સરી પડ્યો:

બ્રહ્મા મૈં ઢૂંઢ્યો પુરાતન ગાનન વેદ રિચા સુનિ ચૌગુને ચાયન,
દેખ્યો સુન્યો કબહું ન કિંતુ વહ કૈસે સરૂપ ઓ કૈસે સુભાયન.

વૈષ્ણવોનાં દિલ અને દિમાગ ડોલી ઊઠ્યાં. રસખાનજીના દુહાની 'વહ કૈસે સરૂપ ઓ કૈસે સુભાયન' એ પંક્તિમાંથી જે વિરહનો તાપ પ્રગટ થતો હતો એ અનોખો હતો.

"રસખાનજી, તમારી જેમ જ અમારી પણ પરમાત્માની શોધ, શિવની શોધ ચાલુ જ છે. જીવ એટલે આપણે, આ પંચમહાભૂતના ખુદાનાં બનેલાં માનવ-મરકલાં, સદૈવ કામ, ક્રોધ, લોભ, મોહની ડાળે કૂદાકૂદ કરતા આ જીવોમાં તમારા જેવી દૃઢ આસક્તિ પરમાત્મા પર થાય, અમારા શ્રી ગોવર્ધનનાથ પર થાય, એવી ભાવના સાથે અમે પણ તમારી જેમ જ અમારા શ્રી ગોવર્ધનનાથને મળવા નીકળી પડ્યા છીએ."

"ક્યાં છે તમારા એ શ્રી ગોવર્ધનનાથ? એ કેવા છે? સુંદર છે? સોહામણા છે? લોભામણા છે? આકર્ષક છે?" રસખાનજીએ પૂછયું.

"રસખાનજી અમારા શ્રી ગોવર્ધનનાથ તો સુંદરતાના સાગર છે, સત્યમ્ શિવમ્ સુંદરમ્ છે, રસની મૂર્તિ છે. અમારા સૂરદાસજીના શબ્દોમાં કહીએ તો 'દેખો માઈ, સુંદરતા કો સાગર' છે." એક વૈષ્ણવ ભાવવિભોર બની બોલી ઊઠ્યા.

"તમારા ગોવર્ધનનાથજી આટલા સુંદર છે? મને એમના દિદાર ક્યાં થાય? તમે એમના દિદાર કર્યા છે? એ ક્યાં મળે? ક્યારે મળે? તમારા એ ખુદા કે જેમનું નામ માત્ર લેવાથી જિવાતી જિંદગીનો બેડો પાર થઈ જાય - તમારા એ ગોવર્ધનનાથજી છે કોણ?" રસખાનજીએ રસપૂર્વક પ્રશ્નો શરૂ કર્યા...

"રસખાનજી, અમારા શ્રી ગોવર્ધનનાથ સાચા અર્થમાં તો આ જગતના અણુ-અણુમાં સ્થિર થયેલી એક વિભૂતિ છે."

"અરે, ભાઈ, આ જગત આખું એની વિભૂતિ હોય, 'જીવ'માત્રમાં એ વ્યાપેલો હોય તો એને હું જાણી કેમ શકું? એની ઓળખાણ કેમ થાય? તમારા શબ્દોમાં કહું તો મારા આ દિદારમાં એ વસેલા હોય તો ક્યાં વસેલા છે? હું એમને કેવી રીતે જાણી શકું? મને નિરાકાર નિરંજનના સાકાર સ્વરૂપનાં દર્શન કરાવો!" રસખાનજી બોલ્યા.

"જરૂર કરાવીએ! પણ, રસખાનજી..." આગળ બોલતાં વૈષ્ણવ અટકી ગયા. એમણે એમના થેલામાંથી શ્રીનાથજીનાં સુંદર ચિત્રજી કાઢીને રસખાનજીના હાથમાં મૂકી દીધાં.

રસખાનજી તો હથેળીમાં રમતાં શ્રીનાથજીનાં સુંદર ચિત્રજીને કેટલીય પળો સુધી નિષ્પલક નયને જોતા જ રહ્યા, જોતા જ રહ્યા.

"ઓહ! કેવું સુંદર સ્વરૂપ!" પ્રેમની અખૂટ અવિરત ધારાનાં દર્શન રસખાનજીને ચિત્રમાં થયાં.

કલાકારે એની કલાનો નિચોડ આ ચિત્રજીમાં ઉતારી દીધો હતો. ગિરિરાજજીની લીલીછમ નિકુંજમાં મુકુટ-કાછનીના શૃંગાર ધરેલા શ્રીનાથજીબાવાના સ્વરૂપનાં દર્શન કરતાં રસખાનજી ચિત્રજીને છાતી સરસા ચાંપતા ગાઈ ઊઠ્યા:

દેખ્યો રૂપ અપાર!
વાહ રસખાન અબ વારિ જાઈ
દેખ્યો રૂપ અપાર!

"અરે, ભાઈ, આવા ખુદાનાં દર્શન ક્યાં થાય? ક્યાં વસે છે આ આપણો શ્રી ગોવર્ધન ગિરિધર ગોપાલ?" રસખાને વૈષ્ણવોને પૂછ્યું.

"રસખાનજી, આમ તો આપણા આ શ્રીનાથજી વ્રજભૂમિમાં બિરાજે છે, પરંતુ વ્રજમાં ઢૂંઢતા રહેશો તોપણ જ્યારે મનની આસક્તિ આપણા શ્રી ગોવર્ધનનાથજીમાં તમારી લાગશે અને એ આસક્તિ પણ તમારી પેલા સુંદર બાળક પર છે એવી, કદાચ એથી પણ વિશેષ એવી આસક્તિ શ્રીજીબાવામાં થશે ત્યારે કદાચ શ્રીજીબાવા કૃપા કરશે."

"વૈષ્ણવો હું તો પ્રેમભૂખ્યો, સ્નેહ-તરસ્યો જીવ છું. તમારી પ્રેમલક્ષણા ભક્તિ અને ઈસ્લામની સૂફીવાદની ધારા પ્રેમની ભૂમિનાં એકબીજામાં ઓગળી ગયેલાં તત્ત્વો છે. સૂફી સંત જામીએ વિશ્વના હરકોઈ પ્રેમીને એક સલાહ આપી છે કે હે જીવ! પ્રેમ તરફથી ક્યારેય મોઢું ન ફેરવી લેતો. પ્રેમ નિર્મળ છે. એ પ્રેમ લૌકિક હશે અને ઉત્કટ હશે તો એનું અલૌકિકમાં રૂપાંતર થઈ જશે. મારો સુંદર પ્રત્યેનો લૌકિક પ્રેમ આપ જેવા સત્સંગીઓના સંગે અલૌકિક પ્રેમમાં એટલી જ તીવ્ર આસક્તિરૂપે પ્રગટ થઈ રહ્યો છે. મને શ્રદ્ધા છે કે આપણા શ્રી ગોવર્ધનધર એના આ 'જીવ'નો સ્વીકાર કરશે, કારણકે આ રંક રસખાન પાસે 'પ્રેમ' સિવાય બીજું કશું જ શ્રીજીબાવાને આપવાનું છે નહીં! માટે હું તો ચાલ્યો વ્રજભૂમિમાં મારા માધવને શોધવા! દોસ્તો, અલવિદા! ખુદા-હાફિઝ!" કહેતા રસખાનજી પ્રિયતમના 'બસ વોહિ રૂપ મેરો મન ભાયો'નાં દર્શન કરવા, નાચતા-કૂદતા, અંતરમાંથી આનંદનો સાગર ઉછાળતા વ્રજભૂમિની દિશામાં એ જ લઘરવઘર પહેરવેશમાં એમની મસ્તીમાં ચાલી નીકળ્યા.

'કાગળમાં જો આટલું સુંદર સ્વરૂપ ખીલી ઊઠ્યું છે, તો એમનું મૂળ સ્વરૂપ તો કેવું હશે?' - રસ્તામાં વિચાર કરતા રસખાનજીની આંખો સામે શ્રીજીબાવાની સૌંદર્યમૂર્તિ રમવા માંડી અને હૈયામાંથી શબ્દો સરી પડ્યા:

પ્રેમનિકેતન શ્રીવનહિં આઈ ગોવર્ધન ધામ,
લહ્યો સરન ચિત્ત ચાહિકે જુગલ સ્વરૂપ લલામ.

૪. રસખાનજી વૃન્દાવનની વાટે

"સાંસારિક પ્રેમ સે આપના મુંહ તોડ,
યહ તુઝે હક તક ઉંચા ઉઠા સકતા હૈ."

સન ૧૨૦૭ - ૧૨૭૩ના સમયકાળ દરમિયાન થઈ ગયેલા સૂફી સંત મૌલાના જલાલુદ્દીન રૂમીની પંક્તિઓને યાદ કરતાં રસખાનજીએ દિલ્હીનો ત્યાગ કરી ભારતની યાત્રા શરૂ કરી. 'જીવ'ની કક્ષાની સીમા - હદ રસખાનજી જાણી ગયા હતા. લોકાસક્તિ ઘણીવાર દૂર થવાથી અનન્યાસક્તિ - ભગવદ્‌ભાવ જ્યારે માંયલામાં કોઈક દૈવી જીવના, સદ્‌ગુરુના, સામાન્ય જનસમાજની વ્યક્તિઓના સત્સંગમાંથી જાગી જાય છે ત્યારે જીવનો બેડો પાર થઈ જાય છે. એનો કૃષ્ણમિલનનો પંથ સરળ સહજ અને સ્વચ્છ થઈ જાય છે. તુલસીદાસ, નંદદાસ, બિલ્વમંગળ અને રસખાનજી જેવા દૈવી જીવો સાંસારિક જગતના જીવતાજાગતા દાખલાઓ છે.

તુલસીદાસ એમની વિવાહિત કન્યા રત્નાવલીના ગળાબૂડ પ્રેમમાં આસક્ત જીવ ભીષણ અંધારી રાત્રે, વરસતા વરસાદમાં, મડદા પર બેસી મળવા જઈ ચઢ્યા, ત્યારે દૈહિક પ્રેમમાં ગાંડાતૂર બનેલા પતિને -

"કામબામકી પ્રીતિ જગ, નિતનિત હોતિ પુરાન ।
રામપ્રીતિ નિત હી નઈ, વેદપુરાન પ્રમાણ ॥"

એ પ્રમાણ આપતી, શબ્દ-ચાબખા મારતી પત્ની બોલી ઊઠી હતી:

"અસ્થિચર્મમય દેહ મમ, તા મૈં જેસી પ્રીતિ,
તૈસી જૌં શ્રી રામ મહ, હોત ન તૌ ભવભીતિ."

અને મર્મને વીંધી નાંખતાં શબ્દબાણ સાંભળી મેઘલી રાત્રે, ઘન અંધકારે પત્નીની મેડીનાં પગથિયાં ચડવા નીકળી પડેલા કામી તુલસીદાસ સંત તુલસીદાસ બની, જગતના મહાન રામભક્ત તરીકે રામના ગુણો ગાતા રામભક્ત બની બહાર આવ્યા.

સિંહનદ ગામની ક્ષત્રિયકુળની રૂપકડી વનિતાના મોહમાં લપટાઈ ગયેલા નંદદાસજીનો ઉદ્ધાર શ્રી ગુસાંઈજીએ એમનાં મર્મ-વિધાનોથી, ઉપદેશથી કરી, કૃષ્ણકનૈયાની રસમય રૂપમૂર્તિનાં કાવ્યગાન કરતા, રાસપંચાધ્યાયી, ભ્રમરગીત, રસમંજરી જેવી વિશુદ્ધ પ્રેમની કૃષ્ણગાથાના કવિ એમને બનાવી દીધા.

રસખાનની બાળક પ્રત્યેની લૌકિક આસક્તિમાં ડૂબેલા જીવને સાચા સ્વરૂપની પહેચાન કરાવી, અલૌકિક આસક્તિના જીવ ચાર વૈષ્ણવોના માધ્યમ દ્વારા કરી દીધા, એટલું જ નહીં, પણ હિંદુ, મુસ્લિમ ઇત્યાદિ કોમમાં ઘૃણાને પાત્ર બની ગયા. દિલ્હી દરબારમાં રસખાનજી એક મ્લેચ્છ હોવાના કારણે તેમના શ્રીકૃષ્ણપ્રેમ પર ભારે ચર્ચા જાગી.

"જહાંપનાહ, આ રસખાનજી જન્મજાત મુસ્લિમ કોમના છતાં હિંદુધર્મના વૈષ્ણવોએ બતાવેલી એમના દેવની છબી પર વારી ગયા અને ઠેરઠેર એ છબીને ગળે ગળવાડી, એનાં ગુણગાન ગાતા ફરે છે. આ તે કેવું આંધળું ધર્મપરિવર્તન!" મૌલવીઓએ રાજ-દરબારમાં ધા નાંખી.

"આલમપનાહ, રસખાનજી તો મ્લેચ્છ છે, યવન છે અને અમારો હિંદુધર્મ અપનાવી, ધર્મને ભ્રષ્ટ કરે છે." ચોટલીધારી પંડિતોએ રાજદરબારમાં બુમરાણ મચાવી દીધી.

ચતુર બાદશાહે એક ધર્મસભાનું આયોજન કરી, અલગારી ખુદાના બંદા, કૃષ્ણના પ્યારા એવા રસખાનજીને દરબારમાં પંડિતો અને મૌલવીઓ સામે ખડા કરી દીધા.

રસખાનજીનું હૈયું દ્રવી ઊઠ્યું:

આ માનવસમાજ કેવો, એના મહારથીઓ કેવા કે એક જીવતા-જાગતા ઇન્સાનને એના ઈશ્વરની, એના ખુદાની પાસે પહોંચવા ન દે, એના હૈયામાં ઊભરતી ભક્તિની ભરતીમાં એની જાતને, એના આત્માને ઝબોળવા ન દે! રસખાનજી એમની એ જ મસ્તીમાં હકડેઠઠ ભરાયેલા દરબારમાં એક નજર પંડિતો અને મૌલવીઓ પર નાંખતા બોલી ઊઠ્યા:

"સાસ્ત્રન પઢિ પંડિત ભએ કૈ મૌલવી કુરાન,
જું પૈ પ્રેમ જાન્યૌ નહીં, કહા કિયૌ રસખાન!"

પંડિતો અને મૌલવીઓ રસખાનનો દુહો સાંભળતાં જ એમના આસન પરથી ક્રોધના માર્યા ઊભા થઈ ગયા.

"રસખાન, અમે શાસ્ત્રોનો અભ્યાસ કર્યો એ ફોગટ ગયો કે શું? વેદ, ઉપનિષદ, ગીતા આ બધાં શાસ્ત્રો જ સાચો ધર્મ લોકોને શીખવે છે." પંડિતો બોલી ઊઠ્યા.

"અબે, રસખાન! તું તો કાફર થઈ ગયો! કુરાનના કલમા પઢ! મઝહબ શું છે, ખુદા શું છે, તેની તને ખબર પડશે." મૌલવી બોલી ઊઠ્યા:

રસખાન તામ્રવર્ણા ચહેરાવાળા ધર્મના ઠેકેદારોને જોઈ ખિન્ન ચહેરે હસી પડ્યા અને બોલી ઊઠ્યા:

"સબસે ઊંચી પ્રેમસગાઈ! હે બંધુ, સબસે ઊંચી પ્રેમસગાઈ! મેં તો આ સગાઈ મારા શ્રી ગોવર્ધનધર સાથે બાંધી છે. તમારાં વેદ-પુરાણોમાં કે કુરાનના કલમાઓમાં માણસે પ્રેમ ન કરવો એવું ક્યાંય લખ્યું છે?" રસખાને ભરી સભામાં પડકાર ફેંક્યો.

"રસખાન, જન્મે યવન એવા તમે વૈષ્ણવધર્મ પાળો છો એ કઈ રીતે યોગ્ય છે?" મૂંઝાયેલા પંડિતો બોલી ઊઠ્યા.

"જાતને અને ધર્મને કાંઈ સંબંધ નથી. જે ધર્મમાં જાતને પહેલાં જોવાતી હોય એ ધર્મ માનવીનો ક્ષેમકલ્યાણી કેમ બની શકે? વૈષ્ણવ ધર્મ એ કોઈ નાતજાતનો ધર્મ નથી, એ તો પ્રેમનો ધર્મ છે, જ્યાં પ્રેમ ભક્તિરૂપે પરમતત્ત્વને સમર્પિત થાય છે.

લોક વેદ મરજાદ સબ, લાજ કાજ સન્દેહ,
દેત બહાએ પ્રેમ કરિ, વિધિ નિષેધ કો નેઈ.

આ તમારાં લોકલાજ, વેદની મર્યાદાઓ તથા લૌકિક કાર્યોના સંશયો પ્રાણીમાત્રને પ્રેમ કરવાથી દૂર થાય છે. પ્રેમનું એક વિશ્વવ્યાપી જગત ખુદાતાલાએ – ઈશ્વરે બનાવ્યું છે. 'પ્રેમનિકેતન' એનું નામ છે. આ સ્થળે પહોંચવા માટે પ્રેમભક્તિનો પંથ જ માનવજાત માટે છે, જે જાતપાતથી ઘણો જ ઊંચો છે."

"તમારા ધર્મમાં કુરબાની નથી, ત્યાગ-વૈરાગ્ય નથી; તમારો વૈષ્ણવધર્મ તો રંગીલો, રસીલો, ખુદાતાલાથી જોજન દૂર એવો શૃંગારી ધર્મ છે." મૌલવીએ કહ્યું.

"મૌલવીસા'બ, આ કાફર થઈ ગયેલા વૈષ્ણવના ધર્મના બીજમાં જ આપણા

સર્વ ધર્મોના હાર્દમાં ધરબાયેલો સર્વોપરી ત્યાગ જ રહેલો છે. સર્વસ્વનું સમર્પણ - ઉપનિષદનો જ *'તેન ત્યક્તેન ભૂંજિથા:'*નો - 'તારું ત્યજીને ભોગવ'નો ત્યાગની પરાકાષ્ઠા દર્શાવતો ધર્મ છે. તમારી આંખે બંધાયેલાં અજ્ઞાનનાં પડળોના કારણે આ વૈષ્ણવધર્મનું હાર્દ તમને નહીં સમજાય." રસખાનજીએ જવાબ આપ્યો.

"તમે ત્યાગની વાત કરો છો, રસખાનજી, પરંતુ તમારા શરીર પરનાં વસ્ત્રોનો શૃંગારી ઠાઠમાઠ, આંખોમાં વિલસતું રહેતું મસ્તીનું ઘેન, વિલાસની ચહેરા પરની ભાવ-વીથી - આ બધું ધર્મને, પ્રભુભક્તિને, ખુદાની બંદગીને માટે કેટલું ઉપકારક હોઈ શકે?" પંડિતે રસખાનજીના સુઘડ, સ્વચ્છ વૈભવી પહેરવેશ પર એની લાલચુ નજર ખોડતાં પૂછ્યું.

"પંડિતજી, મૌલવીજી, મારા વેષમાં તમને જે શૃંગારલક્ષી શોખનું પ્રતિબિંબ દેખાયું, એ તો હકીકતમાં મારા પ્રભુની પ્રસન્નતાને પોષવા માટે, ખીલવવા માટે, મારા વહાલાને સદાય પ્રસન્ન રાખવા માટે છે, મારા શોખને ખાતર નથી. મારો તો શોખ છે મારા વહાલા શ્રી ગોવર્ધનનાથમાં સદા ચિત્ત પ્રવૃત્ત રહે, એથી વિશેષ કશું જ નથી.

પ્રેમ હરિકો રૂપ હૈ, ત્યોં હરિ પ્રેમ સ્વરૂપ.

આ હરિના સ્વરૂપને, પ્રેમના સ્વરૂપને પામવા હું તો મારું ચિત્ત મારા શ્રી ગોવર્ધનનાથમાં લગાડવાનું નક્કી કરીને બેઠો છું. તમારું બધું જ સાંભળ્યું, વિચાર્યું, પણ

જગમૈં સબ જાન્યૌ પરૈ, અરૂ સબ કરૈ કહાઈ,
મૈં જગદીશ રૂપ્રેમ યહ દોઉ કહથ લખાઈ.

આ જગતમાં સારી વસ્તુઓ જાણી શકાય છે, પરંતુ ઈશ્વર અને પ્રેમ બન્નેની જાણકારી અલભ્ય છે. આ જાણકારી અત્યંત સૂક્ષ્મ છે અને એ જ્ઞાન દ્વારા જ ઈશ્વર મળે છે."

"આલમપનાહ, અમે રસખાનજીની શૃંગારી માન્યતાઓ, જેને એમણે પ્રેમનું રૂપકડું નામ આપ્યું છે, એનો અમે વિરોધ કરીએ છીએ. ત્યાગ અને વૈરાગ્ય, કુરબાની અને સાદાઈપૂર્ણ ખુદાની બંદગી એ જ કોઈપણ ધર્મના પાયા હોઈ શકે. રસખાનના આચાર-વિચાર અને વર્તનમાં અમને તો ધર્મના નામે શૃંગારની, ભોગવાદની, લૌકિક એષણાની બૂ આવે છે. આપ આ ખતરનાક પાખંડી ઈન્સાનને દેશનિકાલની સજા કરો કે જેથી એના આવા શૃંગારી વિચારોનું ધુમ્મસ આજની યુવાપેઢી પર ન પ્રસરે." મૌલવીઓ અને પંડિતો એકીઅવાજે બોલી ઊઠ્યા.

રસખાનજી ભરસભામાં ઊભા થઈને બોલી ઊઠ્યા:

"આલમપનાહ, અજ્ઞાનના જડ પાટા બાંધીને બેઠેલા, પ્રેમ એ શી ચીજ છે, એની પવિત્રતા શી છે એની જેને ખબર નથી, એવા આ વિદ્વાન પંડિતો, મૌલવીઓને અને ટૂંકમાં કહું તો તમારા આ 'નગર મસાણ' છોડી, મારા વહાલાના વ્રજધામમાં જ્યારે મોહ, માયા, રાગ, દ્વેષ બધું જ અહીં મૂકીને તમે દેશનિકાલ કરો, એ પહેલાં જ્યારે હું દિલ્હી છોડી ચાલ્યો જાઉં છું ત્યારે ટૂંકમાં એટલું જ કહીશ કે *'નહીં હમ વેદ કે વાદી, વિરાગી મન હમારા હૈ'* - હું પંડિત નથી, મૌલવી નથી કે આ લોકો સામે વેદચર્ચા, કુરાનચર્ચા કરી શકું, પરંતુ એટલું તો આ મિત્રોને કહીશ કે મારું મન નિર્મળ સરોવરના જલ જેવું છે. આ સંસારમાં મારું મન રાગવિહોણું છે. વેદનું તાત્પર્ય હું સમજ્યો છું ત્યાં સુધીમાં કહીશ કે તે અહંતા, મમતાના ત્યાગમાં છે. વેદમાં આ સિવાયનો કોઈ હેતુ, કોઈ મર્મ મારી બુદ્ધિ પ્રમાણે છે નહીં. ભગવાન પ્રેમસ્વરૂપ છે. આ પ્રેમસ્વરૂપની પ્રાપ્તિ એ મારી જિંદગીનું ધ્યેય છે. આપને મારા શાહી પહેરવેશ માટે ઘૃણા છે. એમાંથી તમને મારું જ્ઞાન નહીં પણ અહંતા દેખાય છે. પરંતુ હકીકતમાં એવું નથી. હું જેવો છું તેવો દેખાવા માગું છું. અમે વેષના ત્યાગી નથી, પરંતુ અમારા વેષ નિરાળા છે. હું મારાં હૃદયચક્ષુથી તમને સૌને વંદન કરી આ મસાણ-નગરીનો ત્યાગ કરી, રસાળ વ્રજભૂમિમાં જઈ રહ્યો છું." કહેતા રસખાનજી દરબારગાંથી એ જ એમની મસ્તીમાં વ્રજભૂમિ તરફ જવા રવાના થઈ ગયા.

*'પ્રેમ હરિકો રૂપ હૈ, ત્યોં હરિ પ્રેમસ્વરૂપ'*ના લલકાર સાથે રસખાનજી ચાલતા-ચાલતા વ્રજમંડળના પ્રવેશદ્વાર સમા મથુરામાં આવી પહોંચ્યા.

વિશ્રામઘાટનાં પગથિયાં પર ઊભા રહી, આંખો સામેથી ખળખળ વહેતાં શ્રી યમુનામહારાણીને પ્રસન્ન ચિત્તે થનગનતાં વહેતાં જોઈ રહ્યાં. આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. હૃદયમાં આર્દ્રતા છવાઈ ગઈ. માતાના ઊભરતા વાત્સલ્યનું રસપાન-પયપાન કરતા રસખાનજી યમુનાતટ પર જ અડિંગો જમાવીને બેસી ગયા.

વિહગગણોનો મધુર કલરવ, મંદમંદ વહેતો, હૃદયને પુલકિત કરતો સમીર, મંદિરમાંથી ઊઠતો એ જ મધુર ઘંટારવ, આકાશમાં પથરાયેલ ગુલાબી મીઠી મધુરી સંધ્યા, યમુનામૈયાના તરંગો પર હાલકડોલક ઝૂલતી નૌકાઓ - રસખાનજી અદ્ભુત દર્શનરસ એમની આંખો વાટે ઘટઘટ પી રહ્યા હતા, ત્યારે અંતરમાંથી પ્રણયી હૃદયના વિરહના શિખર પરથી - અંતરમાંથી ગોપીગીતનો પ્રથમ શ્લોક આપોઆપ સરી પડ્યો:

જયતિ તેડધિકં જન્મના વ્રજ
શ્રયત ઇંદિરા શશ્વદત્ર હિ

રસખાનજી મનોમન હસી પડ્યા અને હૈયાને હેતાળ ઠપકો આપતા બોલી ઊઠ્યા:

"અરે, જીવ! હજી તો વ્રજમાં તેં પ્રવેશ પણ ક્યાં કર્યો છે તે 'જયતિ તેડધિકં જન્મના વ્રજ' ગાવા માંડ્યો! હજી તો 'તસ્મિન્ મધુવનસ્થાને' મથુરા નામે પુરીમાં જ કાનુડાને મળવા આવ્યો છો. આ તો કામ, ક્રોધ, લોભ, મોહની શલાકાથી માનવમાત્રને બંધનમાં નાંખી દેતી કંસના કારાગારની નગરી છે. જગતનો ઉદ્ધાર કરવા જન્મેલો સ્વયં કાનુડો, જન્મતાંની સાથે - કામ, ક્રોધ, લોભ, મોહનાં આવરણોમાંથી છટકી ગોકુલ ભેગો થઈ ગયો હતો!"

રસખાનજી હજી એ દિશામાં કંઈ આગળ વિચારે, ત્યાં જ મથુરાના ચોબાઓનું જૂથ વિશ્રામઘાટ પર બૂમબરાડા પાડતું ધસી આવ્યું.

"અરે યવન! તૂ યહાં કહાં આયો? ચલ ઉઠ! હમારી યમુનામૈયા કો દૂષિત કર દિયો! ચલ, ભાગ યહાં સે, વરના..." મોટેથી બોલતા ચોબાઓ રસખાનજીને ઘેરી વળ્યા.

રસખાનજી લાલચોળ ચહેરા અને પડછંદ કાયાવાળા ધમાલ બોલાવતા ચોબાઓને જોઈ રહ્યા. મનોમન યમુનાપુત્રો વિષેનો પેલો પરિચય -

બોલંત હેલા, વચનંત ગારી
કરીલ કે ઝાડ, કુવાજલ ખારી
ઐસી કૃષ્ણકી વ્રજ હૈ પ્યારી - યાદ આવી ગયો.

"અરે, ભાઈ, હું તો કૃષ્ણપ્રેમી એક પરિવ્રાજક છું. 'વ્રજ'ભૂમિની યાત્રાએ આવ્યો છું. આપણી સૌની જમુનામૈયાના ખોળે મારું મસ્તક ધરવા, મારી ભક્તિ સમર્પવા આવ્યો છું."

"અબે, તૂ કાયકો ભક્ત? તૂ તો યવન હૈ, મુસલમાન હૈ! દેખ યે તેરો લિબાસ - પૂરો મોગલ કુલ કો યા પઠાણવંશકો લગતો હૈ! હમારી જમુનામૈયા કા જલ દૂષિત કરને ચલે આયો હૈ કા?" એક ચોબો એની લાઠી જમીન પર પછાડતો બોલ્યો.

"નહીં રે, ભૈયા, હું તો આ મારા હાથે કરેલી પુષ્પની માળા જમુનામૈયાને ધરવા આવ્યો છું" કહેતાં રસખાનજીએ એમના બગલથેલામાંથી ગુલાબનાં પુષ્પોની જમુનાજીને ધરવા આણેલી માળા કાઢી.

"અબ્રહ્મણ્યમ્! અરે, દૂર હટ! તારી આ માળા સાથે ચાલ ઊભો થા, નહીં તો એક ડાંગ પડશે! જમુનામૈયા હિંદુનાં મૈયા છે. તું યવન અહીં ચાલ્યો આવ્યો! અમારી મા તારા સ્પર્શથી છોવાઈ જાય. ચાલ, ઊઠ અહીંથી, નહીં તો..." કહેતાં ચોબાએ ડાંગ ઉપાડી. એનું શરીર ક્રોધથી ધ્રૂજતું હતું. કામ, ક્રોધ, લોભ, મોહની ભૌતિક શલાકાઓથી એકત્રિત થઈ એમને મારવા ધસી આવેલા ચોબાઓથી ઘેરાઈ ચૂક્યા હતા.

રસખાનજીને આ હિંદુ ધર્મના, હિંદુ સંસ્કૃતિના અબુધ, જડબુદ્ધિ, 'સત્યમ્ પરમ્ ધીમહિ' શ્રીમદ્ ભાગવતના પ્રારંભના પ્રથમ શ્લોકથી અજ્ઞાત એવા માયાવાદીઓના પાખંડીપણાની દયા આવી, ક્રોધ ન થયો, પરંતુ હૃદયમાં દુઃખ ઘણું થયું. મનમાંથી બાપોકાર ઊઠ્યા:

"અરે! આ રસાત્મક શ્રીકૃષ્ણની વ્રજભૂમિની ગૌચારણલીલાની આ ભૂમિ, પરમકૃપાળુ પ્રિયતમ એવા પરમાત્મા શ્રીકૃષ્ણને પામવા હિમાદ્રિના શિખરેથી વ્રજની મૈદાની ભોમકા પર ધસી આવેલી જીવમાત્રની જમુનામૈયાની આ ભૂમિ, આ પાખંડી માયાવાદીઓથી દૂષિત એવી શ્રીકૃષ્ણની જનમભોમકા મધુવનમાંથી માધવ ક્યાં મળવાનો? ગૌચારણ-લીલાના ગોપાલને હું કઈ કંદરાઓમાં, કઈ કદમખંડીઓમાં શોધીશ?"

રસખાનજી નિરાશ હૈયે વિશ્રામઘાટની રેતી પરથી ઊભા થઈ ગયા. આંસુભીની એક નજર ખળખળ વહેતાં જમુનાજલ પર નાંખી અને ત્યાંથી તરત ચાલતા થયા. યમુનાઘાટ સુધી આવી પહોંચેલા રસખાનજીને એક ક્ષણ પૂરતું તો થયું કે કિનારા સુધી પહોંચી, નીચા નમી, વહેતાં જમુનામૈયાનાં જળનું આચમન કરી લઉં, માથે પરમકૃપાળુ માતાનાં પ્રેમસભર જલબિંદુઓનું સિંચન કરી જનમારો સફળ કરી લઉં, પરંતુ આજુબાજુ ઊભેલા કાળઝાળ ચોબાઓને જોઈ અશાંતિ જન્મે, યમુનામૈયાના વિશાળ હૃદયને આઘાત લાગે, એવું ન કરવાના નિર્ણય સાથે રસખાનજી એમ જ એમની ધૂનમાં, મસ્તીમાં બજારમાં આવ્યા અને આગળ ચાલવા માંડ્યું.

અંતર વિરહ, વિષાદ અને વ્યથાથી વલોવાઈ રહ્યું હતું. એમને દિલ્હીના બગીચામાં મળી ગયેલા વૈષ્ણવો યાદ આવ્યા. એમણે સત્સંગ દરમિયાન એમના ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજી, શ્રી ગુસાંઈજી અને પુષ્ટિસંપ્રદાયની કરેલી વાતો યાદ આવી. ચારેય વૈષ્ણવોને જ્યારે એમણે 'દિલ્હી નગર મસાણ'ની વાત કરી ત્યારે રસખાનજીને આશ્વાસન આપતાં, શ્રી વલ્લભને યાદ કરતાં એક વૈષ્ણવે કહ્યું હતું એ યાદ આવી ગયું:

"રસખાનજી, ફક્ત તમારું આ દિલ્હી નગર જ મસાણ નથી, આખોય ભારતદેશ આજે અજ્ઞાન, અંધશ્રદ્ધા, વહેમ, લાચારી, જાદુ-ટોના અને ભયના ઓળા નીચે એના શ્વાસના ધબકારા લઈ રહ્યો છે, ત્યારે અમારા પુષ્ટિસંપ્રદાયના પ્રવર્તક શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ ભયભીત, અબુધ, અજ્ઞાની પ્રજાને જિંદગી જીવવા માટે, ઉન્નત મસ્તકે ખુમારી અને ખુદ્દારીથી નિર્ભય જિંદગી જીવવા માટે શ્રીકૃષ્ણને શરણે જવાની આજ્ઞા કરી. કૃષ્ણાશ્રય એ જ વર્તમાન કરુણ પરિસ્થિતિમાંથી બહાર નીકળવાનો, જીવના ઉદ્ધારનો એકમાત્ર આશરો છે અને એ આશ્રયે આપણે સૌને જવાનું છે. 'કૃષ્ણ એવ ગતિર્મમ' - કૃષ્ણ એ જ આપણી અબુધ જીવોની ગતિ છે અને રહેવી જોઈએ." રસખાનજીને આ વાત સાથે એક વૈષ્ણવે લલકારેલા શ્રીમદ્ વલ્લભાચાર્યજી-રચિત 'શ્રીકૃષ્ણાશ્રય'નો

ગંગાદિતીર્થવર્યેષુ દુષ્ટૈરેવાવૃતેષ્વિહ ।
તિરોહિતાધિદેવેષુ કૃષ્ણ એવ ગતિર્મમ ॥

એ શ્લોક યાદ આવી ગયો અને હૈયામાં વિરહની જ્વાળા પ્રગટી. શ્રી વલ્લભનાં દર્શન તો રસખાનજીને થયાં નહોતાં, પરંતુ ઉદારચરિત્ર એ મહામનાએ સકળ વિશ્વના ભૂલ્યા-ભટક્યા પામર બની ગયેલા જીવોને જાતપાતનો કશો જ વિચાર કર્યા વગર શરણે લીધા હતા. રસખાનજીને 'શ્રીકૃષ્ણાશ્રય'નો બીજો એક શ્લોક વર્તમાન પરિસ્થિતિનું દર્શન કરાવતો યાદ આવી ગયો:

મ્લેચ્છાકાન્તેષુ દેશેષુ પાપૈકનિલયેષુ ચ ।
સત્પીડાવ્યગ્રલોકેષુ કૃષ્ણ એવ ગતિર્મમ ॥

અને રસખાનજીનું દ્રવિત હૃદય બાપોકાર કરતું શ્રી વલ્લભને ઉદ્દેશીને બોલી ઊઠ્યું:

"કૃપાનાથ, આ મ્લેચ્છ તો કૃષ્ણની નિત્યલીલાના વ્રજધામમાં કામણગારા કાનુડાના - શ્રી ગોવર્ધનધરના શરણે આવ્યો છે. સુર-અસુર સર્વ કોઈ જેની પૂજા કરે છે એવી યમુનામાના ખોળે માનાં લાડ પામવા આવ્યો છે, એવા આ મ્લેચ્છની વ્રજની ભોમકાનાં સર્વ ગોપગોપીઓ જેના તટ પર વિહરતા શ્રીકૃષ્ણની આજુબાજુ વીંટળાયેલાં રહે છે એવા અતિ શુદ્ધ અને પવિત્ર વિશ્રામઘાટ પર આવી ચઢેલો, એવા આ અજાણ્યા અધર્મી, માનાં પયપાન કરવા આ ઘાટ પર નિર્દોષ ભક્તિસભર ભાવે આવી ચઢ્યો એની આ દશા કૃષ્ણ-યમુનાનાં લાડીલાં સંતાનો જ કરે?

રસખાનજીનું હૈયું ભરાઈ આવ્યું. નત મસ્તકે એ શ્રી યમુનાજીને દંડવત્ પ્રણામ કરી વિશ્રામઘાટ પરથી બજારના રસ્તે આગળ વધ્યા ત્યાં જ બાજુમાંથી એમના જેવો જ મસ્ત વ્રજવાસી એની મસ્તીમાં-

વ્રજભૂમિ મોહની મૈં જાની,
મોહન કુંજ, મોહન વૃંદાવન;
મોહની શ્રી યમુના મહારાણી,
મોહન નાર સકલ ગોકુલકી,
બોલત અમૃત બાની
મોહની શ્રી રાધારાણી.

એ પદ ગાતો પસાર થયો. રસખાનજીને એમના જ હૃદયમાં ઊભરતી સૌંદર્યપ્રીતિ ચોબાની આંખોમાં દેખાઈ. સાચો વ્રજભક્ત, વ્રજભોમકાના વેણુધરનો રસિયો જીવ લાગ્યો. રસખાનજીનું હૈયું હલી ઊઠ્યું. એ એક ક્ષણ માટે અટકી ગયા. શ્રીકૃષ્ણનો નામોચ્ચાર કાને પડતાં જ અંતરમાંથી વિષાદ, હતાશા, ક્રોધનો રંજ બધું જ ખરી પડ્યું. શરીરમાં સ્ફૂર્તિ આવી ગઈ. ચેતનની ક્ષણો ઉત્સાહ, આનંદથી ઊભરાવા માંડી.

"અમારા ઇષ્ટદેવ શ્રી ગોવર્ધનનાથ 'દેવદમન' તો વ્રજમાં - ગિરિરાજજીમાં તમારાં નસીબ હોય, હૃદય દ્રવિત હોય, વિરહનો તાપ હોય, મિલનની અતૃપ્ત ઝંખના હોય, તો ભેટી જાય ક્યારેક ગાયરૂપે, ક્યારેક ગ્વાલરૂપે, ક્યારેક ભૂજંગરૂપે, તો ક્યારેક..." દિલ્હીના સત્સંગી વૈષ્ણવોના આ શબ્દો એમને યાદ આવી ગયા. શ્રી ગોવર્ધનનાથજીના રસાત્મક સ્વરૂપના 'ગિરિરાજધાર્યષ્ટકમ્' ના સ્તવન દ્વારા કાલ્પનિક મનોભૂમિ પર થયેલાં દર્શનની સાક્ષાત્ ઝાંખી દ્વારા વ્રજભોમકાનું એક સુંદર, સુરેખ, રસપૂર્ણ દર્શન કરાવતા વૈષ્ણવો આગળ એમનું કવિહૃદય -

"હરિ ગુન કથા ભઈ જબ મીઠી
બ્રજરસ મિલ્યો તા માંહિ"

ઠલવાઈ ગયું. સાચે જ હૈયામાં બ્રજરસ ઠલવાઈ રહ્યો હતો. પરિણામે વ્રજદર્શનની પિપાસા વધુ ને વધુ જાગ્રત થઈ રહી હતી. વિરહથી તડપતું હૈયું રસાનુભૂતિની ક્ષણોથી ઝબોળાવા માંડ્યું. મથુરાની જગ્યાએ ઘડીભર તો ગોકુલ, વૃંદાવન, મધુવન, ગોપાલપુર, ગિરિરાજજીની ગિરિકંદરાઓ, કુંજગલીઓમાં પોતે વિહરતા હોય એવો રસાનુભાવ થવા માંડ્યો. "રાધાજી"નો હૃદયભાવ કાલિંદીના કાંઠડે રાસ રમતા નંદકિશોરનાં દર્શન થતાં આનંદથી મહેકી ઊઠ્યો. હૈયું ગાઈ ઊઠ્યું:

મો મન માલિક લૈ ગયો, ચિત્ત ચોર નંદ નંદ,
અબ બે મન મૈં ક્યાં કરું? પરી ફેર કે ફંદ.

રસખાનજીએ બાજુમાંથી પસાર થતા વ્રજવાસીને ઊભો રાખી 'ભૈયા, મોકે વૃંદાવન ગામ જાનો હૈ, કહાંસે જાઉં?' પૂછ્યું. વ્રજવાસી એક ક્ષણ પૂરતો અટકીને પઠાણ યવનને આશ્ચર્યભાવે જોઈ રહ્યો. રસખાનજીની પડછંદ કાયા, મોટીમોટી બિહામણી આંખો, માથે પઠાણી પાઘડી અને શરીર પર પઠાણી પહેરવેશ...

"વૃંદાવન ક્યોં જાનો હૈ, ભૈયા?" વ્રજવાસીએ ગભરાતાં-ગભરાતાં પૂછ્યું.

"મોકે મેરે ખુદા કો મિલનો હૈ, ભૈયા!" રસખાનજી બગલથેલામાં હાથ નાંખતા બોલ્યા.

"તુમ્હારો ખુદા તો, ભૈયા..." વ્રજવાસી આગળ બોલતો અટકી ગયો. આ પઠાણના ખુદાની વાત કરતાં ક્યાંક આ પઠાણ ગુસ્સે થઈ જશે તો? દિલ્હી-આગ્રાની દિશામાંથી વ્રજમાં આવેલા આ સરદાર સામે વ્રજવાસી શંકિત નજરે જોવા લાગ્યો. એને મનમાં ડર લાગ્યો કે ક્યાંક વ્રજનાં મંદિરોમાં બિરાજતા દેવોમાંથી શ્રીકૃષ્ણભગવાનની મૂર્તિઓના ધ્વંસની યોજના લઈને તો એ નહીં આવ્યો હોયને? કાળ ખૂબ જ વિપરીત હતો. છાશવારે મથુરાનો સૂબો, દિલ્હીનો બાદશાહ એનાં લશ્કરનાં ધાડાં ને ધાડાં વ્રજને ધમરોળવા મોકલતા, એ પહેલાં આવા ફકીર જેવા ગુપ્તચરોને મંદિરો અને મૂર્તિઓનાં સ્થાનકોની તલાશમાં મોકલતા. આ પઠાણ દિલ્હીનો કોઈક એવો જ ગુપ્તચર ન હોય!

વ્રજવાસીએ સવાલ અધૂરો મૂક્યો ત્યાંથી જ રસખાનજીએ એમના વ્રજના આગમનનું સ્પષ્ટીકરણ કરતાં કહ્યું:

"ભૈયા, ઐસો ખુદા તો સર્વત્ર બિરાજમાન હૈ - અરે, ખુદ કે હૃદયમેં બિરાજમાન હૈ, લેકિન મોકે તો વૃંદાવન કો બાંકે બિહારી, મેરે સંગ ખેલે ઐસો બાલકૃષ્ણ ચાહિયે ઔર મૈં ઉસે ઢૂંઢને નીકલા હૂં. મોકે તો, ભૈયા-

મોરપખા સિર ઉપર રાખિહોં ગુંજકી માલ ગરે પહિરોંગી,
ઓઢિ પીતંબર લૈ લકુરિ બન, ગોધન ગ્વારનિ સંગ ફિરોંગો.

એવો નટખટ નંદકિશોર 'ભાવતો વોહિ મેરો રસખાનિ', વૃંદાવન બિહારી મીલનો હૈ.

વ્રજવાસીના આશ્ચર્યનો પાર ન રહ્યો. પૂરા કૃષ્ણરંગે રંગાયલો કોઈક ભૂલ્યો-ભટક્યો દૈવી જીવ એને પઠાણ રસખાનમાં લાગ્યો. વ્રજવાસીએ વૃંદાવનની દિશાનો રસ્તો રસખાનને બતાવવા, પરમાણંદદાસજીને યાદ કરતાં પદ ગાયું:

'લગૈ જો શ્રી બૃંદાવન કો રંગ
મનકે મૈલ સબે છૂટ જૈહે, અરૂ બિયન કો સંગ'

રસખાનજી ભાવવિભોર થઈ પ્રકૃતિના સાચા જાણકાર એવા વ્રજવાસીને ભેટી પડ્યા.

"મેરો તો જનમ સુધાર દિયો, ભૈયા!" બોલતા રસખાનજીએ વ્રજવાસીને કહ્યું: "ભૈયા, મનકે મેલ કો છુડવાને લિયે હી વૃંદાવન કી ઓર જા રહો હૂં..." કહેતાં રસખાનજી વનરાવનની વાટે ચાલી નીકળ્યા.

કાંટાળા, દગડાળુ રસ્તા પર રસખાનજી અર્ધા રસ્તે હજી તો પહોંચ્યા હશે ત્યાં જ વાતાવરણમાં એક મધુર કંઠ ગહેકી ઊઠ્યો. વાતાવરણ પ્રસન્નતાથી ઊભરાઈ ગયું. રસખાનજી એના ધૂળિયા પંથે વ્રજની હવામાં ઊડતી રજને હૈયા સરસી ચાંપતા એક ક્ષણ પૂરતા કાન પર ઝિલાતા સુંદર પદધ્વનિને આવકારતા ઝૂમી ઊઠ્યા:

'અસિતં ગિરિસમં સ્યાત્કજ્જલ સિંધુપાત્રે
સુરતરુવરશાખા લેખિની પત્રમુર્વી
લિખતિ યદિ ગૃહીત્વા શારદા સર્વકાલં
તદપિ ગુણાનામીશ પારં ન યાતિ'

સમુદ્રરૂપી ખડિયામાં તમામ પર્વતોનું કાજળ બનાવીને તેની શાહી બનાવવામાં આવે, કલ્પતરુની ડાળોની કલમ બનાવીને, સમસ્ત પૃથ્વીરૂપી કાગળમાં સાક્ષાત્ સરસ્વતી હંમેશાં આપના ગુણો લખ્યા કરે તોપણ, હે ઈશ્વર, આપના ગુણોનો પાર ન આવે.

સૌંદર્યપ્રેમી રસખાનજી અવાજની દિશામાં વળ્યા અને થોડાક વનરાજિમાં આગળ વધ્યા.. ત્યાં વ્યાસપીઠ પર બેસીને રામાયણનું કથામૃત પીરસતા રૂપકડા વક્તાને જોતાં હર્ષાન્વિત ઘઈ રસખાનજી બોલી ઊઠ્યા: "અરે, દયાલદાસ, આપ યમુનાતટ પર શ્રીરામજીકી કથા સુનાવત હો કા?"

૫.
રસખાનની ભાવસમાધિ

રસખાનજીના હૈયે હેતની હેલી ચડી. સરસ મજાની કુંજવાટિકા ને યમુનાતટ, ખળખળ વહ્યે જતાં શ્રીયમુનાજીનાં જળ.... કુંજવાટિકાની મધ્યમાં પીપળાના વૃક્ષ નીચેના ચોતરા પર 'રામચરિતમાનસ'ની કથાનો રસપ્રવાહ શ્રી યમુનામૈયાના વહેતા જલપ્રવાહની જેમ જ રસખાનજીના હૃદયમાં અનેરું સ્થાન વર્ષો પહેલાં જમાવી બેઠેલા સંતમિત્ર દયાલદાસના સુમધુર કંઠેથી વહી રહ્યો હતો. શ્રી રામજીની ગુણાનુવાદકથા કરતાં દયાલદાસજી તો ભાવિકોને કથાપાન કરાવવામાં મશગૂલ હતા..

'શ્રી રામચન્દ્ર કૃપાલુ ભજ મન.....' તુલસીદાસ-રચિત પંક્તિ રસખાનજીના કાને પડતાં જ રસખાનજીને વર્ષો પહેલાંની એમની મિથિલા અને અયોધ્યાની યાત્રા યાદ આવી ગઈ. સંવત ૧૬૩૩ની એ સાલ. માગશર મહિનાની કડકડતી ટાઢમાં સરયૂતટે રામજન્મભૂમિ અયોધ્યા ખાતે આ જ રીતે થોડા સમય પહેલાં જ પૂર્ણ કરેલા 'રામચરિતમાનસ'ની કથા મિથિલાના રૂપારણ સ્વામીને પ્રથમ વાર સંત તુલસીદાસજી અન્ય ભક્તો સાથે સંભળાવતા બેઠા હતા, ત્યારે સૌંદર્યની સદાય શોધમાં વ્યસ્ત, પ્રેમરસ-ભક્તિરસમાં સદાય ડૂબેલા રહેતા રસખાનજી અયોધ્યામાં સરયૂતટે આવી ચઢેલા એ યાદ આવી ગયું.

'હમ ચાકર રઘુવીર કે પટો લિખ્યો દરબાર,
તુલસી અબ ક્યોં હોઇંગે, નર કે મનસબદાર.'

રસખાનજી રઘુનાથજીના દુલારા - અહાલેકના જગાડનારા તુલસીદાસનો દુહો સાંભળી રામાયણની કથા સાંભળવા બેસી ગયેલા. ઘરઆંગણે દિલ્હીમાં શ્રીમદ્ભાગવતના ફારસી અનુવાદનું તો અધ્યયન ચાલુ જ હતું. ભારતીય સંસ્કૃતિના મૂળ આધાર એવાં બે મહાન વ્યક્તિત્વો રામ અને શ્યામની રસકથાથી સદાય ભક્તિરસથી પ્લાવિત રહેવા મથતા સંસારી જીવ રસખાનજીને 'રામાયણ' સાંભળવાની મજા પડી. સતત ત્રણત્રણ વર્ષ સુધી એ, પછી એ યમુનાતટે તુલસીકૃત 'રામચરિતમાનસ'ના પ્રથમ શ્રોતા રૂપારણ સ્વામી, એ પછી સાંડિલના નંદલાલ સ્વામી અને નંદલાલ સ્વામીના શિષ્ય દયાલદાસજી પાસે રામકથાશ્રવણ કરતા રહ્યા અને રામ અને શ્યામની જિંદગીમાં આરાધના કરતાં બન્નેનાં વ્યક્તિત્વોની ઉપાસના કરતા રહ્યા.

સ્વામી નંદ સુલાલ કો શિષ્ય પુની,
તિસુ નામ દયાલ સુદાસ ગુની.

આજે જમુનાજીના કાંઠડે મિત્ર દયાલદાસને ભક્તજનોને કથાશ્રવણ કરાવતા જોઈ એમના અનંદનો પાર ન રહ્યો. કથા પૂર્ણ થતાં જ દયાલદાસનું ધ્યાન એક ખૂણામાં કથારસની ધૂનમાં વ્યસ્ત બની ડોલતા રસખાનજી પર ગયું.

"અરે, રસખાનજી! આપ વ્રજમેં?" દયાલદાસ વ્યાસપીઠ પરથી ઊભા થતાં દોડીને રસખાનજીને ભેટી પડતાં બોલી ઊઠ્યા.

"હા, ભાઈ, હું તો વ્રજમાં નૈનમાં વસેલા મારા શ્યામને, શ્રીકૃષ્ણને શોધતો ભટકી રહ્યો છું, કારણ કે દિલ્હીમાં વૈષ્ણવોએ જ્યારથી તસ્વીરમાં મારા શ્રી ગોવર્ધનનાથને દેખાડ્યા છે, બસ ત્યારથી *'દેખ્યો રૂપ અપાર મોહન સુંદર શ્યામ કો'* - એની શોધમાં એનાં દર્શન કાજે ભટકતો રહ્યો છું." રસખાનજી બોલ્યા

"રસખાનજી, માનવમાત્રની જિંદગી આ ખોજમાં ક્યાંના ક્યાંય, મનોપદેશ દ્વારા રામ અને કૃષ્ણને શોધતી જ રહી છે. પરંતુ ભાગ્યે જ રામ કે કૃષ્ણ ભૌતિક ભવસાગરની આ દરિયાવાટમાં મળતા હોય છે. હું તો રામની ગુણગાથાનું રસપાન કરાવતો ભાવિકોની ભક્તિની નાવને મારી નાવ સાથે રામનામનાં હલેસાં વાટે રામ તરફ લઈ જઈ રહ્યો છું. તમે કૃષ્ણને મેળવવા શું કરી રહ્યા છો, રસખાનજી?" દયાલદાસે મિત્ર-ભક્તને પૂછ્યું.

"દયાલદાસજી, તમે જેમ તુલસીદાસજી કહી ગયા છે તેમ

એક ભરોસો એક બલ, એક આસ વિશ્વાસ,
એક રામ ઘનશ્યામ હિત, ચાતક તુલસીદાસ.

-ની જેમ રામને ભરોસે તમારી જીવનનૈયા ભવસાગરમાં પાર કરી દેશો. હું તો હજી મારા કૃષ્ણની શોધમાં વ્રજની વનલતાઓમાં, જમુનાજીના જલતરંગોમાં,

ગિરિરાજજીની મૃદુ શિલાઓમાં શોધી રહ્યો છું, અને બસ જીવનપર્યંત શોધતો જ રહું... પ્રિયતમના પાશની વિરહઝંખનામાં મારાં વિરહાશ્રુને કૃષ્ણનામથી પવિત્ર કરતો રહું! બસ એ જ મારી તો ઝંખના છે અને ભવોભવ બસ આ જ રાસભૂમિની રાસલીલામાં મારા શ્રીકૃષ્ણનું સાંનિધ્ય અને વિરહ માણતો રહું...

માનુષ હૌં તો વહી રસખાનિ બસૌં વ્રજ ગોકુલ ગાંવકે ગ્વારન,
જો પશુ હૌં તો કહા બસ મેરો, ચરૌ નિત નન્દકી ધેનુ મંઝારન;
પાહન હૌં તો વહી ગિરિ કો જો ધર્યો, કર છત્ર પુરંદર ધારન,
જો ખગ હૌં તો બસેરો કરૌં મિલિ, કાલિંદી કુલ કદંબકી ડારન.”

અને રસખાનજી મિત્રની વિદાય લઈ વૃંદાવનની વાટે આગળ ચાલી નીકળ્યા.

રસ્તામાં હૈયે રામ અને શ્યામ ઝોલાં ખાવા માંડ્યા. ચંચલ ચિત્તપંખીએ શ્યામની ડાળેથી રામની ડાળે અને રામની ડાળેથી શ્યામની ડાળે ઉડાઉડ કરવા માંડ્યું. હજી રસખાનજીને ‘દૃઢ ઈન ચરનન કેરો ભરોસો’ના સૂરદાસજીનો ભેટો થયો નહોતો, પરંતુ હૃદયમાં એક દૃઢતા તો સ્થપાઈ ગઈ હતી, અને તે બગલથેલામાં બિરાજતા શ્રી ગોવર્ધનનાથજીનાં ચિત્રજીનાં, શ્રી ગિરિરાજજીમાં બિરાજતા શ્રીજીબાવાનાં દર્શનની એક યાત્રા શરૂ થઈ ગઈ હતી. પંથ લાંબો હતો, વિકટ હતો, મંઝિલ દૂર હતી, રસ્તો કાંટાળો હતો. ચંચલ ચિતવનના કાંટાળા પથ પર તુલસીદાસજીના ‘ચિત્રકૂટકે ચિત્તઘાટપે’ સંતનકી, વિચારોની ભીડ જામતી જતી હતી. રસખાનજીને લાગ્યું કે આત્મચિંતન દ્વારા આપણા દોષોનું, આપણા ચાંચલ્યનું, આપણા ભટકતા મનનું આત્મનિરીક્ષણ નહીં કરીએ ત્યાં સુધી ગોકુલનો કાનુડો હૃદયમાં ભક્તિની બંસી નહીં બજવા દેવાનો...

રામ અને શ્યામનો વિચાર કરતાં રસખાનજીને એક વાતની તો પ્રતીતિ થઈ જ ગઈ હતી કે રામ અને શ્યામ બન્ને પરમાત્માનાં સ્વરૂપો હતા. એમની ચરિત્ર-ગાથાનું ઋષિચિંતન માનવીને *‘પરમ તેજે તું લઈ જા’*ની ભૂમિકા પર લઈ જવા જેટલું સામર્થ્યવાન હતું. શ્રીરામના ઉદાત્ત પાત્રની રચના દ્વારા મહર્ષિ વાલ્મીકિએ રામને મહામાનવ તરીકે, આદર્શ માનવ તરીકે, પ્રજા સમક્ષ જવા લાયક ગંભીર, જાજરમાન વ્યક્તિ તરીકે લોકો સમક્ષ ધર્યા હતા. વાલ્મીકિએ આદર્શ નરનો એક નમૂનો રામમાં મૂકી, અન્ય માનવસંબંધ કેવા હોવા જોઈએ એના આદર્શો પતિવ્રતા સીતા, આદર્શ ભાઈઓ લક્ષ્મણ અને ભરત, દાસભાવથી ઊછળતા હનુમાનજી, મિત્રરૂપે આદર્શ વિભીષણ અને સુગ્રીવ દ્વારા પ્રગટ કર્યા હતા અને આ આદર્શોનાં આચરણો દ્વારા

માનવી માનવેતર, વાનરમાંથી નર અને નરમાંથી નારાયણની કક્ષા રામ સુધી પહોંચી શકે છે એની ગતિવિધિઓ દ્વારા સિદ્ધ કરી હતી, એ મહર્ષિ વાલ્મીકિએ એમના ‘રામાયણ’ દ્વારા સિદ્ધ કર્યું હતું, જ્યારે તુલસીદાસજી તો ભક્ત હતા. ભક્તની ભગવાન માટેની કલ્પના જ કાંઈક ઓર હોય છે. મહર્ષિ વાલ્મીકિના ‘રામ’ નારાયણ-સ્વરૂપ અવતારસ્વરૂપે સિદ્ધ થઈને આવ્યા હતા, એમને તુલસીદાસે - એમના રામને વહેમ, અશ્રદ્ધા, લાચારી, પામરતા અને અંધશ્રદ્ધામાં જીવતા ધર્મના પાયારૂપ શ્રદ્ધાના પાયા જ્યારે હચમચી ચૂક્યા હતા, ત્યારે અવતારપુરુષ રામ તરીકે તુલસીદાસે સ્થાપ્યા, પરંતુ તર્કની કસોટીએ અજ્ઞાની ચર્ચાના ચાકડે ખંડિત થતા અવતારવાદને શ્રદ્ધા અને ભક્તિના સિંચનથી પુષ્ટ કર્યો છે, સિદ્ધ કર્યો છે. તુલસીદાસે ઈશ્વરની સાધનામાં સાકાર સ્વરૂપની આણ માનીને તુલસીદાસજીએ ‘રામચરિતમાનસ’ દ્વારા સાકાર રામની પ્રજાને ભેટ આપી, જે સાકાર રામ ‘ચિત્રકૂટ’ના ઘાટ પર તિલક કરાવવા પણ આવે. રસખાનજી પણ એક એવા જ કૃષ્ણની શોધમાં હતાં જે ગોકુલની ગોપીઓની મટુકી ફોડે, માખણ લૂંટે અને માખણ માટે ગોપીઓના આદેશ પ્રમાણે ‘તાતા થૈયા’નું નૃત્ય પણ કરે અને રસખાનજી એવી ભાવસમાધિમાં ગાઈ ઊઠે:

‘તાહિ અહીર કી છોહરિયાં છછિયા ભરિ છાછ પે નાચ નચાવે.’

ભગવાન રામ જન્મ્યા ત્યારે સમાજ સારી એવી મર્યાદાના ચોકઠામાં રહી એનું જીવન જીવતો હતો. રામજીએ એ મર્યાદા જીવનમાં પાળી હતી, પરિણામે એ મર્યાદા પુરુષોત્તમ કહેવાયા; જ્યારે ભગવાન શ્રીકૃષ્ણનો સમયખંડ ભાવના અને પ્રેમનો, જશોદા અને રાધાજીની લાગણીનો કાળ હતો. પરિણામે જ્યાં ભાવના અને પ્રેમના વહેણો બેફામ વહેતાં હોય ત્યાં મર્યાદા બંધન બની જાય છે. શ્રીકૃષ્ણે આ મર્યાદાની મટકીને એની પ્રેમાળ રસભીની કાંકરીઓથી તોડીફોડીને ભાવના અને પ્રેમનાં માખણને માનવ જિંદગીમાં બેફામ વહાવ્યું અને મર્યાદાના કારણે આત્માના રૂંધાતા વિકાસને મુક્ત કર્યો.

મહર્ષિ વાલ્મીકિના રામાયણમાંથી શ્રી રામજીના જીવનકાળ દરમિયાન ક્યાંયથી ક્યારેય પણ મહાભારતના એક અંશરૂપ માનવજીવનના મૂલ્યની, સનાતનતાની, માનવસંબંધોના ખોખલાપણાની, તત્ત્વજ્ઞાનસભર નિષ્કામ કર્મની અહાલેક જગાવતી શ્રીમદ્ ભગવદ્ગીતા મહર્ષિ વાલ્મીકિ કે તુલસીદાસના રામાયણમાંથી મળતી નથી. અલબત્ત, તુલસીદાસજી કે વાલ્મીકિ રામાયણમાં એવા કેટલાક પ્રસંગોમાં તત્ત્વજ્ઞાનની ચિંતનસભર કથાઓ, જેવી કે રામલક્ષ્મણ વચ્ચેનો પંચવટીનો સંવાદ, ઉત્તરકાંડમાં કાકભૂષણ અને ગરુડજીનો સંવાદ અને એમાં ભક્તિ અને કર્મની ચર્ચા જોવા મળે છે.

વાલ્મીકિના રામજી વંદનીય છે - આદરપૂર્વક, મર્યાદામાં રહીને ભજવા લાયક, પૂજવા લાયક રસખાનજીને એમના ત્રણ વર્ષના રામાયણ-પારાણયના શ્રવણ દરમિયાન લાગ્યા હતા, જ્યારે દિલ્હીમાં ચાર વૈષ્ણવોએ વર્ણવેલા બાળક શ્રી ગોવર્ધનનાથજી નટખટ, સામાન્ય પેલા 'સુંદર' બાળક જેવા તોફાની, રિસાળ, પ્રેમાળ, સહજ માનવ જેવા લાગ્યા. રસખાનજીને લાગ્યું કે રામની એમના સ્વરૂપ પ્રમાણે મર્યાદામાં રહીને ભક્તિ કરાય, કૃષ્ણની કાંધે ચડીને એમનું મોરપિચ્છ ઉઠાવી લેવાય. રામજીના ધનુષ્યની તો પણછને પણ ન પકડાય, પણછને વંદન કરાય. કૃષ્ણના ખભે હાથ મૂકી સખાભાવે, દોસ્તભાવે ભક્તિ કરી શકાય - ગોવિંદસ્વામી જેવી આત્મીયતા સધાય પછી ઠાકરોજીને દાવ આપ્યા વગર નાસી જવા માટે કાંકરી મારી શકાય. મર્યાદા પુરુષોત્તમ રામજી સાથે આવું ન થાય.

રસખાનજીને ઘણીવાર વિચાર આવતો કે રામભક્તિ અને કૃષ્ણભક્તિ વચ્ચે આટલા - આવા ભેદ પાછળનાં કારણો કયાં હશે? આખરે તો રામ અને શ્યામ રસના પુંજ - પ્રેમનાં પરિણામો છે.

રામ ગંભીર, મર્યાદામાં રહેલા એકાંગી છે, એક જાજરમાન રાજાનું વ્યક્તિત્વ ધરાવે છે, પરિણામે એ મોભાનું, ગાંભીર્યનું, ધનુષ-બાણનું ભક્તે માન મર્યાદામાં રહીને જાળવવાનું હોય છે. આમ છતાં એમના ભક્તો માટે તો એ 'શ્રીરામચન્દ્ર કૃપાળુ' જ છે, જ્યારે કૃષ્ણ બહુરંગી છે. જેલમાં જન્મેલા, રાજવી અંશો ધરાવતા શ્રીકૃષ્ણ આખરે તો જશોદાના જાયા, ગોવાળિયા, ગોપીઓના વહાલા, રાધાના પ્યારા પૂર્ણ પુરુષોત્તમ છે, પુરુષોમાં ઉત્તમ છે. બાળલીલાથી રાસલીલા અને રાસલીલાથી કંસલીલાના કરનારા શ્રીકૃષ્ણની બહુરંગી જીવનયાત્રામાં એ એમના ભક્તજનોને સદાય એમનાં દોસ્ત, હમસફર ગોવાળિયા રૂપે જ મળે છે, એવું રસખાનજીએ અનેકના મોઢે સાંભળ્યું હતું અને એટલે જ તો સૂરદાસનો કનૈયો *'મૈયા, મોહિ દાઉ બહુત ખિજાયો'* જેવી ફરિયાદ કરતો ચૌદ લોકનો નાથ એક માખણના લોંદા માટે નાચ નચંતો, રસખાનનો સહૃદયી નંદ-દુલારો કૃષ્ણ આખરે તો સૌનો અધમ-ઓધારણ બની રહે છે.

રસખાનને દયાલદાસ સાથેના -

'એક ઘડી આધી ઘડી, આધી ઉનમેં આધ
સંગત કરિયે સંતકી તો મીટે કોટી અપરાધ'

- આધી ઘડીના સત્સંગમાંથી જેમની શોધમાં નીકળ્યા હતા એવા શ્રી ગોવર્ધનનાથજી અને રામજીની ઘણીઘણી જ્ઞાનસભર વાતો જાણવા મળી.

'જય શ્રીકૃષ્ણ' 'જય સિયારામ' - એકબીજાને કરી બે સત્સંગી મિત્રો જુદા પડ્યા.

રસખાનજી યમુનાના કિનારેકિનારે વૃંદાવનની દિશામાં ચાલી નીકળ્યા. ભવાટવી જેવી જ આ વ્રજયાત્રા હતી. મધુવનના માધવને, ગોકુલના ગિરિધરને, ગિરિરાજજીના ગોવર્ધનનાથને, નંદગામના નંદકિશોરને, બરસાનાના રાધેશ્યામને, રાસસ્થલીના રાસેશ્વરને શોધવાની - શોધતાં-શોધતાં રાધા અને ગોપીઓની જેમ ખોઈ નાંખવાની આ એક જીવનયાત્રાના રસખાનજી પરિવ્રાજક જીવ હતા, લીલાના જીવ હતા. લીલામાં રમમાણ રહેતા હતા. ક્યારેક રસ્તે ભૂલા પડી જતા ત્યારે અંતરમાંથી પ્રશ્ન પણ ઊઠતો: 'હું કયાં જઈ રહ્યો છું?' અને પ્રશ્નનો ઉત્તર પણ એ જ એમનું હૈયું આપતું યજુર્વેદની શ્લોકધારા દ્વારા:

"તાવાં વાસ્તૂન્યુશ્યમસિ ગમધ્યૌ
યત્ર ગાવો ભૂરિ શૃંગા અયાસ:
અત્રાહ તદુયુગાસ્ય વૃષ્ણ:
પરમં પદ વિભાતિ ભૂરિ ॥'"

"હે પ્રભો! જ્યાં સુંદર શીંગડાંવાળી ગાયો ચરે છે અને વિદ્વાનો જેમની કીર્તિગાથા ગાય છે, એવા વૃષ્ણવંશી જ્યાં પ્રકાશમાન છે, ત્યાં અમે જઈએ છીએ."

રસખાનજી મનોમન શ્રીમદ્ ભાગવતમાંથી વાંચીને આત્મસાત્ કરેલી વૃંદાવનલીલાને યાદ કરતા ગતિ કરી રહ્યા છે. સ્વચ્છ આકાશ જેવા અંતરમાં મુરલી મનોહરની - કાલિંદીના કાંઠે રાસ રમતા શ્રીનાથજીની તસ્વીર ઊપસી રહી છે.

આંખો સામે કાંટાળા પંથ શી વ્રજભૂમિ, અંતરમાં ભગવદ્-ભક્તિ સર્જતી અલૌકિક સામર્થ્યપૂર્ણ વ્રજભક્તિ અને એ ભક્તિના આરાધન દ્વારા અલૌકિક ભગવદ્-લીલાધામમાં પ્રવેશ કરાવતી સ્વયં લીલાભૂમિ - રસખાનજી આમ વ્રજનાં ત્રણ સ્વરૂપ આધિભૌતિક, આધ્યાત્મિક - ભક્તિપ્રદાન અને આખરે આધિદૈવિક એવી અલૌકિક ભગવદ્-લીલાધામની વ્રજભૂમિનો પથિક બનતા વૃંદાવનની દિશામાં લગભગ દોટ મૂકતા દોડી રહ્યા હતા. પ્રભાતના ફાટતા પ્હોમાં રસખાનજીને ભારતીય સંસ્કૃતિના પૌરાણિક કાળથી ઉદિત થયેલી ધર્મપ્રેરિત સંસ્કૃતિનાં દર્શન થતાં હતાં. વેદમાં 'ચરંત કૃષ્ણ' એવી ભૂમિ તરીકે વ્રજભૂમિનો થયેલો ઉલ્લેખ, ખભે લાકડી, માથે મોરપિચ્છ, પીળી પીતાંબરી શરીર પર ધારણ કરી બુચકારા મારતા, 'અરી ગવરી, અરી રાધા,

'અરી લલિતા, અરી સુરભિ, અરી કામધેનુ' જેવા શબ્દો સાથે ગાયોના ધણને દોરતા, નાના નાના વ્રજબાલોને યમુના નદીના કિનારે પથરાયેલાં મધુવનો, ભાંડીરવનો, સંકેતવનોમાં દોરી જતા જોઈ રસખાનજી નાચી ઊઠતા. ગૌચરણલીલાનાં પદ ગાતા અટકી ગયા. અંતરમાં એક સાવ નિરાલી છબી અંકિત થઈ ગઈ. *'બસ જા દિન તેં નિરખ્યો નન્દનન્દન કાનિ'* ત્યારથી ગોપીઓની જેમ જ રસખાનનાં પણ *'તજી ઘર બંધન છૂટ્યો'* - ઘરનાં, તનનાં, મનનાં બધાં જ બંધનો છૂટી ગયાં અને રસખાનજી એ જ મસ્તીમાં સેવાકુંજમાં ક્યારે પ્રવેશી ગયા એનો ખુદને પણ ખ્યાલ ન રહ્યો.

શ્રી રાધાવલ્લભ સંપ્રદાયના શ્રી હિતહરિવંશજીની નિશ્રામાં સરસ મજાનાં તરુવરો, લીલીછમ ધરતી અને હુપાહુપ કરતી બજરંગ-સેનાને નિહાળતાં રસખાનજીને સ્થળ ખૂબ જ ગમી ગયું. એમણે એક વૃક્ષની છાયા નીચે ઓટલા પર જમાવ્યું. પઠાણી પાઘડીને માથા પરથી ઉતારી બાજુમાં મૂકી. ત્યાં જ ડાળ પર બેઠેલો વાંદરો કૂદકો મારી પાઘડી ઉપાડીને ડાળ પર બેસી ગયો.

"અરે અરે, બંદરને..." લોકો આકુળવ્યાકુળ થઈ બૂમાબૂમ કરવા માંડ્યા ત્યારે રસખાનજી તો કોઈક અનેરી દુનિયામાં હોય એમ વૃક્ષની સામેના મંદિરમાં બિરાજતા યુગલસ્વરૂપનાં દર્શન કરતાં ભાવવિભોર થઈ ગાઈ ઊઠ્યા:

બ્રહ્મ મેં ઢૂંઢ્યો પુરાન ગાનન
વેદરિચા સુની ચૌગુને ચાયન
દેખ્યો સુન્યો ન કહું કબહું
વહ કૈસે સરૂપ ઓ કૈસે સુભાયન
ટેરત હેરત હારિ પરયો
રસખાનિ બતાયો ન લોગ લુગાયન
દેખો દૂરો કુંજ કુટિરમેં
બૈઠો પલોટત રાધિકા પાયન.

રસખાનજીને રાધાજીની ચરણસેવા કરતા શ્રી ઠાકરોજીના દર્શન થતાં હતાં. રસઘેલા રસખાનજી ભાવવિભોર બની ઊભા થઈને ઠાકોરજીને ભેટવા દોડ્યા અને રાધારાણીના સંગે ઠાકરોજી સેવાકુંજની ગહરાઈમાં ગાયબ થઈ ગયા... રસખાનજી તિરોધાન પામતા યુગલસ્વરૂપને સજળ આંખે જોઈ, નિરાશ થઈ, સેવાકુંજ છોડી, નિધિકુંજમાં પ્રવેશ્યા ત્યારે સેવાકુંજની લીલાનો અનુભવ યાદ કરતાં સ્વામી હરિદાસનું પદ યાદ કરતાં હસતા-હસતા બોલી ઊઠ્યા:

"હરિ કો ઐસોઈ સબ ખેલ."

સ્વામી હરિદાસનાં નિધિવનમાં દર્શન કરી, રસખાનજી એમની મસ્તીમાં ટહેલતા-ટહેલતા બાંકે બિહારીના મંદિરમાં પહોંચ્યા ત્યારે ભક્તોની ભીડમાં ભીંસાઈ ગયા. રસખાનજીને ભક્તોની એ ભીડમાં ભીંસાવું ગમ્યું. પ્રેમાલિંગનનો અનુભવ કરતા રસખાનજી મંદિરમાં ઘૂસી ગયા અને આંખો સામે સૌંદર્યનો રસસાગર ઊછળ્યો. આંખો ચકાચૌંધ થઈ ગઈ. રસખાનજીની આંખો શ્રી બાંકે બિહારીજીની અદ્‌ભુત રૂપ-રમણીય મૂર્તિ સામે સ્થિર થઈ ગઈ. બંધ આંખો વાટે પ્રેમાવેશમાં મસ્ત એવા રસખાનજી હૃદયમાં અલૌકિક રસસૌંદર્યના દાતાનું અભિરામ રૂપ એમના ઘટઘટમાં ઉતારી રહ્યા હતા ત્યાં જ ટેરો આવ્યો. ઠાકરોજી ઓઝલ થઈ ગયા. રસખાનજીના હૈયામાંથી પંક્તિ સરી પડી :

"ભાઈરી, વા મુખકી મુસકાનિ, સંભારિ ન જૈહે ન જૈહે ન જૈહે!"

શ્રીકૃષ્ણના સ્મિતકટાક્ષ સામે જાતને સંભાળવી ખૂબ જ કઠિન છે. અને રસખાનજી હજી તો જાતને સંભાળવા જાય છે, ત્યાં તો "અરે, યવન ઘૂસ આયો! અરે, મુસ્લિમ ઘૂસ આયો! હમારે બાંકે બિહારી છૂ ગયે, ઉસને અપના મૂંહ, દેખો, છૂપા દિયો!" કહેતા ભક્તજનો, ચોબાઓ, મંદિરના સેવકોએ રસખાનજીને ધક્કા મારી મંદિરની બહાર ધકેલવાના પ્રયત્નો કર્યા. બહાર ધકેલાતા રસખાનજીની વિહ્વળ વિરહી આંખો તો ટેરા પાછળ છુપાઈ ગયેલા બાંકે બિહારીજી તરફ સ્થિર થયેલી હતી અને ઘસડાતા- ઠબલાતા રસખાનજી ને ભક્તજનોએ "બાંકે બિહારીજીને મૂંહ છૂપા લિયો!"ના પોકારો કર્યા ત્યારે જ ટેરો ખૂલી ગયો અને રસખાનજી પ્રસન્ન ચિત્તે ગાઈ ઊઠ્યા: 'વાહ હરિ કૈસોઈ તેરો ખેલ!'

૬. 'ચલ રે મનવા ગોકુલધામ!'

બિન ગુન જીવનરૂપ ધન બિન સ્વારથ હિત જાની
શુદ્ધ કામના તેં રહિત, પ્રેમ સકલ રસખાનિ.

"નારદ ભક્તિ સૂત્ર"ના

ગુણરહિતં કામનારહિતં પ્રતિક્ષણ ।
વર્ધમાન વિચ્છિન્નં સૂક્ષ્મતરમનુભવરૂપમ્ ॥

શ્લોકને 'શુદ્ધ કામના તેં રહિત પ્રેમ સકલ રસખાનિ'ના હૈયેથી ઊઠેલા ભાવમાં નિરૂપતા રસખાનજી એ જ ક્ષણે શ્રીકૃષ્ણની રસભૂમિ - રાસભૂમિ - વ્રજની ભૂમિમાં રાધારચરણ ગોસ્વામીના શબ્દોમાં

દિલ્હી નગર નિવાસ બાદસા વંશ વિભાકર ।
ચિત્ર દેખિ મન હરો, ભરો પ્રેમ સુધાકર ॥

મનમાં પ્રેમ-સુધાકર છલકાવતા, પ્રારંભિક લૌકિક પ્રેમ - ભૌતિક પ્રેમને વૈષ્ણવોના સત્સંગે 'પ્રેમ-સુધાકર'માં પરિવર્તિત કરતા વૃંદાવનની કુંજગલીઓમાં રાધા સંગ રાસ રમંતી ગોપીઓના ગોરસનો ગુલાલ ઉડાડતા ગ્વાલ-બાળકો સાથે કાલિંદીના કાંઠે ગેડી-દડા ખેલતા કાનુડાની શોધમાં ભટકતા રસખાનજી

'પ્રેમ હરિકો રૂપ હૈ
ત્યોં હરિ પ્રેમ સ્વરૂપ'

ગાતા-ગાતા બંસીબટ પર આવી પહોંચ્યા અને આંખોમાં બંસીબટનું સૌંદર્ય અંજાઈ ગયું. હૈયું ગાઈ ઊઠ્યું:

'શ્રી વૃંદાવન સો વન નહિ, નંદગામ સો ગામ,
બંસીબટ સો બટ નહિ, શ્રીકૃષ્ણ નામ સો નામ'

આ સુંદર પંક્તિઓ રચનાર કવિને પ્રેમાંજલિ આપતા રસખાનજી રાસચોતરા પાસે જઈને ઊભા રહ્યા. પાયલના ઝંકારથી કાન ગુંજી ઊઠ્યા. બટમોગરાની સુગંધથી નાસિકા ફોરી ઊઠી અને અર્ધનિદ્રામાં સરી પડેલા રસખાનજીની આંખો નાનકડા નટખટ રાસબિહારીને રાસચોતરા પર ઘેરી લેતી વ્રજબાલાઓના તોફાનને નિહાળી રહી. ટચૂકડા રાસબિહારી શ્રી ગોવર્ધનનાથ એક હાથમાં બંસરી પકડતા, બીજા હાથેથી કમરમાંથી છૂટી જતી કાછડી સરખી કરતા આમથી તેમ દોડી રહ્યા હતા. ગોપબાલિકાઓ આંગળીઓના આંકડા ભીડી, વર્તુળાકાર ઘૂમતી, કનૈયાનો રસ્તો રોકી ખડખડાટ હસતી

'નહીં દુંગી નંદલાલ માખણ નહીં દુંગી,
નહીં દુંગી નંદલાલ છછિયા નહીં દુંગી'

ગાતી જતી હતી, તો કનૈયો લાચાર ચહેરા પર અસહાયતાનો લેપ લગાડતો બોલી ઊઠતો:

"મોકે માખણ-મીસરી દીજો રે, અરિ ગોરી માખણમીસરી દીજો રે."

"કાના એક શરત પે મિલેગો!" રાધા હસતી, તાળી પાડતી બોલતી.

"શરત કાહેકી, રાધે! માખણ-મીસરી મોકે બહુ ભાવે! મોકે દીજો રે."

જવાબમાં ગોપાંગનાઓ તો બસ એ જ એમનું રટણ ગાતી: 'નહીં દુંગી નંદલાલ ગોરસ નહીં દુંગી' અને રાધા વચ્ચે ટહુકતી: 'કાના, એક શરત મેરી માન લે! સારે વૃંદાવનકી ગ્વાલિની કી છછિયાં, ગોરસ દિલવાઉંગી, હાં."

"કાહેકી શરત, રાધે?"'

"દેખ, કનૈયા, આજ તૂ હમારે સબકે સામને તા તા થૈ થૈ કરકે નાચ, તો ગોરસ દુંગી! હૈ ના ગોપિયાં?" રાધા બોલી.

"હાં હાં, કાના, તૂ નાચ. તેરે છોટે છોટે ચરણ થૈ થૈ કરકે વ્રજકી ધૂલિમેં નાચેંગે... તેરી હોઠોંકી મુસકાન, તેરી આંખો કી પલક કી ફડફડાહટ, તેરે છોટે છોટે હાથોંકી અંગિભંગી - બસ, હમકો તો દર્શન કરના હૈ હમારે મુરલી મનોહર કી થૈ થૈ થૈયા કા!" ગોપીઓ બોલી.

"અબે જાઓરી! મૈં નંદબાવા કો દુલારો ક્યું નાચું? મૈં તો તુમકો નચાઉંગો હાં!" કહેતાં કનૈયાએ રાધાની મટુકીને ઝાપટ મારવા છલાંગ મારી, પરંતુ સાવધ રાધા સરકી ગઈ અને લાલો ધ્રબાંગ કરતો પડ્યો. ગોપીઓ તાળીઓ પાડતી-

નહીં દુંગી નંદલાલ છછિયા નહીં દુંગી!
નહીં દુંગી નંદલાલ ગોરસ નહીં દુંગી!
મખનિયાં નહીં દુંગી !

ગાવા માંડી.

"અરે લલિતા, ચન્દ્રાવલિ, વિશાખા, મોકે છાછકા છછિયા દે દે. મોકે ગોરસ દે દે. મોકે માખણ-મીસરી દીજો રે.."

"કનૈયા, હમારે સામને નાચ, તો છછિયા ભરી છાછ દુંગી, ઉપરસે મખ્ખનિયાં ભી દુંગી! લેકિન તોકે નાચનો પડેગો, કાનકુંવર!"

ગોપીઓ અને ગોપીવલ્લભ વચ્ચેની રકઝક હવે તો રમઝટ સુધી પહોંચી ગઈ હતી અને આવી અદ્‌ભુત સૌંદર્યલીલાનાં, 'રકઝક'-લીલાનાં દર્શન કરતાં રસખાનજીના ઉરમાં એવી તો આનંદની હેલી ઊભરાઈ કે સાનભાન ગુમાવતા નાચવા માંડ્યા અને હૈયામાંથી હેતને હિંડોળે ઝૂલતું પદ વાણી દ્વારા સરી પડ્યું :

સેસ ગનેસ મહેસ દિનેસ સુરેસ જાહિ નિરંતર ગાવે
જાહિ અનાદિ અનન્ત અખંડ અછેદ અભેદ સુબેદ બતાવે
નારદસે સુક વ્યાસ રહૈ પચિ હારે તઉ પુનિ પાર ન પાવૈં
તાહિ આહિર કી છોહરિયાં છછિયા ભરી છાછ પે નાચ નચાવે

અને ગોપીઓના પ્રેમના, ભક્તિના રસિયા નાગર નંદલાલે એની કાછડીના છેડાને કમરમાં ખોસી, માથા પરનું મોરપિચ્છ સરખું કર્યું, હાથમાં રમતી બંસરીને અધરે ધરી, ચરણના ઠૂમક-ઠૂમક ઠેકા સાથે નૃત્ય શરૂ કર્યું. મા ધરિત્રી એના લાડલા લાલનના એની છાતી પર નાચતા-કૂદતા તાતા થૈથૈના ઠેકા ઝીલતી, વ્રજની રજ વાતાવરણમાં ઉડાડતી, ધન્યધન્ય થઈ જતી ઝૂમી ઊઠી. ગગનના ગોખે 'સેસ ગનેસ મહેસ દિનેસ સુરેસ' આદિ દેવતાઓ સ્વર્ગમાં એમને પણ દુર્લભ એવાં દર્શન કરવા ઊમટી પડ્યા. કનૈયાના હૃદયની પ્રેમધારા આંખોમાં છલકી, હોઠ પર મલકી, ચરણમાંથી વહી, વ્રજબાલાઓના ઉરમાં સમાઈ, તનમાં ડોલવા માંડી, મનમાં મલકવા માંડી અને સમસ્ત અંગ રાસવિભોર થઈ, કનૈયાના તાલે, બંસરીના નાદે એકાકાર બની નાચવા લાગી.

અદ્‌ભુત દૃશ્ય હતું, અલૌકિક લીલા હતી. 'સેસ ગનેસ, મહેસ દિનેસ' બધા જ દેવોને દુર્લભ એવાં દર્શનનો માહોલ બંસીબટના ચોતરે રચાઈ ગયો હતો. રસખાનનો આત્મા પ્રસન્નતાથી મહોરી ઊઠ્યો. અર્ધબંધ આંખો અદ્‌ભુત અનન્ય છાકલીલાનાં દર્શન કરી રહી.

નાનકડા નંદકિશોર એકએક ગ્વાલિનીની મટુકી માથા પરથી ઉતારતો, મટકીમાં એની કરાંગુલિઓ નાંખી માખણ બહાર કાઢી, ચાટતો જાય, કુલડીઓમાં - માટીના છાલિયામાં છાસ ભરીભરીને પીતો જાય, પ્રેમઘેલી ગોપીઓ પણ કાનુડાને પકડી લેતી, ગોદમાં બેસાડી પોતાના હાથે માખણ આરોગાવતી જાય, કનૈયો એક ગોપીના બાહુપાશમાંથી છટકવા જાય ત્યાં બીજી ગોપીના બાહુપાશમાં પકડાઈ જાય. આનંદની

ચિચિયારીઓથી આખુંય વૃંદાવન ગુંજી ઊઠ્યું! ગોપબાળકો બંસીબટ પર દોડી આવ્યાં. રસખાનજી પણ આવેશમાં આવી કનૈયાને બાહુપાશમાં જકડવા રાસ-ચોતરા તરફ દોડ્યા, હાથ લંબાવ્યા.... બસ, એક જ વેંતનું અંતર રહ્યું અને એક હડસેલો...

રસખાનજી ધબાક કરતા ચોતરા પર પડી ગયા...

ભરબપોરની ગરમી રસખાનજીને આભડી ગઈ. શરીર પસીનાથી રેબઝેબ.... વ્યાકુળ વૈષ્ણવની આંખો ચારે દિશામાં ઘૂમતી રહી, કોઈકને શોધતી રહી. કાનુડો ફરી એક વખતઅલપ ઝલપ દર્શન દઈ છટકી ગયો હતો. રસખાનજીનું વિરહાતુર હૈયું રડી ઊઠ્યું:

'બિરહાકી જૂ આંચ લગી તનમેં તબ જાય પરી જમુના જલમેં
વિરહાનલ મૈં જલ સુખિ ગયૌ, મછલી વશીં છાંડિ ગઈ તલમૈં
જબ રેત ફટી રૂ પતાલ ગઈ, તબ સેસ જરયૌ ધરતી તલમૈં
રસખાન તબૈ ઈહિ આંચ મિટે જબ આય કે શ્યામ લગે ગલમૈં!'

'જબ આયકે શ્યામ લગે ગલમૈં' - રસખાનજીનું ભાવવિભોર વિરહી હૈયું નિરાશ પગલે વૃંદાવનની કુંજગલીઓમાં શ્યામને ગળે લગાડવા, હૈયે ધારણ કરવા કેટલાય દિવસો સુધી યમુનાતટ પર, બાંકે બિહારીના મંદિરમાં, નિધિવનમાં, સેવાકુંજમાં ભટકતું રહ્યું, પરંતુ શ્રી ગોવર્ધન ગિરિધારી તો એની સાથે આંખમિચોલી ખેલતો જ રહ્યો. અલપઝલપ દર્શન દેતો એ વૃંદાવનનાં વન-ઉપવનમાં છુપાઈ જતો હતો.

"બડો નટખટ હૈ નંદકિશોર!" કહેતા રસખાનજીને કોઈકે કહ્યું:

"આ તો વૃંદાવન છે, રાસની ભૂમિ... વિરહી ગોપીઓની કૃષ્ણમિલનની આશથી તડપતી ગોપીઓનાં આંસુની ભૂમિ છે. જન્મજન્માન્તરથી ગોપીઓ કૃષ્ણનું સાંનિધ્ય માણવા 'એકએક ગોપી ને એકએક કાન્હ'નો રાસ કાનુડા સાથે રમવા યુગોથી તડપતી, સીસકતી, એનાથી વિખૂટા પડી ગયેલા, તમારાથી દૂર થઈ ગયેલા, વ્રજ ત્યજી કંસ અને કુરુક્ષેત્રની ભૂમિ તરફ સરકી ગયેલા કૃષ્ણની ભોમકા છે. કૃષ્ણથી વિખૂટો પડી ગયેલો આ જીવ તમારી જેમ જ કૃષ્ણને શોધતો ભટકી રહ્યો છે, ત્યારે આવી પરિસ્થિતિમાં ગોકુલ જાઓ. તમારી આ તડપન, આ વિરહાવસ્થાની વેદના પર ગોકુલના છેલછબીલાની કૃપાદૃષ્ટિ કદાચ વરસે અને કોઈક પથદર્શક જડી જાય તો બેડો પાર થઈ જાય! કલિયુગમાં કૃષ્ણની શોધમાં વ્રજમાં ઘૂમી વળો અને એવા કોઈક અલગારી ઓલિયાને શોધી કાઢો કે જે આ જીવનું શિવ સાથેનું મિલન, બ્રહ્મ સાથેનો જીવનો સંબંધ જોડી આપે."

રસખાનજીને દિલ્હીમાં મળેલા વૈષ્ણવો યાદ આવી ગયા. એ લોકો પણ કાંઈક આવી જ વાત કરતા હતા. એમને એવા જ કોઈક ઓલિયા શ્રીગુસાંઈજી મળી ગયા

હતા, જેમણે એમને મંત્ર આપી, ઠાકોરજી પધરાવી દીધા હતા. ચારેય વૈષ્ણવો કેવા ઓતપ્રોત થઈ બગીચાના એક ખૂણામાં એમને એમનો ઈશ્વર મળવાનો જ છે એવી અખૂટ શ્રદ્ધા સાથે, ઝાંપીજીમાં બિરાજતાં સ્વરૂપોની સેવા કરતા હતા, લાડ લડાવતા હતા! અખૂટ શ્રદ્ધા અને અખૂટ આસક્તિ સાથે એમને શ્રી ગોવર્ધનનાથજીનાં જે ચિત્રજી એમણે આપ્યાં હતાં એ યાદ આવી ગયાં.

કાલિંદીના કાંઠે કદંબના વૃક્ષની શીતળ છાંય નીચે રસખાનજી બેઠા. ધીમેકથી બગલથેલામાંથી ચિત્રજી કાઢ્યાં, અને બસ રસખાનજી આંખો સામેનાં એ ચિત્રજીનાં દર્શન કરતાં એનામાં જ ખોવાઈ ગયા. ચિત્રજી સામે જોતાં એ રમણીય મધુર સ્વરૂપ પર વારી જતાં ગાઈ ઊઠ્યા:

યા લકુટિ અરૂ કામરિયા પર
રાજ તિહૂં પુર કો તજિ ડારૌં!

શ્રી ગોવર્ધનનાથજીના આ અનુપમ રૂપસૌંદર્યને એકીટશે કેટલીય પળો સુધી એ જોતા જ રહ્યા. એ જ રસમય મૂર્તિ, એ જ થોડા દિવસો પહેલાંનો તાક થૈ તાક થૈ નાચતો દેવદત્ત... રસખાનજીના હૈયામાં શામળો ગિરિધારી નૃત્યના ઠેકા દેતો થૈથૈ નાચવા માંડ્યો.

રસખાનજીની કદાવર કાયામાં એક મુલાયમ, સદાય દ્રવિત રહેતું પ્રેમમય હૃદય પણ હતું - ખૂબ જ કોમળ હૃદય! પ્રેમદીવાના રસખાનજીને ભરમધ્યાહ્નને થનકથનક નાચતા કાનુડાની દયા પણ આવી. ઠાકોરજીને આટલું બધું તે નચાવાતું હશે? રસખાનજીથી કદંબના ઝાડ નીચે બેઠાંબેઠાં ગવાઈ ગયું :

ગાવે ગુની ગનિકા ગંધર્વ ઓર
નારદ શેષ સભી ગુન ગાવે.

ગોપાંગનાઓ અને ગોપબાલકોના કાને પદના શબ્દો પડ્યા કે એ દોડીને રસખાનજીની આજુબાજુ આવી પહોંચ્યાં. રસખાનજીની આંખોમાં આંસુ વિરહી હૃદયનાં જ નહોતાં. ઠાકોરજીને પડેલા કષ્ટની આખીય વાત રસખાનજી કહી રહ્યા હતા.

“બાબા, તમને કાંઈ તકલીફ?” રસખાનજીને પૂછ્યું.

“ના રે બેના! દિલને દુઃખ એટલું કે આપણા શ્રી ગોવર્ધનધર પાસે આપણે નૃત્ય કરાવ્યું! કેટલો પરિશ્રમ આપ્યો! અને એ પણ એક વાટકી છાશ માટે? આ જોઈ મને ખૂબ દુઃખ થયું.” ગોપીઓ ખડખડાટ હસી પડી... લલિતા, ચન્દ્રાવલી તો એકબીજાના હાથમાં તાલી દેતી બોલી ઊઠી:

“અરે, રસખાનજી! અમારા અને આ કાનુડાના સંબંધને તમે શું જાણો? અમે એકબીજાના પ્રેમનાં સદાયનાં ભૂખ્યાં છીએ. અને આ અમારી આ છાશનું કૌવત

જાણો છો? આ તમારા ટચુકડા નંદલાલાએ અમારી વ્રજવાસીઓની છાશ પી-પીને તો પૂતનામાસીથી માંડી શકટાસુર, તૃણાસુર જેવા અનેક રાક્ષસોને એક મૂઠી મારી ચપટીમાં ચોળી નાંખ્યા હતા! આ અમારી છાશના એક ટીપામાં અમારી કાનુડા પ્રત્યેની પ્રીતિ, શક્તિ અને ભક્તિ રહેલી છે.”

રસખાનજી ગોપીઓના વ્યંગ, રંગ અને નેહને આંસુભરી આંખે જોઈ રહ્યા અને આનંદમાં ડોકું ધુણાવતા બોલી ઊઠ્યા:

“ગ્વાલિન, મીઠી તેરી છાછ ઔર મીઠો તેરો મદનગોપાલ!” રસખાનજી પ્રેમરસમાં મસ્ત બની એમના ‘સાંવરેલાલ’નું સ્મરણ કરતાં કરતાં શ્રીમદ્ ભાગવતના સ્મૃતિવનમાં વિહરવા માંડ્યા. થોડી વાર પહેલાં ‘ગોકુલ જાઓ.... મનનો માણીગર કૃષ્ણ કનૈયો ગોકુલની કુંજગલીમાં, એકાદ આહિર કન્યાની આંખોમાં સ્વપ્ન બનીને ઝૂલતો તમારા અંતરમાં ઝિલાઈ જશે!’ એ આદેશ એમની અંતરભોમકામાંથી સંભળાયો હતો.

શ્રીમદ્ ભાગવતમાં દશમસ્કંધમાં વર્ણવેલી બાળલીલાનું ધામ જ ગોકુળ હતું અને ગોકુળનું વર્ણન સાંભળતાં કવિ રસખાન તો એ વખતે જ હૃદયમાં લાગી ગયેલા ભક્તિના રંગનો આલાપ છેડતાં ગાઈ ઊઠ્યા હતા:

સુધા ભાગવત જો પીવે
વે નહિ ચાહત આન,
પિવત હરિ કે હો ગયે,
વે રસખાન પઠાણ!

હરિનો રસ પીને ભક્તિમાં ઉન્મત્ત એવા રસખાનજીએ વૃંદાવનની કુંજગલીઓ પસાર કરી, મધુવનમાં પ્રવેશ કર્યો.

મથુરા, વૃંદાવન અને હવે મધુવન.... રસખાનજીનાં રોમેરોમમાં, અણુઅણુમાં વ્રજભક્તિ વસી ગઈ હતી. સમસ્ત વ્રજમંડળ એમને માટે ગોકુલ, વૃંદાવન, નંદગામ, બરસાનાં જતિપુરા અને ગોવર્ધન હતાં. બધે જ એમને એમના શ્યામ મનોહરની લીલાનાં દર્શન થવા માંડ્યાં હતાં.

ગોકુલ જવા નીકળેલા રસખાનજી શરદઋતુની મીઠી મધુર સાંજે મધુવનમાં આવી પહોંચ્યા.

ગોધૂલિનો સમય હતો. વનમાંથી ગાયો ડોકાં ધુણાવતી, ઘંટડીનો મધુર રણકાર વાતાવરણમાં વહેવડાવતી, એની ઠમકઠમક ચાલે મધુવનના પાદરમાં પ્રવેશી રહી હતી.

કૃષ્ણકુંડની પાળે અડિંગો જમાવીને બેઠેલા રસખાનજી આથમતી સંધ્યાથી

ગોરંભાયેલા ગુલાબી આકાશની પ્રકૃતિલીલા જોતા-જોતા ગાયોની મધુર ઘંટડીનો રણકો કાન વાટે ઝીલી રહ્યા હતા. અંતરમાં *'વ્રજન્તિ ગાવો તસ્મિન્નિતિ વ્રજ'*નો પડઘો ઊઠતો હતો. આવું પ્રસન્ન વાતાવરણ જોતાં જ શ્રીમદ્ ભાગવતનો *'ગચ્છ દેવી વ્રજં ભદ્રે ગોપીગોપીરલંકૃતમ્'* - 'ગોપ અને ગાયોથી શોભતા વ્રજમાં તું જા' નો આદેશ રસખાનજીને યાદ આવી ગયો. મધુવન તો હરિનું ધામ, હરિભક્ત ધ્રુવનું ધામ, ધ્રુવની વર્ષોની તપશ્ચર્યાની ભૂમિ. શ્રીમદ્ ભાગવતમાં સાચી રીતે મધુવનને *'પુણ્યં મધુવનં યત્ર સાન્નિધ્યં નિત્યદા હરેઃ'* કહી છે.

કૃષ્ણકુંડની પાળે જ મધુવનિયા ઠાકુરના મંદિરમાં શયનનાં દર્શન દ્વાર પરથી જ માનસીમાં કરી વ્યથિત હૈયે રસખાનજી સૂઈ ગયા. 'અબે તૂ તો યવન હો! હમાર મંદિર છૂ જાયેગો! અંદર મત આઈનો'ની કટુવાણી અને ઠાકરોજીનાં સન્મુખ દર્શન કરવાની એમની આરજૂને, એમની વિનંતીને મંદિરના પૂજારીઓ ઠુકરાવતા ત્યારે રસખાનજીનું હૈયું રડી ઊઠતું. નિરાશ હૈયે હડધૂત થતા, ઠબલાતા રસખાનજી કૃષ્ણકુંડે પાછા આવ્યા.

શરદપૂનમની મધ્યરાત્રીએ કૃષ્ણકુંડ પર પડખાં ઘસતા રસખાનજીની આંખો ઓચિંતી ચકાચૌંધ થઈ ગઈ...

'રસખાન, ઊઠો!' મધુર ઘંટડીનો રણકતો અવાજ સંભળાયો. આંખો સામે મધુબનિયા ઠાકોરની પ્રકાશથી ઝળાંહળાં થતી મૂર્તિ ખડી થઈ ગઈ.

"કૃપાનાથ! મેરે પરવરદિગાર..." કહેતાં રસખાનજી હાંફળાફાંફળા ઊભા થઈ ગયા. હૈયામાં હર્ષની હેલી ઊઠી. રસખાનજી દોડીને મધુબનિયા ઠાકોરના ચરણસ્પર્શ કરવા આગળ વધ્યા અને અટકી ગયા... મધુબનિયા ઠાકોરના ચતુર્ભુજ સ્વરૂપ અને રાજા ઠાકુરના જાજવલ્યમાન સ્વરૂપનાં દર્શન થતાં જ હૈયે થડકો અનુભવ્યો. મધુબનિયા ઠાકોર રસખાનજીની દ્વિધા સમજી ગયા હોય એમ બોલી ઊઠ્યા:

"રસખાનજી, તમે ગોકુળ - જતિપુરા પહોંચો.. આ ચતુર્ભુજ ઠાકોર, નાનકડો દેવદત્ત શ્રી ગોવર્ધન સ્વરૂપે તમારી રાહ જુએ છે."

પ્રકાશનું વર્તુળ કૃષ્ણકુંડમાં સમાઈ ગયું અને રસખાનજી એ જ ક્ષણે 'ચલ રે મનવા ગોકુલધામ!' કહેતા ગોકુળની દિશામાં 'ગોપાલ કૃષ્ણ રાધેકૃષ્ણ'ની ધૂન ગાતા નીકળી પડ્યા.

૭. 'મેં ગોવર્ધન આયો...'

"તું યવન છે! મુસલમાન છે! અમારા દેવ છોવાઈ જાય! અભડાઈ જાય! તને અમારા મંદિરમાં પ્રવેશવાનો અધિકાર નથી! દૂર હટ! દૂર થા...."

વૃંદાવનમાં બાંકે બિહારીજીના મંદિરમાં, મધુવનમાં મધુબનિયા ઠાકોરના મંદિરમાં, રસખાનજીના હૃદયમાં બિરાજતા શ્રીકૃષ્ણનાં, શ્રી ગોવર્ધનનાથજીનાં દર્શન ન પામનારા રસખાનજી પાખંડી, અંધશ્રદ્ધાથી, જડતાથી, ધર્મને એમની વિચારોની, અલ્પબુદ્ધિની કોટડીમાં પૂરીને કૃષ્ણભક્ત હોવાનો દાવો કરતા પૂજારીઓ-વ્રજવાસીઓના વર્તનથી ખૂબ દુઃખી રહેતા હતા. એમનો પઠાણી પહેરવેશ, ખાનદાની પઠાણી ખમીર અને કદાવર શરીરસૌષ્ઠવ એમને વ્રજમાં ઠાકોરજીનાં દર્શનથી વંચિત રાખતાં હતાં. પરદેશી, પરધર્મી, પર-જાતિના રસખાનજી ઠેરઠેર હડધૂત થતા વ્રજમાં ઘૂમી રહ્યા હતા. મધુવનથી એમણે ગોકુળ પ્રતિ પ્રયાણ આદર્યું ત્યારે વિરહી હૈયું બાપોકાર કરતું ઠાકોરજીનાં સન્મુખ દર્શન ઝંખતું ગાઈ ઊઠ્યું:

"મારા પરવરદિગાર! મારા ગોવર્ધનનાથ! શું કરું? તારા પ્રેમના અણુઅણુથી કંડારાયેલી મધુરાધિપતિની મૂર્તિની એક કલાત્મક તસ્વીરનાં દર્શન કરતાં જ હું તો તારા પ્યારમાં પડી ગયો છું. ઝબોળાઈ ગયો છું!

ઈક લગી વિનુ કાર નહિ, ઈક રસ સદા સમાન,
ગિને પ્રિયહી સર્વસ્વ જો, સોઈ પ્રેમ સમાન!

હું તો, મારા વહાલા ગોવર્ધનધર, એટલું જ જાણું છું કે હું તારો બંદો છું. તારી નજરમાં હું શું છું, કોણ છું, એની મને ખબર નથી. એ તું જાણે - મને એની પરવા પણ નથી, ફરિયાદ પણ નથી. હું જાણું છું કે તારી રહેમ મને મળતી નથી,

તારા દિદાર થતા નથી - થાય છે એ પણ અલપઝલપ, મારા પૂર્વજન્મનાં પુણ્યોથી કે આ ભવની પ્રેમ અને સૌંદર્યમાં તને પામવાની થતી કરણીથી. પરંતુ એક વાતની ખાતરી રાખજે, મારા પરવરદિગાર! કે હું તો તને પ્યાર-મહોબ્બત કરતો રહીશ, કારણકે તારી સૌંદર્ય-અંકિત મનોહર પ્રેમસભર મૂર્તિની ઝાંખી કર્યા વગર રહેવાતું નથી, જિવાતું નથી, આ અસાર સંસારના લૌકિક જીવો સામે ઝઝુમાતું નથી, ઝઘડાતું નથી. પ્રેમ કરવો - પ્રેમમાં વ્યસ્ત અને મસ્ત રહેવું અને એ પણ, વહાલા, તારા જ પ્રેમમાં એ મારો સ્વભાવ બની ગયો છે. તને પ્રેમ કરવા માટે, તારી ઝાંખી કરવા માટે, તારું નામસ્મરણ કરવા માટે મારા પર ધિક્કાર વરસાવવાય છે. મને હડધૂત કરતાં તારા દ્વારેથી હડસેલા મારી, બહાર ફેંકી દેતાં સવાલો કરવામાં આવે છે, આરોપો કરવામાં આવે છે કે તું યવન ઊઠીને, મુસ્લિમ ઊઠીને અમારા દેવને શા માટે પ્યાર કરે છે - પ્યારનું નાટક કરે છે? હું એ અબુધ જીવોને શું જવાબ આપું? હું એમને કેમ કરીને સમજાવું કે -

પ્રેમ હરિ કો રૂપ હૈ, ત્યોં હરિ પ્રેમસ્વરૂપ!

હું તો હરિના પ્રેમસ્વરૂપને ભજું છું જે શુદ્ધ છે, સુંદર છે, સરળ છે અને સૌમ્ય પણ છે. પ્રેમ જ હરિનું રૂપ છે.

તમારાં મંદિરોના પૂજારીઓ, ગામના પંડાઓ અને પોથી પઢીને શાસ્ત્રી થઈ બેઠેલા કે કુરાન વાંચી મૌલવી બનેલા મારા આ બંધુને પ્રેમની - પરમાત્મા સાથેની લગનીની - આસક્તિની કોઈ સમજ ખરી?

ગોવર્ધનનાથ, તારા પ્રેમમાં, તારી રસભક્તિમાં, તારાં દર્શન કરવાની તડપનમાં હવે તો આ લૌકિક, દંભી, પાખંડી, તારા જ બનાવેલા, તને જ બનાવતા એવા મહાપુરુષો આચાર્યો પૂજારીઓ સાથે જેવા સાથે તેવાનો ખેલ આદરવો પડશે. મને ખબર છે, આ એક કપટ છે, પાપ છે! મેરે ખુદા ખાવિંદ, કદાચ આ તને નહીં ગમે - ના, કદાચ ગમશે પણ ખરું, કારણ કે તું નટોનો પણ ઈશ્વર નટેશ્વર છો. તારી લીલાઓ પણ અપાર છે. યાદ છે, સમુદ્રમંથન સમયે નીકળેલું અમૃત દેવોને, ભક્તોને ભાગે આવે એ માટે તેં મોહિની-સ્વરૂપ ધારણ કર્યું હતું? નંદગામથી વૃષભાન-દુહિતાને બરસાના મળવા મણિયારો બની પધારતાં જોષી-લીલા કરી, રાધાજીના કોમળ કમળ શી પાંદડી જેવી હથેલીને પ્રેમથી સંવારનારા, કાંસકી વેચનારનું રૂપ ધારણ કરનારા, મારા નટખટ નટવરલાલ, રાધેરાણીને પ્રસન્ન કરવા મોરકુટિની કદમખંડીમાં મોર બનીને તું નાચ્યો હતો! તો, હે પ્રભુ, તારાં દર્શન કરવા, તારું સાંનિધ્ય પામવા, તારા રૂપના રસસાગરમાં ડૂબી જવા, એકાકાર થઈ જવા રસખાનમાંથી રસાનંદ બનવાનું પાપ કરું તો ક્ષમા કરજે, મારા દેવ!"

અને વહેલી સવારે, બ્રાહ્મમુહૂર્તમાં હજી તો પ્રભાતનો પ્હો પણ ફાટ્યો નહોતો, ત્યાં રસખાનજી લપાતા-છુપાતા ઠકુરાણીઘાટ પર આવી પહોંચ્યા.

મંદમંદ શાંત સમીરની લહરથી શ્રી યમુનામૈયા સઘોષ ગતિ કરતાં વહી રહ્યાં હતાં. રસખાનજી તો સૌંદર્યસ્વરૂપા શ્રી યમુનાજીના જલતરંગોને કેટલીય પળો સુધી જોતા રહ્યા. શ્રી યમુનાજીનાં દર્શન કરતાં એમના કાંઠડે રમતા કનૈયાલાલ યાદ ન આવે, કૃષ્ણનું સ્મરણ ન થાય એ બને જ કેમ? રસખાનજીના હૈયામાંથી હરિદાસોદિતા શ્રીયમુનાવિજ્ઞપ્તિના શ્લોકો -

"કૃષ્ણાં કૃષ્ણસમાં, કૃષ્ણરૂપાં, કૃષ્ણરસાત્મિકામ્
કૃષ્ણલીલામૃતજલાં, કૃષ્ણસંબંધકારિણીમ્"

- સરી પડ્યા.

બંધ આંખો સામે ખળખળ વહેતાં શ્રી યમુનાજીનું ત્રિભુવનાદ્ભુત સૌંદર્ય - આધિદૈવિક રસાત્મક સ્વરૂપ ખીલી ઊઠ્યું. અંતરમાંથી પ્રેમભક્તિનો પ્રવાહ વહેવા માંડ્યો.

ભગવદીય સૃષ્ટિનાં સર્વેશ્વરી રસેશ્વરી એવાં યમુનામૈયા શ્રીકૃષ્ણની કીકીમાં કે પછી શ્રીકૃષ્ણ યમુનાજીની કીકીમાં સમાયા હતા એનું ભાન રસખાનજીને આ ક્ષણોમાં નહોતું રહ્યું. ઠકુરાણીઘાટ પર હજી પરોઢનો અંધકાર છવાયેલો હતો. કોકિલનું કૂજન, કલાપીનો કેકારવ, રસિક-પ્રીતમ પ્રિયા યમુનાજીના વહેતા જલતરંગોમાંથી ઊઠતું મધુર સ્પંદન - રસખાનજીનું હૃદય આ ક્ષણોમાં શ્રી યમુનાજીનાં દર્શનમાં એટલું બધું ઓતપ્રોત થઈ ગયું હતું કે એ જે કાર્ય માટે આવ્યા હતા, તે વેશપરિવર્તનનું કાર્ય પણ ભૂલી ગયા.

આ ક્ષણોમાં તો રસખાનજીને આનંદ એ વાતનો હતો કે એમના વહાલા ઠાકોરજીની જમણી બાજુએ શ્રી યમુનામૈયા આધિદૈવિક સ્વરૂપે બિરાજતાં હતાં એનાં દર્શન થતાં હતાં. રસખાનજીને યાદ આવ્યું કે આ 'અધમઓધારણ જમુનામૈયા'નું પ્રાગટ્ય જ શ્રી નંદનંદનના જમણા શ્રીઅંગમાંથી થયું હતું અને એક પળ પણ જેના વગર રહી ન શકતા એવા શ્રીજીબાવાની બાજુમાં શ્રી યમુનામૈયા એમના આધિભૌતિક જલસ્વરૂપે ઝારીજીમાં બિરાજતાં હતાં, તો આધિદૈવિક સ્વરૂપે ષોડષી કન્યાના સ્વરૂપે મુખારવિંદ પર મધુર હાસ્ય ખીલવતાં, લાવણ્યમય લલાટવાળાં, મધુરભાષિણી, શ્રીકંઠમાં કમલ-કુસુમની સુંદર માળા, શ્રીહસ્તમાં કમળની છડી, કમલાક્ષી નેત્રો, નાકમાં નકવેસર, કાનમાં કુંડળ, ચરણમાં નૂપુર, સેંથીમાં ટીકો, ટીકા પર શીશફૂલ... એ જ શ્રીજીબાવાનાં ચિત્રજીમાં જેમનાં દર્શન થતાં દિલ અને દિમાગ ડોલી ઊઠ્યાં હતાં એવો મુગટ-

કાછનીનો શૃંગાર, લાલ ચટકાળી ચૂંદડી, સાડી, ચોળી ઇત્યાદિ આભૂષણોથી શોભતાં યમુનાજીનાં દર્શન થતાં રસખાનજી ભાવવિભોર થઈ ગયા અને પદ્મપુરાણમાં વર્ણવેલાં શ્રીકૃષ્ણનાં ચતુર્થ પ્રિયાનું વર્ણન યાદ આવી ગયું:

રસો યઃ પરમાધારઃ સચ્ચિદાનંદલક્ષણઃ ।
બ્રહ્મોત્યુપનિષદગીતસ્તદેવ યમુના સ્વયમ્ ॥

રસખાનજી ભાવવિભોર થઈ, આજુબાજુના આધિવ્યાધિથી મુક્ત બની, શ્રી યમુનાજીમાં સ્નાન કરી, ડૂબકી મારી, યવન રસખાનજીમાંથી વૈષ્ણવ રસખાનજી બનવાની પ્રક્રિયાને પણ ભૂલી ગયા હતા, ત્યાં જ ઓચિંતી યમુનાજલની એક છાલક ઊડી. રસખાનજીનું અંગ સંપૂર્ણપણે ભીંજાઈ ગયું. આધિદૈવિક સ્વરૂપનાં દર્શનમાં વ્યસ્ત એવા રસખાનજીની વ્યસનાવસ્થા છૂટી ગઈ અને આધિદૈવિક સ્વરૂપમાંથી આધિભૌતિક સ્વરૂપમાં જલતરંગો ઉછાળતાં વહી જતાં શ્રી યમુનાજીનાં દર્શન આંખો સામે થતાં જ રસખાનજી કાંઠા પર પહોંચી ગયા. નીચા નમીને શ્રી યમુનાજલનું ત્રણ વખત આચમન કર્યું, માથે છાંટ્યું અને ભક્તિરસથી તરબતર ખૂબ જ ભીંજાયેલા છતાં આજ સુધી લોકો માટે અધર્મી ગણાતા એવા રસખાનજીની યમુનાજીમાં સ્નાન કરવા પડ્યા, ડૂબકી મારી, 'જય યમુને જય જય યમુને'નો ઘોષ કર્યો ત્યારે ગુજરાતપ્રદેશમાંથી આવેલો એક યાત્રિક ગાઈ ઊઠ્યો:

'અજાણે અધર્મી ન્હાઈ ગયો, એનો માએ કર્યો ઉદ્ધાર!'

રસખાનજી નાહીને બહાર નીકળ્યા. ધોતી કફની બંડી, કપાળમાં તિલક અને હાથમાં તુલસીની માળા ધારણ કરતાં, ફરી એક વખત ખળખળ વહેતાં જમુનાજીનાં નીરનું આચમન કરતાં, આ ક્ષણોમાં સ્થિર થઈ ગયેલા જલમાં રસખાનજીએ ડોકિયું કર્યું અને હસી પડ્યા. ખુદ હૈયું જ બોલી ઊઠ્યું શરીર પરનો પહેરવેશ જોતાં, ખુદનું પ્રતિબિંબ જોતાં "વાહ રે મારા વૈષ્ણવ, જય શ્રીકૃષ્ણ!" બોલી ઊઠ્યા. અને ચહેરા પરના ભાવોને કળી જતો બાજુમાં જ ઊભેલો ગુજરાતથી આવેલો વૈષ્ણવ ગાઈ ઊઠ્યો:

"વૈષ્ણવ નથી થયો તું રે, શીદ ગુમાનમાં ઘૂમે?"

રસખાનજી હસી પડ્યા: "વાહ રે મારા વિઠ્ઠલેશ્વર! હજી પણ તારે મારાથી દૂરદૂર બસ દૂર જ રહેવું છે? કાંઈ વાંધો નહીં." રસખાનજી બનીઠનીને મંગળાનાં દર્શન કરવા રાજા ઠાકુરના મંદિરમાં પહોંચી ગયા. હૃદય પ્લાવિત કરી દે તેવા શ્રી નવનીતલાલ પ્રભુનાં દર્શન હજી તો કરે ત્યાં તો હવેલીના દ્વારપાળ - શ્રી મહાપ્રભુજીના વયોવૃદ્ધ સેવક વિષ્ણુદાસ છીપાએ રસખાનજીના ખભે હાથ મૂકતાં પ્રેમાળ સ્વરે કહ્યું:

"વૈષ્ણવ, જય શ્રીકૃષ્ણ!"

રસખાનજી ખભા પર કોઈકનો હાથ પડતાં ચમક્યા. એમણે પાછળ નજર કરી તો હાથમાં ડાંગ સાથે વયોવૃદ્ધ વિષ્ણુદાસ છીપા ચહેરા પર પ્રેમાળ સ્મિત વેરતા ઊભા હતા. એમની આંખોમાં રસખાનજીનો ભિન્ન પહેરવેશનો કસબ પકડાઈ ગયો હોવાનો ભાવ દેખાતો હતો.

રસખાનજી થોડાક દુઃખી હૃદયે દર્શન કર્યા વગર જ મંદિરની બહાર વિષ્ણુદાસ છીપા સાથે નીકળી ગયા.

"પરદેશી લાગો છો!" વિષ્ણુદાસ, છીપાએ પ્રેમથી મંદિરના પ્રવેશદ્વાર પાસેની દોઢી પર રસખાનજીને બેસાડતાં પૂછ્યું.

"હા."

"પરદેશી તો છો, પણ આ પહેરવેશ બહુ જ સારો તમને શોભે એવો પહેર્યો છે ને શું?" વિષ્ણુદાસ છીપા બોલ્યા.

"હેં.. હેં... હા.. હા.. ના.. ના.." રસખાનજી થોથવાઈ ગયા.

"પરદેશી છો એટલે સહજ પૂછું છું - કયા ભાવથી આ પહેરવેશ તમે ચડાવ્યો છે, દોસ્ત?' '

"વૈષ્ણવના ભાવે."

"સરસ... કપાળમાં તિલક, ગળામાં કંઠી, સફેદ ધોતી અને કફની પર જે સફેદ બંડી પહેરી છેને એ પહેરવેશ આપણા શ્રીમદ્ વલ્લભાચાર્યજીના શ્રી વલ્લભી વૈષ્ણવોનો છે. આ પોશાકનું સામર્થ્ય ઘણું છે. એની પવિત્રતા અપાર છે."

"દ્વારપાલજી, હું જાણું છું. મારો અપરાધ થઈ ગયો." ભોળાભલા રસખાનજીથી બોલાઈ ગયું. એમને લાગ્યું કે એ અન્ય જાતિના - યવન પરિવારના છે એ કપટ દ્વારપાલની ચકોર નજરે ચડી ગયું હતું અને એટલે જ દ્વારપાળ મંદિરમાંથી કાઢવા માટે એમની પાસે ધસી આવ્યા હતા, એટલે રસખાનજી એમનો અપરાધ કબૂલવા તૈયારી કરી રહ્યા હતા.

"વૈષ્ણવ, તમારું નામ, જાત, રહેઠાણ... કઈ તરફના છો તમે?"

"દ્વારપાલજી, ઘોર અપરાધ થઈ ગયો છે! હું દિલ્હીનગરીનો પઠાણ રાજવી વંશનો નબીરો રસખાન છું. હરિને શોધવા હાલી નીકળેલો પરિવ્રાજક છું. મંદિરે-મંદિરે મારા હૈયામાં વસી ગયેલા ગોપાલનાં દર્શન કરવા ભટકું છું. ચહેરેમહોરે

કદાવર, ગોરા આ પઠાણનો પહેરવેશ ચુસ્ત હિંદુઓ આગળ ચાડી ખાઈ - મારા બાહ્ય સ્વરૂપને લઈને યવન મુસલમાન પઠાણ તરીકે મને છતો કરી દે છે અને મારા વહાલાનાં દર્શનથી મને વંચિત રાખે છે. મારી એકએક પળ દિલ્હીમાં મળી ગયેલા વૈષ્ણવોએ પધરાવી દીધેલી શ્રી ગોવર્ધનનાથજીની છબીનાં, નટખટ દેવદમન શ્રીનાથજીબાવાનાં દર્શન કરવાની ઝંખનામાં, વિરહનાં આંસુમાં સરી રહી છે. પણ એક યા બીજા બહાને દર્શનની ક્ષણો દૂર થતી જાય છે. વૃંદાવનના બંસીબટ પર રાસલીલાનાં દર્શન દેતા, વૃંદાવનની કુંજગલીમાં 'છછિયા ભર છાછ' માટે નૃત્ય કરતા મધુરાધિપતિ એની લીલાનાં ખુલ્લા આસમાન નીચે અલપઝલપ દર્શન આપતો મારો આ દિલદાર અદશ્ય થઈ જાય છે. સંયોગવિયોગની એ લીલાના, એ વ્યથા અને આનંદના ભાવ હૃદયમાં જગાડી અનોખો રસાનુભાવ કરાવતા આ છલિયાને મારે ગળે ગળગાડવો છે, મારો કરવો છે, એનામાં એકાકાર થઈ જવું છે, દાદાજી, કારણ કે-

દો મન ઈક હોતે સૂન્યો, પૈ વહ પ્રેમ ન આહિ,
હોઈ જબૈ દ્વૈ તનહું ઈક, સોઈ પ્રેમ કહાહિ."

રસખાનજી એક એવા પ્રેમપંથના કવિ છે જે કમલતન્તુથી પણ વધુ કોમળ અને તલવારની ધારથી પણ વધુ અણિયાળા. જેટલા સીધા એટલા સાદા અને એટલા જ આડા.

કોમલ તન્તુ સૌ ક્ષીણતર કઠિન ખડગ કી ધાર,
અતિસુધો ટેઢો બહુર, પ્રેમ પંથ અનિવાર.

રસખાનજી માને છે કે જ્ઞાન કર્મ અને ઉપાસનામાં ક્યાંય ને ક્યાંય અહંકાર ડોકિયાં કરતો રહે છે, જ્યારે પ્રેમ એ જ એક એવી પરિસ્થિતિ છે જ્યાં અહંકારને સ્થાન નથી. પ્રેમનો પર્યાય પણ પ્રેમ છે. પ્રેમમાં સમપર્ણની ભાવના રહેલી છે. રસખાનજી પ્રેમને એક એવું દર્પણ માને છે જ્યાં કોઈ પણ જાતની ઘાલમેલ નથી, ડોળ નથી, દંભ નથી. પારદર્શકતા એ પ્રેમનો, દર્પણનો ગુણ છે, એટલે જ રસખાનજીની ક્રાંતિકારી વિચારધારામાં બે મન એક થવાથી પ્રેમ નથી સર્જાતો, પરંતુ બે શરીર એક થઈ જાય તો એને સાચો પ્રેમ માને છે. અને આ બે શરીર એક થઈ જાય છે, એટલે આપણું શરીર આપણું ન રહે, એ શ્રીકૃષ્ણનું શરીર થઈ જાય... અને શ્રીકૃષ્ણનું શરીર કૃષ્ણનું ન રહેતાં ભક્તનું - આપણું શરીર થઈ જાય. આ પરિસ્થિતિ મહારાસમાં વિરહી ગોપીઓની હતી. રસખાનજીના હૃદયમાં વ્રજાંગનાનો વાસ હતો.

શ્રીકૃષ્ણનું આનંદઘન સ્વરૂપ સાક્ષાત્ આનંદ જ છે. આનંદનું હૃદય એ જ સૌંદર્યના, પ્રણયના, વિરહના ઉત્કૃષ્ટ ભાવોનું સંમિલન. એ જ જીવ અને શિવ વચ્ચેની સદાની રમાતી રાસલીલા જ્યારે પ્રેમની ચરમસીમાએ પહોંચે છે ત્યારે પુરુષ અને પ્રકૃતિનો ભેદ ભૂંસાઈ જાય છે. હરએક ગોપીના હૃદયમાં બિરાજતા શ્રીકૃષ્ણ રસાનુભવની કક્ષાએ હરએક કૃષ્ણ બની જાય છે. ગોપી ગોપી નથી રહેતી, કૃષ્ણ કૃષ્ણ નથી રહેતા. એકત્વની પરમ સીમાની આ અનુભૂતિ રસખાનજી એમની ભક્તિની વાટે, સ્વયંભૂ સર્જાઈ જતી વ્યસનલીલાની વાટે માણે છે અને એટલે જ કબીર જેવા કબીર લખી ગયા કે-

કબીરા કબીરા ક્યોં કરો, જાઓ જમુના કે તીર,
એક ગોપી કે પ્રેમમેં બહ ગયે લાખ કબીર.

ત્યારે રસખાનજીને વ્રજમાં એ જ ગોપીઓના કાનુડાને દાણલીલા, માખણલીલાનાં દર્શન થવા માંડ્યાં હતાં અને એ મહારાસમાં કૃષ્ણ અને ગોપીનું જે અદ્વૈત રચાયું અને એનાં જે દર્શન થયાં તે પછી રસખાનજીના મનનું રટણ એક જ હતું: *'એક ગોપીકે પ્રેમમેં બહ ગયે લાખ કબીર'* ની જેમ રસખાનજીને પણ વહી જવું હતું - એ જ ગોપીવલ્લભનાં દર્શનમાં ઓતપ્રોત થઈ જવું હતું. પ્રવૃત્તિ ચાલુ જ હતી. લોકોની દૃષ્ટિએ તો એ *'કોઉ ચોર લબાર'* બની ગયા હતા, પરંતુ રસખાનજીની એમના શ્રી ગોવર્ધનનાથજીમાં એવી તો અપાર શ્રદ્ધા હતી કે ખમીરવંતા અવાજે એ તો ગાતા:

કહા કરે રસખાન કો કોઉ ચોર લબાર,
જો પૈ રાખનહાર હૈ માખન ચાખનહાર.

રસખાનજીને ભારતીય દર્શનપદ્ધ તિમાં રહેલી સૌંદર્યની ભાવનામાં એટલો બધો અગાધ વિશ્વાસ હતો કે એ એમની કૃષ્ણભક્તિ દ્વારા એ

લોક વેદ મરજાદ સબ લોકલાજ સંદેહ,
દેત બહાએ પ્રેમ કરી વિધિ નિષેધ કો નેહ.

લોકલાજ, આબરૂ ઇત્યાદિથી પર થઈ, લાપરવાહ બની *'દેત બહાએ પ્રેમ કરી'* વહાવી દેતા હતા.

ગોપીઓમાં આવી ગયેલો પેલો 'હું જ કૃષ્ણ છું - અહમ્ બ્રહ્માસ્મિ', 'અનહલહક છું, ખુદા છું'ના લલકાર કરતાં રસખાનજીના 'માંયલા'ની તડપનને જાણી ગયેલા વિષ્ણુદાસ છીપાએ કહ્યું:

"રસખાનજી, આપણા સૌનો તાણહાર, તમે કહો છો તેમ 'માખન ચાખનહાર' રોજ સવારે ભક્તજનોના હૃદયમાંથી વહેતા અભિષેક દ્વારા દુગ્ધાનુપાન કરતો, ગોપીઓનાં દૂધ, દહીં, માખણ-મીસરી ચોરીને આરોગનારો ગિરિરાજધારી - શ્રી ગોવર્ધનનાથ જ આપણા હૃદયમાં બિરાજતા આપણા દેવ છે - દેવદમન શ્રીનાથજી છે. તમે ગિરિરાજજીને શરણે જાઓ. જમુનામૈયાના શરણે જઈ ઉદ્ધાર પામેલા મારા યુવાન વૈષ્ણવ સત્સંગી,

મારો ગિરિરાજબાપો તમને કોઈ પણ સ્વરૂપે, પહેરવેશે તમને શ્રીજીબાવાનાં દર્શન કરાવી દેશે."

"ખરેખર, છીપાદાદા?" રસખાનજી હર્ષાન્વિત થતા બોલી ઊઠ્યા. વિષ્ણુદાસ છીપામાં એમને વ્રજભૂમિના રઝળપાટમાં એક એવા પરમ ભગવદીય એમની ઝંખનાને, એમના વિરહને, એમની તડપનને સમજનારા વૈષ્ણવ મળ્યા હતા જે જાતપાતના ભેદથી પર એવી વૈષ્ણવતાને વાત્સલ્યસભર હૈયે વધાવતા હતા. એમને માટે રસખાનજી પઠાણ - પરધર્મી - યવન નહોતા, એક સાચા કૃષ્ણભક્ત વૈષ્ણવ હતા.

"હા, દોસ્ત, તાદાત્મ્યની કંઈક આવી જ અંતિમ અવસ્થા હોવી જોઈએ - હું જેને ચાહું છું, એ જ હું બની જાઉં અને એ મારું બની જાય. બે આત્માઓ, બે પ્રવાહોનું એ એક મિલન હશે જેમાં જીવ ઈશ્વરમાં, રાધા કૃષ્ણમાં એનું દર્શન કરતાં હશે. અને ઈશ્વરને - શિવને - એનું દર્શન જીવમાં - રાધામાં થતું હશે ત્યારે હૈયાની વ્રજભૂમિમાંથી 'રાધે રાધે કૃષ્ણ કૃષ્ણ'નો બસ એક જ અવાજ ઊઠતો હશે! અને, રસખાન બેટા, આ બનશે જો જીવ સદ્‌ભાગી હશે, જીવના રાહબર શ્રીગુસાંઈજી હશે તો વૃષભાણ-દુલારી અને અન્ય ગોપીઓ સાથે રાસ રમતો, ગાયોનાં ધણ અને ગોવાળિયા સાથે ગિરિકંદરાઓમાં ગૌચારણલીલા કરતો શ્રી ગોવર્ધન ગિરિધારી જરૂર મળી જશે. આજે પણ મુકુટ-કાછનીનો સિંગાર ધરાવીને ગિરિકંદરામાં વિહરતા શ્રી ગોવર્ધનનાથજી જરૂર મળી જવાના! અંતરનો આર્તનાદ ઠાકોરજીને ભક્ત પાસે ખેંચી જાય છે."

વિષ્ણુદાસ છીપાના એકએક શબ્દનું રસપાન કરતા રસખાનજીમાં પ્રભુમિલનની આર્દ્રતા, ઝંખના, વિરહ એવાં તો જાગી ઊઠ્યાં કે -

'અય મુસાફિર કૂચકા સામાન કર
ઈસ જહાં મૈં હૈ બસેરા ચંદ રોજ'

એ નઝીર કવિની પંક્તિ લલકારતા 'ગિરિરાજધરણ શ્રીજી તમારે શરણ'ની ધૂન મચાવતા ગિરિરાજજીની તળેટીમાં આવી પહોંચ્યા ને શ્રીજીબાવાએ જેમને ધારણ કર્યા હતા એવા શ્રી ગિરિરાજજીનાં દર્શન કરતા હતા ત્યારે સૂરદાસજી ગાઈ રહ્યા હતા:

મેરે મન આનંદ ભયૌ, મૈં ગોવર્ધન આયો...

૮. રસખાનજી અને ગોવિંદસ્વામીનું મિલન

આંખો સામે સાત કોસના વિશાળ પટમાં પથરાયેલા શ્રી ગિરિરાજજી ખડા હતા, તો હૃદયમાં ભક્ત હરિદાસવર્યની કરુણાસભર, સદૈવ ગોવર્ધનધરની સેવામાં વ્યસ્ત એવા દીનતાના અવતારની - ભક્તની - વૈષ્ણવની માંગલ્યમૂર્તિ વિસ્તરી ગઈ હતી. ચિત્ત પ્રસન્ન-પ્રસન્ન થઈ ગયું. દેહનું સાનભાન ન રહ્યું. દંડવતી શિલાની છાયામાં ઊભાંઊભાં ગિરિરાજજીની લીલીછમ વનરાજિ, વહેતા અસ્ખલિત ઝરણાની, હવામાં વહેતી શીતલતાની અનોખી માધુરી લાંબો સમય રસખાનજી માણતા રહ્યા.

રસખાનજીના આનંદનો પાર નહોતો. કવિહૃદય હૈયામાં ઊછળતા એ આનંદને વ્યક્ત કરતું ગુંજી ઊઠ્યું:

"પ્રેમ નિકેતન શ્રીબનહી આય ગોવર્ધન ધામ,
લહ્યો શરણ ચિત ચાહીકે જુગલ સ્વરૂપ લલામ."

"દિલ્હની માયા છોડી, હે ભગવન્, હું તારા પરમ પ્રેમાળ ધામ વૃંદાવનની કુંજગલીઓમાં શોધતો, મધુવનની માધુર્યલીલા અનુભવતો, ગોકુલની 'છછિયા છાછ' માટે તને નચાવતી ગોપીઓની નિર્વિકાર નિરભ્ર સૃષ્ટિનાં દર્શનમાં રાચતો-માણતો આખરે હરિદાસવર્ય શ્રી ગિરિરાજજીની પ્રેમાળ ગોદમાં વિહરતા, કદમખંડીઓમાં રાધારાણી સાથે ગ્વાલમંડળી સાથે લીલા કરતા, હે ગિરિરાજધારી, તારા શરણે આવ્યો છું... મારો સ્વીકાર કર, વહાલા, તારા દિદાર કરાવ! દિલદારનાં દર્શન કરાવ!"

આંખોમાંથી આંસુ હૈયામાંથી વિરહતાપ રૂપે ગિરિરાજજીના હૃદયમાંથી વહેતા

ઝરણાંની જેમ વહી રહ્યાં હતાં. રસખાનજીની અત્યારની પરિસ્થિતિ આ પંક્તિઓના પ્રથમ ચરણ જેવી હતી:

'બહુત ઢૂંઢા ઉસે ફિર ભી ન પાયા
અગર પાયા, પતા અપના ન પાયા.'

રસખાનજીનો 'અંદર'નો - અંતરનો દૃઢ વિશ્વાસ કહી રહ્યો હતો કે 'હે ગોવર્ધનનાથ, તારાં દર્શન થશે, તને હું મેળવીશ ત્યારે મારામાં રહેલું મારાપણું ખોઈ ચૂક્યો હોઈશ, મારો જ પત્તો ક્યાંય નહીં હોય, કારણ, હું તારામાં હોઈશ, તું મારામાં છવાઈ ગયો હોઈશ.'

રસખાનજીને 'શ્રીજીબાવા'માં અડગ શ્રદ્ધા હતી કે ભવાટવીની વાટમાં એમનો વહાલો એમને જરૂર મળી જવાનો. એમનું હૃદય, એમની લગન, એમની ભક્તિપૂર્ણ શ્રદ્ધા એમને હિંમત આપી રહ્યાં હતાં.

રસખાનજીની આંખો જ્યારે ગિરિરાજજીનાં દર્શન કરી રહી હતી ત્યારે પેલું મનપંખી તો ફારસી ભાષામાં અનૂદિત થયેલા શ્રીમદ્ભાગવતના સમશ્લોકી વર્ણનમાં પ્રગટ થયેલા શ્રી ગિરિરાજજીની તરુડાળે બેસી -

યેન રૂપેણ કૃષ્ણેન ધૃતો ગોવર્ધનો ગિરિઃ ।
તદ્રૂપં વિદ્યતે તત્ર, રાજન્, શૃંગારમંડલે ॥

અર્થાત્ શ્રીકૃષ્ણે જે સ્વરૂપે ડાબો હાથ ઊંચો કરી શ્રી ગોવર્ધન પર્વતને ધારણ કર્યો હતો તે સ્વરૂપનું દર્શન કરી રહ્યું હતું. માનસીમાં થતાં આ દર્શનની તાદૃશ છબી એમના બગલથેલામાં અકબંધ હતી.

વહેલી સવારનો સમય હતો. પંખીઓ આકાશમાં ઊડી રહ્યાં હતાં. ગોપાલપુર અને આન્યોર ગામની ગાયોનાં ધણ ગોવિંદકુંડની દિશાની કદમખંડીઓમાં ચારો ચરવા એના ગોપાલોના 'અલી ગવરી, ધીરેસે જઈઓ! અરી લલિતા, અલી રાધા, અલી સુરભિ, ધીરે સે ચલિયો! તેરે કાનકુંવર જમુનાતટ પે, ગોવિંદકુંડ પે, અપ્સરા કુંડ કી કદમખંડીમેં જરૂર મિલેગો!'ના હલકારા સાંભળતી, ગળામાં લટકતી ઘંટડીઓના મધુર રવથી વાતાવરણ સંગીતમય બનાવતી એમની જ મસ્તીમાં કદમખંડીઓ તરફ એના કાનુડાને મળવા જઈ રહ્યાં હતાં. સુંદર દૃશ્ય રચાઈ રહ્યું હતું.

રસખાનજીનું ચિત્ત પણ કદમખંડી તરફ જતી ગાયોની પાછળપાછળ ગાયોના ગોપાલનાં - એના ગોપાલનાં દર્શન કાજે દોડી ગયું. ચિત્ત વનમાં, ચરણ તળેટીમાં

અને આંખો ગિરિરાજજી પર સ્થિર થઈ ગયાં હતાં. રસખાનજીની દશા એમના જ શબ્દોમાં કંઈક આવી હતી :

જલ કો ન ઘટ ભરે, મગ કો ન પગ ધરે,
ઘરકી ન કછું કરે, બૈઠી ભરે સાંસરી.

રસખાનજીની દશા પણ ભક્તિરસથી ભરેલા ઘડા સાથે શ્રીજીબાવાના મુખારવિંદનાં દર્શન કરવા નીકળી પડેલી ગોપકન્યા જેવી હતી. શ્રીકૃષ્ણનું સ્મરણ થતાં, મનની બાંસુરીના સૂરો સંભળાતાં, ગોપીઓની જેમ એમના પગ આગળ જતા અટકી જતા હતા અને જમુનાજીમાં ઘડાને ડુબાડી ચૂકેલી ગોપીઓને જમુનાજલ ભરાય છે કે નહીં એનું પણ ભાન રહેતું નહોતું. એવું જ કાંઈક રસખાનજીનું હતું, જે એમના પદમાં પ્રગટ થતું હતું.

રસખાનજીએ તો ગિરિરાજની તળેટીમાં એકાંત જગ્યા શોધી જમાવી દીધું. એમનાં ચર્મચક્ષુની સાથેસાથે માનસચક્ષુ સામેથી પણ શ્રી ગિરિરાજજીની ભવ્યતાની એક કાંકરી પણ ખરતી નહોતી. ઓચિંતો થોડેક દૂર ગિરિરાજજીની તળેટીમાં આવેલી કદમખંડીમાંથી એક સુમધુર કંઠ કાને પડ્યો:

ભક્તાભિલાષા-ચરિતાનુસારી, દુગ્ધાદિચૌર્યેણ યશોવિસારી ।
કુમારિતાનંદિત ઘોષનારી મમ પ્રભુઃ શ્રી ગિરિરાજધારી ॥

[ભક્તની ઇચ્છા પ્રમાણે વર્તનારા, બાળલીલામાં દૂધ વગેરેની ચોરી કરી યશનો પ્રસાર કરનારા, વ્રજવનિતાઓને આનંદ આપનારા એવા ગિરિરાજધારી એ જ મારા પ્રભુ છે.]

રસખાનજીના કાન સરવા થઈ ગયા. મધુર કંઠે શ્રી ગિરિરાજજીની સન્મુખ જ વહેતા થયેલા 'શ્રી ગિરિરાજધાર્યષ્ટકમ્ સ્તોત્ર'નો એકએક શ્લોક શ્રીજીબાવાના દર્શનાતુર હૈયામાં અર્થોની છટા પ્રગટ કરતો સ્ફુટ થવા માંડ્યો.

વ્રજાંગનાવૃંદ સદા વિહારી, અંગૈર્ગુહાગારતમોપહારી ।
ક્રીડારસાવેશ તમોઽભિસારી મમ પ્રભુઃ શ્રી ગિરિરાજધારી ॥

[વ્રજની ગોપીઓના યૂથમાં હંમેશાં વિહાર કરનારા, શ્રીઅંગના દેવત્વથી ઘરના આંગણના અંધકારને દૂર કરનારા, રાસક્રીડાના રસના આવેશથી અજ્ઞાનને હરનારા એવા શ્રી ગિરિરાજધરણ શ્રીકૃષ્ણ એ જ મારા પ્રભુ છે.]

વેણુસ્વનાનન્દિત - પન્નગારી, રસાતલા નૃત્ય - પદ - પ્રચારી ।
ક્રીડન્ વયસ્યા કૃતિ દૈત્યમારી મમ પ્રભુઃ શ્રી ગિરિરાજધારી ॥

[વેણુનાદથી મોરલાઓને આનંદ પમાડનાર, રસાતલ સુધી નૃત્યપદનો પ્રચાર કરનાર, રમતમાત્રમાં વત્સાસુર દૈત્યને મારનાર એવા શ્રી ગિરિરાજધારી કૃષ્ણ મારા એક જ પ્રભુ છે.]

પુલિન્દ-દારાહિત-શમ્બરારી રમાસદોદાર-દયાપ્રકારી ।
ગોવર્ધને કન્દફલોપહારી મમ પ્રભુઃ શ્રી ગિરિરાજધારી ॥

[પુલિંદીઓના હિત માટે શંબર દૈત્યને મારનાર, લક્ષ્મીજી ઉપર સદા દયા કરનાર, ગોવર્ધન પર્વતમાં કંદફળોનો ઉપહાર કરનાર કૃષ્ણ એ જ મારા પ્રભુ છે.]

કલિન્દજાકુલદુકૂલહારી કુમારિકા-કામકલા-વિતારી ।
વૃંદાવને ગોધનવૃંદચારી મમ પ્રભુઃ શ્રી ગિરિરાજધારી ॥

[શ્રી યમુનાજીના કિનારે કુમારિકાઓનાં ચીરનું હરણ કરનાર, કામકલાપૂર્વક સર્વ મનોરથોનું દાન કરનાર, વૃંદાવનમાં ગાયોનાં જૂથને ચરાવનારા એવા શ્રી ગિરિરાજધારી કૃષ્ણ મારા એક જ પ્રભુ છે.]

વ્રજેન્દ્ર - સર્વાધીશ - કર્મકારી મહેન્દ્રગર્વાધિક - ગર્વહારી ।
વૃંદાવને કન્દફલોપહારી મમ પ્રભુઃ શ્રી ગિરિરાજધારી ॥

[શ્રી નંદરાયજીનું સર્વથી અધિક કલ્યાણ કરનાર, ઇન્દ્રના પરમ ગર્વને ઉતારનાર અને વૃંદાવનમાં કંદમૂળ અને ફળોને આરોગનારા એવા શ્રી ગિરિરાજધારી કૃષ્ણ મારા પ્રભુ છે.]

મનઃ કલાનાથ તમોવિદારી વંશીરવાકારિત તત્કુમારી ।
રાસોત્સવોદ્વેલ્લ રસાબ્ધિસારી મમ પ્રભુઃ શ્રી ગિરિરાજધારી ॥

[મનમાં રહેલા અજ્ઞાનરૂપ અંધકારને દૂર કરનાર ચન્દ્ર જેવા, બંસીના નાદથી વ્રજકુમારિકાઓને બોલાવનારા, રાસમહોત્સવમાં ઊછળી રહેલા રસના સાગરમાં વિહાર કરતા એવા શ્રી ગિરિરાજધારી કૃષ્ણ મારા પ્રભુ છે.]

મત્તદ્વિપોદ્દામગતાનુકારી લુંઠત્પ્રસૂનાપ્રપદીનહારી ।
રમોરસંસ્પર્શ - કર - પ્રસારી મમ પ્રભુઃ શ્રી ગિરિરાજધારી ॥

[ઉન્મત્ત હાથી જેવી સરખી ચાલવાળા, નીચે સુધી ઝૂકી રહેલ ફૂલના દિવ્ય હારવાળા, લક્ષ્મીના વક્ષઃસ્થલ પર સ્પર્શ કરવા માટે હાથ લંબાવી રહેલ એવા ગિરિરાજધારી એ શ્રીકૃષ્ણ મારા પ્રભુ છે.]

સુમધુર અવાજ ધીમેધીમે કદંબખંડીમાં વિરમતો ગયો અને રસખાનના સમગ્ર ચિત્તતંત્રમાં ઊથલપાથલ સર્જતો ગયો.

સૂરજ આકાશમાં ચડતો જતો હતો, પરંતુ રસખાનજીના હૈયામાં સર્જાયેલી શીતલતાને દઝાડતો નહોતો. રસખાનજી પદની પ્રસારિત થતી એકએક પંક્તિ પર એમનું સાનભાન ગુમાવતા જઈ રસસમાધિમાં ડૂબતા જતા હતા.

પ્રભુદર્શનની - દિલ્હીમાં મળી ગયેલા વૈષ્ણવોએ દર્શન કરાવી આપેલી પેલી, બગલથેલામાં કેદ થઈ ગયેલી, છબીમાં બિરાજેલા શ્રી ગોવર્ધનનાથજીનાં દર્શન કાજે હવે તો હૈયું અને હાડ બન્ને વિરહની તડપનથી ઝૂરવા માંડ્યાં હતાં. આંસુભરી આંખે ગિરિરાજજીની કંદરામાં કનૈયાને શોધવા રસખાનજી નીકળી પડ્યા.

ઈશ્વરની શોધ અંસુવનની વાટે કરવા નીકળેલા રસખાનજીની આંખો સામેથી જ નાની-નાની ‘નરો’ જેવી વ્રજબાળાઓ માથે મટુકી મૂકી માખણ વેચવા નીકળેલી દેખાઈ. રંગબેરંગી ઓઢણી ને હવામાં ઊડતો પાલવ, ચહેરા પર માખણ મીસરી દહીં મલાઈ.... સૌના વહાલા નંદકિશોરને આરોગાવવાના કોડ સાથે ઠમકઠમક ચાલે નીકળી પડેલી ગોપાંગનાઓને જોઈ, રસખાનજી પણ અંતરમાં ઊછળતી દર્શનની અભિલાષાની મટુકી મસ્તક પર મૂકી -

“આવત હૌં રસકે ચસકે તુમ જાનત હૌ રસ હોત કહાહો,
નૈસક વૈ રસભીજન દૈહોં દિના દસ કે અલબેલે લલાહો.”

એમ ગાતા ‘અલબેલે લલ્લા’નાં દર્શન કરવા ગોપાંગનાઓ પાછળ ચાલી નીકળ્યા.

વૃંદાવનની ગોપીઓનો વિરહ પણ ગોકુલની સાંવરી ગલી પસાર કરતી ગોપાંગનાઓની મટુકીમાં હતો એટલો જ હતો, બલકે એમનો કાનકુંવર કાળો હમણાં જ એમને અર્ધે રસ્તે અટકાવતો એમનું દાણ માગતો આવશે એવી દૃઢ શ્રદ્ધા સાથે શ્રી ગિરિરાજજીની નિકુંજો તરફ ગોપકન્યાઓ જઈ રહી હતી. રસખાનજીએ પણ એમનો પીછો પકડ્યો અને ગોવિંદસ્વામીની કદમખંડીમાં પ્રવેશતાં જ રસખાનજી સાનભાન ગુમાવી બેઠા.

ગોવિંદસ્વામીની કદમખંડીમાં પ્રવેશતાં જ એમની આંખો સામે વૃંદાવનમાં અનુભવેલું દશ્ય ફરી અહીં ખડું થઈ ગયું.

નિર્દોષ ગોપીઓના નિર્વ્યાજ કૃષ્ણપ્રેમમાંથી જ નાનકડો નટખટ નંદલાલ

એકએક ગોપીમાં બેઠેલી એકએક રાધાનું વિરહગાન બની, માખણ મીસરી દહીં અને છાસનું દાન માગી રહ્યો હતો.

'કોઈ માખણ લ્યો'ની બૂમ મારતી ગોપાંગનાઓ કૃષ્ણની મસ્તીમાં, મિલનની ઝંખનામાં સાનભાન ગુમાવી, 'કોઈ માધવ લ્યો'ની ટહેલ નાખતી રસ્તા પર ઘૂમતી હતી અને દરેક વસ્તુમાં કૃષ્ણનું નિરૂપણ કરતી, કૃષ્ણમય બની ચૂકેલી, કાનુડાને માખણ દહીં કે છાસ માટે ટટળાવતી - 'કાના, તું નાચે તો છાલિયું ભરીને છાસ આપું'ની હસતી હસતી માગણી કરતી 'કાના'ને નચાવતી હતી અને રસખાનજી આ દૃશ્ય ઘટમાં ઘટઘટ ઉતારતાં ગાઈ રહ્યા હતા:

નારદસે શુક વ્યાસ રહે પચિ હારે તઉ પુનિ પાર ન પાવૈ,
તાહિ આહિર કી છોહરિયાં છછિયા ભરિ છાછપે નાચ નચાવૈ!

અને આહિરકી આ કૃષ્ણમય બની ગયેલી ગોપીઓ આગળ વિસ્મયથી આંખો ફાડી, માથે મોરપિચ્છ ધરેલો કાનો, બંસરીના સૂર હોઠ પરથી વહેતા કરતો, તાતા થૈયા કરતો નાચે, વ્રજબાળાઓ તાલ દે નાચતી નાચતી -

'કાના છાછન તો ક્યા મેરો સબ કુછ દેઉં
બસ મેરી ચૂંદડી પાલવમેં બસો રહે!'

રસખાનજીને આ દૃશ્યનાં દર્શન પછી ઈશ્વર સત્યસ્વરૂપ છે, ચૈતન્યસ્વરૂપ છે, ભક્ત માટે નર્તન કરતું આનંદસ્વરૂપ પણ છે, એની ખાતરી થઈ ગઈ અને કૃષ્ણ સાથે આવી દોસ્તી - આવું સખ્ય જો બંધાઈ જાય તો જીવનો બેડો પાર થઈ જાય!

હરિ આકાશથી વધુ અનંત છે, એને આદિ પણ નથી, એને અંત પણ નથી અને રસખાનજીને એ ઘડીએ લાગ્યું કે એ પોતે આ અનંતનું અવિભાજ્ય અંગ છે. રસખાનજીને વિચાર આવ્યો કે આ સત્ય સમજવામાં આયખાની અડધી ઉંમર વીતી ગઈ. આજસુધી એમનું આકાશ પેલા ઘડાના પાણીમાં રહેલા આકાશ પૂરતું નાનકડું મર્યાદિત આકાશ હતું અને દિલ્હીના શાહુકારના દીકરા પાછળનો એનો પ્રેમ કે જે અનંત સ્વરૂપ નથી એમને 'અનંત સ્વરૂપ' એ આજ સુધી માની બેઠા હતા. પરિણામે દુઃખી જીવ હતો. જીવ જ્યારે પોતાને શરીર માનવા માંડે છે, નાતજાતના ભેદભાવોમાં માનવા માંડે છે, ત્યારથી જીવની પરિસ્થિતિ પેલા ઘડામાં રહેલા આકાશ જેવી સીમિત હોય છે. એમાં જ એના પુણ્યના આધારે સચ્ચિદાનંદ પરમાત્માનું દર્શન કરવા મથે છે

અને નમન કરતો બોલી ઊઠે છે:

સચ્ચિદાનંદરૂપાય વિશ્વોત્પત્યાદિ - હેતવે ।
તાપત્રયવિનાશાય શ્રીકૃષ્ણાય વયં નમઃ ॥

રસખાનજીને આઘાત લાગે છે....

આજ સુધી આ 'સચ્ચિદાનંદરૂપ' એવા શ્રીકૃષ્ણને હળી-મળીને પામવા માટે કેવો ભવાટવીમાં વ્યર્થ ભટકી રહ્યો હતો! બાકી ત્રિભુવનનો નાથ, ગીતાનો ગાનાર, વેદપુરાણ, શ્રુતિ-દર્શનને ઘોળીને પી જનારો બ્રહ્માંડનો નાથ તો આ આહિરકન્યાઓનાં હૃદયમાં, આંખોના કાજળમાં, લાલરંગી પ્રણયરંગી ચૂંદડીના પાલવના એકએક તાંતણામાં વેરાઈ ગયો છે, ઓગળી ગયો છે. અને આવું બન્યું હશે ત્યારે તો ગોકુલ-વનરાવનની ગાલાવેલી ગોપીઓ 'માખણ'ને બદલે 'માધવ લ્યો'ની ટહેલો નાંખતી હશે ને?

રસખાનજીને થયું કે -

'જોગી જતિ, તપસી, સહુ સિદ્ધ, નિરંતર જાહિ સમાધ લગાવત' એવા મહાન વંદનીયોને હજી કાનુડાએ દર્શન દીધાં નથી ત્યારે *'છછિયા ભરી છાછપે'* નૃત્ય કરતા એવા શ્રી ગોવર્ધનનાથ ગોપીના પ્રેમને વશ થઈને નાચે છે, કૂદે છે અને આ ગોપીઓ પણ કેવી હૃદયમાંથી પ્રેમને વશ થઈને નાચે છે, કૂદે છે અને આ ગોપીઓ પણ કેવી હૃદયમાંથી પ્રેમનો સાગર ઠલવતી, નૃત્ય કરતા નાનકડા નટવરના શ્રીઅંગ પરના પસીનાને, હાંફને જોતી, નાની ઉંમરે શ્રીગોવર્ધનને ટચલી આંગળીએ ધારણ કરનારા ગોવર્ધનધારીને આપેલા પરિશ્રમ પર આંસુ સારવા માંડી. રસખાનજીનું હૃદય પણ ખળભળી ઊઠ્યું, આંખો આંસુથી છલકાઈ ગઈ અને ગોપાંગનાના પ્રેમ પર રસખાનજીનું હૈયું ગાઈ ઊઠ્યું:

'શ્રુતિ પુરાન આગમ સ્મૃતિ હિ પ્રેમ સબહિં કો સાર,
પ્રેમ બિના નહિ ઉપજે હિય પ્રેમ બીજ અંકુર.'

પરસેવાથી નીતરતા, હાંફતા નંદલાલાને ગોપીઓ પ્રેમથી ગોદમાં પધરાવતી -

'લાલન... મેરો પ્યારો લાલ! થકાન બહુ લગી!'

'લાલન, તોકે માખણ મીસરી દેઉં?'

'લાલન, મોકે માફ કર! હમને તુમ્હે નચાયો!'

જવાબમાં બાલકૃષ્ણલાલ તો એ જ એની મુસ્કાન ચહેરા પરથી વેરતો આમતેમ

દોડી, મટુકીમાંથી માખણ-મીસરી, છાસ પીતો રહ્યો **અને** ગોપીઓ ગાતી રહી:

બલિ જાઉં ઈન નયનનકી
તવ ચરણ કમલ મેં સમાઈ રહું
કભી ભૂલું ન યાદ તુમ્હારી પ્રભુ
ચાહે જાગત સ્વપ્નમેં સોતી રહું ॥૧॥
શ્રી કૃષ્ણ હી કૃષ્ણ પુકારી રહું
મુખ આંસુ હી સોં નિત ધોતી રહું
પ્રિયતમ મેરી યહ વિનતી
તવ પ્રેમ મેં પાગલ ફિરતી રહું ॥૨॥

રસખાનજીને થયું કે કૃષ્ણને પામવા આ ગોપીઓની જેમ પાગલ બનવું રહ્યું. કબીર જેવા જ્ઞાની સંત કાંઈ અમસ્તા ગોપીઓના પ્રેમ પર પાગલ થઈ ગાઈ ઊઠ્યા હશે?

કબીરા કબીરા ક્યોં કરો, જાઓ જમુના કે તીર!
એક ગોપી કે પ્રેમમેં બહ ગયે લાખ કબીર!

યમુનાતટે ગોપીઓના પ્રેમપ્રવાહમાં વહેતા રસખાનજી ગોવિંદસ્વામીની કદમખંડીમાં હજી તો આગળ વધ્યા ત્યાં તો સામેથી એમના જેવો જ અલગારી યુવાન કદમખંડીમાંથી મધુર કંઠે -

'પ્રીતમ પ્રીતિ હી તેં પૈયે
યદ્યપિ રૂપ ગુન સીલ સુઘરતા
ઈન બાતન ન રિઝૈયે
સતકુલ જનમ કરમ સુભ લચ્છન
વેદ પુરાન પઢૈયે
ગોવિંદ બિના સ્નેહ સુવાલૌ
રસના કહાં જુન ચૈયે'

આ પદ ગાતો ભટકાઈ ગયો.

એ જ અવાજ, એ જ સૂર, એ જ વિરહ, એ જ ભાવ! રસખાનજીએ-

"તમે... તમે જ થોડા વખત પહેલાં 'શ્રીગિરિરાજધાર્યષ્ટકમ્'ના શ્લોકોથી વાતાવરણને સંગીતમય, ભક્તિમય બનાવતા ગાઈ રહ્યા હતા?"

"હા, મારા ગોવર્ધનનાથના ગુણાનુવાદ કરતો-કરતો ભવસાગર તરી જાઉં તો

બસ, પણ હાં, આપ... આપ દિલ્હીથી પધારેલા ગોકુલ-વૃંદાવનની કુંજગલીઓમાં સુંદર પદો ગાતા રસખાનજી તો નહીં?"

ગોવિંદસ્વામીના કાન પર એવા વાવડ આવ્યા હતા કે થોડાક સમયથી દિલ્હીથી એક પાગલ પઠાણ વ્રજમાં ઘૂમી રહ્યો છે, સરસ મજાનાં પદો ગાતો, વિરહી દશામાં, વ્યસનદશામાં 'મેરે કો શ્રીજીબાવાકા દિદાર કરા દો!' 'મેરે સાંવરેલાલ કો મિલવા દો!', 'કોઈ મેરો શ્યામસુંદર કો દર્શન કરા દો!'ની ટહેલ નાંખતો ઘૂમી રહ્યો છે, નામ એનું રસખાન છે. પણ ગોવિંદસ્વામીને આજે અચાનક સદેહે એ જ રસખાનજી મળી ગયા હતા.

'હા! પ્રેમદેવ કી છબિહિ લખિ

ભએ મિયાં રસખાન..' રસખાનજી બોલ્યા અને પૂછ્યું : "આપ તો ગોવિંદસ્વામી, નહિ?"

"હા, હું જ ગોવિંદસ્વામી, રસખાનજી!" કહેતાં ગોવિંદસ્વામી આવેશમાં આવી રસખાનજીને ભેટી પડ્યા.

"ગોવિંદ! મોકે ગોવિંદદર્શન કરા દો! બસ મારી આ એક જ આરજૂ છે, દિલદારના દિદાર કરાવી દ્યો, ગોવિંદ, જિંદગીભર તમારો ઉપકાર નહીં ભૂલું!"

"રસખાનજી, વહાલા ગોવર્ધનનાથજી અધિકારી જીવને દર્શન આપે જ છે. અને આપની ભક્તિ, આપનો વિરહ, આપની લાગણી જ એવાં છે કે ઠાકોરજી તમારાથી વધુ સંતાતા નહીં ફરે." ગોવિંદસ્વામી બોલ્યા.

"ખરેખર, ગોવિંદજી?"

'હા' કહેતાં ગોવિંદસ્વામી અલગારી ભોળા ભાવુક રસખાનજીને એકીટશે કેટલીય પળો સુધી જોતા રહ્યા અને મનમાં કશુંક વિચારતા બોલ્યા:

"રસખાનજી, આ તમે ઊભા છો એ છે આપણા સૌના ગિરિરાજજીની તળેટી. આ ઉપર દેખાય છે એ છે શ્રીજીબાવાનું મંદિર. આ સામે રહી દંડવતી શિલા. આપણે એની આજ્ઞા લઈ સાત ફેરા ગિરિરાજજીની યાત્રાના, સાત-કોસી યાત્રાના ભરી, શ્રીજીબાવાને તમારાં અને મારાં પદોથી રીઝવીએ."

અને ગોવિંદસ્વામી પાછળ હોંશભર્યા રસખાનજી મંદિરની સિંહપોળના દ્વાર પાસે પહોંચ્યા. ત્યાં તો દ્વારપાળનો કર્કશ અવાજ કાને પડ્યો :

"અરે અરે! યે યવન કહાંસે આઈ ગયો? ચલ ઉતર જા! મારો ગિરિરાજજી છોવાઈ ગયો! હમારો શ્રીનાથજી યવન કો દર્શન નહીં દેતે, ચલ ઉતર જા!"

૯. 'દેખ્યો રૂપ અપાર, મોહન સુંદર શ્યામકો'

રસખાનજીનાં ચરણ સિંહપોળના દરવાજાના ઉંબરામાં જ સ્થિર થઈ ગયાં. ચકળવકળ આંખે એ દરવાન સામે જોઈ રહ્યા. હૈયામાં વિરહનો દાવાનળ સળગતો હતો. એમના પ્રાણપ્યારા શ્રીજીબાવાનાં દર્શનની ઝંખનાનો, ઠાકરોજીના ગંભીર ચહેરા પર ભક્તોને જોઈ લહેરાઈ ઊઠતી મુસ્કાનનો, ભક્તો પાછળ - ગોપીઓ પાછળ દોડતા જતા શ્રી ગોવર્ધનનાથજીને આ સિંહપોળનો દરવાન મંદિરમાં કેદ કરીને બેઠો હોય એવો ઘડીભર તો વિચાર રસખાનજીના હૈયામાં આવી ગયો અને ભક્ત જેટલો જ ભગવાન એના દર્શનાતુર ભક્તોને મળવા - ઝાંખી કરાવવા આતુર હતો અને આ દ્વારપાળ જેમ એને મંદિરમાં પ્રવેશવા દેતો નહોતો, એમ સદાય દોડીને ભક્તને ભેટવા ધસી જતા ભગવાનને આ જ ગિરિરાજજી પર બિરાજતા શ્રી ગોવર્ધનનાથ વર્ષો પહેલાં ભક્ત શ્રી વલ્લભને જોઈ ભેટવા દોડી આવ્યા હતા એ શ્રી ગોવર્ધનનાથજીને મંદિરની ચાર દીવાલો વચ્ચે રોકીને દ્વારપાળ ખડો હતો.

રસખાનજીના હૈયામાંથી નપુંસક ક્રોધ બહાર વહી રહ્યો હતો. એમને થયું કે આવા બની બેઠેલા દ્વારપાળોના કારણે જ ક્યારેક એમના વહાલા શ્રીનાથજીને પણ *'મારે ઠાકોરજી નથી થાવું'*નો ભાવ જાગતો હશે!

રસખાનજી મંદિરદ્વારે ટળવળતા, દ્વારપાળના હૃદયમાં 'રામ' જાગે અને એમને મંદિરમાં પ્રવેશ આપે એ લાલસા સાથે મંદિરના ઉંબરે ઊભા હતા ત્યાં જ થોડીવાર પહેલાંની ગોવિંદસ્વામીએ ઉચ્ચારેલી વાત યાદ આવી ગઈ:

"રસખાનજી, વહાલા ગોવર્ધનનાથજી તો અવિકારી જીવને દર્શન આપે જ છે. આપની ભક્તિ, આપનો વિરહ, આપની લાગણી જ એવાં છે કે ઠાકોરજી તમારાથી વધુ સંતાતા નહીં ફરે."

અને રસખાનજીના 'માંયલા'માંથી જ અવાજ ઊપસી આવ્યો :

"અરે, મિયાં રસખાન! તારી ભક્તિ, તારો વિરહ, તારી વેદના, તારી લાગણીમાં કંઈક હજી અધૂરપ હશે, કચાશ હશે, ત્રુટિ હશે, એટલે તો તારો નાથ તને વૃંદાવન, ગોકુલ અને ગોપાલપુરની વ્રજાંગનાઓ વચ્ચે વિહાર કરતો, અલપઝલપ લીલાની ઝાંખી વ્યસન-અવસ્થામાં કરાવતો, તું નજીક ધસી જાય છે ત્યારે તને વિરહનું દાન દેતો, તડપાવતો અદૃશ્ય થઈ જાય છે! બિચારા દ્વારપાળ પર શું કામ ખફા થાય છે? એ એની ફરજ સન્નિષ્ઠપણે બજાવી રહ્યો છે. તારી ભક્તિમાં, વિરહતાપમાં, સાચા હૃદયની ભક્તિને ભેળવી, ભક્તિને, આરજૂને ચરમસીમાએ પહોંચાડ! વહાલો ગોવર્ધનનાથ દોડીને તને દર્શન દેવા આવશે. વ્રજ એ તો પુષ્ટિધામ છે. એમાં ભગવાન ભક્તને મળવા દોડે છે અને ભેટે છે!"

રસખાનજીના હૈયામાં અંતરનો અવાજ એક નવું જ અજવાળું પાથરી ગયો. એ જ ક્ષણે એમના પગ ઉપાડી, ઉંબર બહાર આવીને ઊભા રહ્યા.

એક નજર ગિરિરાજજીના શિખર પરના મંદિરની ફરફરતી ધજા પર સ્થિર થઈ ગઈ અને એ ધજાને, એ ઉંબરને પગે લાગતા રસખાનજી સડસડાટ ગિરિરાજ પર્વત પરથી આન્યોર ગામની દિશામાં ઊતરી ગયા. ચઢાણ વખતે હૈયામાં શ્રીજીનાં દર્શનની ઝંખના અને તાલાવેલી હતી, તો ઊતરતી વખતે પ્રિયજનનાં, પ્રિય શ્રીજીનાં દર્શન કરવા માટેની શ્રીજીબાવાને એના તીવ્ર વિરહથી, ભક્તિથી દર્શન આપવા માટેની, ઝાંખી કરાવવા માટેની પરાકાષ્ઠાએ પહોંચેલી અજોડ વિરહી લાગણીની સમસ્ત અંગમાં ઝણઝણાટી હતી.

રસખાનજી એ જ એમની મસ્તીમાં ચાલતા-ચાલતા ગોવિંદકુંડ પાસે આવી પહોંચ્યા.

ગોવિંદકુંડના ઊછળતા જલતરંગનાં દર્શન કરતાં જીવનો આવેગ ધીમેધીમે શાંત થતો ગયો. ગોવિંદકુંડની સૃષ્ટિ અદ્‌ભુત હતી. મન શાંત થવા માંડ્યું. આંખો સામે પથરાયેલી લીલીછમ ધરા ભૂલ્યા-ભટક્યા પથિકના સમગ્ર અંગ પર માના વાત્સલ્યભાવે એની પ્રેમાળ સુગંધ પ્રસારતી હતી. હિલોળા લેતાં ગોવિંદકુંડનાં વારિના જલતરંગો નિરાશ હૈયે વ્યથા, વિષાદ અને કંઈક અંશે ઘવેલી માનહાનિના પ્રશ્ને હળવાશનું વાતાવરણ રેલાવી રહ્યા હતા.

કદંબના વૃક્ષની છાયામાં, ચોતરા પર, રસખાનજીએ જમાવ્યું. ખભા પરથી બગલથેલો ઉતારી ચોતરા પર મૂક્યો. ચહેરા પર થાક વરતાતો હતો.

માનહાનિ પામેલા પરાજિત ઇન્દ્રે શ્રીકૃષ્ણનો - શ્રીગોવર્ધનધારીનો સુરભિ ગાયના દૂધથી અભિષેક આ જગ્યા પર કર્યો હતો એની સ્મૃતિ રસખાનજીને આ ક્ષણોમાં થઈ આવી. ઇન્દ્રે શ્રીકૃષ્ણનો દૂધથી 'ગોવિંદાભિષેક' કર્યો હતો. એ દૂધનો

એકત્રિત થયેલો ભંડાર એટલે ગોવિંદકુંડ. ઇન્દ્રે ભગવાને ગોવિંદ કહીને નવાજ્યા હતા. આધિદૈવિક સ્વરૂપે દૂધથી ભરેલા ગોવિંદકુંડમાંથી ઊડતી જલની શીકરોથી રસખાનજી ગદ્‌ગદિત થઈ ગયા. 'પદ્મપુરાણ'નો પેલો શ્લોક -

યાત્રાભિષિક્તો ભગવાન્મઘોના યદુવૈરિણા: ।
ગોવિંદકુંડ તજ્જનિત સ્નાનમાત્રેણ મોક્ષદમ્ ॥

યાદ આવી ગયો અને રસખાનજી સ્નાન કરવા ગોવિંદકુંડનું એકએક પગથિયું ઊતરવા માંડ્યા ત્યારે મધ્યાહ્‌ને પણ કોયલના ટહુકાથી વાતાવરણ ગુંજી ઊઠ્યું. ગોવિંદકુંડના શીતલ પવિત્ર જલમાં સ્નાન કરતા, ડૂબકી મારતા રસખાનજી એમનું દેહભાન થોડીક ક્ષણો માટે ગુમાવી બેઠા.

આંખો સામે સારસ્વત કલ્પનું સરસ દૃશ્ય રચાઈ ગયું....

કૃષ્ણકનૈયો એનાં ગોપગોપીઓ સાથે એકબીજાના હાથ પકડી વર્તુળાકારે કુંડના જલમાં ઊભો રહી સ્નાન કરતો હતો. કાનુડાનો ડાબો હાથ રાધિકારાણીએ ઝાલ્યો હતો, તો જમણો હાથ ચન્દ્રાવલી સખીના હાથના આંકડામાં ભિડાયો હતો અને અન્ય સખીઓ એ વર્તુળાકારે એકબીજાના હાથ પકડી ગોવિંદકુંડમાં ડૂબકીઓ ખાતી સ્નાન કરી રહી હતી ત્યારે શ્રી યમુનાજી કનૈયાની સામે વર્તુળમાં આનંદપ્રમોદ માણતાં સ્નાન કરી રહ્યાં હતાં. આ દૃશ્ય નિહાળતાં જ સ્વામિની રાધાજીએ શ્રીકૃષ્ણનો હાથ છોડી દીધો અને બસ રાધાજી ઉદાસીન થઈ રિસાઈ ગયાં અને ગોવિંદકુંડની પાળ પર જઈને બેસી ગયાં.

"અરે, રાધેરાણી! આમ રિસાઈને પાળ પર ક્યાં જઈને બેઠાં?"

"કનૈયા, મને વર્તુળાકારમાં રાખીને યમુનાજીને તારી સન્મુખ રાખ્યાં, આવું કરી મારું તારા પરનું આધિપત્ય કેટલું પાંગળું છે, તારા હૃદયમાં મારું સ્થાન ક્યાં છે, એ આ બધી ગોપાંગનાઓને બતાવી આપ્યું ને! જા, તારી સાથે કોણ બોલે? કોણ રમે?"

અને રિસાયેલાં રાધારાણીને, *'ના બોલે ના બોલે ના બોલે રે રાધા'* ને કાનુડાએ અનેકવિધ લીલાઓ કરી મનાવી લીધાં અને ફરી એક વખત હાથમાં હાથ ભીડી એકબીજાની સામે ઊભાં રહી સ્નાન કરાવી વૃષભાણ-દુલારીને હસતાં કરી દીધાં.

ભાવવિભોર રસખાનજી આ દૃશ્યનું દર્શન કરતાં શ્રીકૃષ્ણનો ચરણસ્પર્શ કરવા ગયા, ત્યાં તો કાનુડો એના સખીવૃંદ સાથે ગાયબ!

રસખાનજી નિરાશ વદને ગોવિંદકુંડમાંથી બહાર આવ્યા. કાંઠા પર જીર્ણશીર્ણ કાયામાં, વેરવિખેર લઘરવઘર કપડાંમાં સજ્જ એવા એક વૃદ્ધ વૈષ્ણવ એકચિત્તે તંબૂરાના તાર પર એમની આંગળીઓ રમાડતા એક સરસ પદનું અંતિમ ચરણ ગાઈ

રહ્યા હતા:

'તેય મિલન કોં બોહન કરત હૈ મોહનલાલ ગોવર્ધનધારી!'

"બાબા, આપ પણ આ ક્ષણેક્ષણે અલપઝલપ દર્શન દઈ આંખમિચોલી ખેલતા મોહનલાલની વાત તો નથી કરતાને?" રસખાનજી બોલી ઊઠ્યા.

"હા, ભાઈ, આપણો વહાલો શ્રી ગોવર્ધનનાથ એના સુધી પહોંચી ન શકાય એટલો દૂર નથી, તો આવવા આતુર એટલો નજીક પણ નથી. યુવાન, તું કોણ છો? તારો મોગલાઈ પહેરવેશ તારી ખાનદાનીનો પરિચય મને આપી દે છે. તારું નામ શું?"

"ગુરુવર્ય, મને લોકો રસખાન તરીકે ઓળખે છે. ભગવાન શ્રીકૃષ્ણની પ્રતિકૃતિ સમા વૈષ્ણવોની પ્રિય એવી વ્રજભૂમિમાં મારા દિલદારના દિદાર કરવાની એક જ આશા સાથે વ્રજમાં ઘૂમી રહ્યો છું."

"અરે રસખાન, તમે આ કુંભનદાસના દ્વારે! ધન્યધન્ય થઈ ગયો આજ તો, મારા વહાલા રસખાન, ધન્ય થઈ ગયો!"

કહેતાં વૃદ્ધ વૈષ્ણવ કુંભનદાસ ઊભા થઈ ગયા અને રસખાનજી તરફ ધસી જઈ એમને એમના બાહુમાં સમાવવા ગયા ત્યાં જ રસખાનજી એક ડગલું પાછળ હટી ગયા.

"વડીલ, તમારી ઝાંખી થતાં આયખાનો ઉદ્ધાર થઈ ગયો! હું મુસ્લિમ, તમે હિંદુ... ઉમળકો તો એવો જાગે છે કે આપના બાહુમાં સમાઈ અંતરની શાંતિ મેળવું, પણ મારો કાનુડો જ મારા લાગણીભીના સ્પર્શથી છોવાઈ જતો હોય, તો આપ મારા આલિંગનમાં છોવાઈ જાઓ, એટલા ખાતર આપને દૂરથી સાદર પ્રણામ કરું છું, કુંભનદાસજી!" કહેતાં રસખાનજી દંડવત્ કરવા નીચા નમ્યા, ત્યાં તો કુંભનદાસજીએ પોતે ભાવાવેશમાં આવી છછિયાભર છાસ માટે કનૈયાને એમના પદમાં નચાવતા કવિને છાતીએ વળગાડી દીધા અને બોલી ઊઠ્યા: "રસખાનજી, હું અને તમે એક જ પંથના પ્રવાસી છીએ. શ્રીજીબાવાનું રટણ કરવું એ જ આપણો સમાન ધર્મ છે. જાતપાત ભૂલી જીવને જગન્નાથ પાસે દોરી જવો એ જ તો આપણું કર્તવ્ય છે."

જવાબમાં રસખાનજીએ એમના મધુર કંઠે કુંભનદાસજીનું જ પદ ઉપાડ્યું:

'તેરે નૈન ચંચલ બદન કમલ પર મનો જુગ ખંજન કરત કલોલ,
કુંભનદાસ પ્રભુ ગોવરધનધર દેખત બાઢ મનજ અમોલ.'

"વડીલ મને *દેખત બાઢ મનજ અમોલ* એવા શ્રી ગોવર્ધનધરનાં દર્શન કરાવો!" કહેતાં રસખાનજી ભાવવિભોર થઈ ગયા. એમની આંખોમાંથી અશ્રુધારા વહેવા માંડી.

કુંભનદાસ કશોક વિચાર, કશોક નિર્ણય કરી, હાથમાં રહેલા તંબૂરા પર -

'કુંભનદાસ કિતે દિન બીતે, કિયે રૈન સુખ સૈનનું,
અબ ગિરિધર બિન નિસિ અરૂ બીસર, મનન રહત ક્યોં ચૈન.'

એ પદ છેડ્યું. કુંભનદાસને આ પદ રચ્યાની એ પળો યાદ આવી ગઈ. શ્રી ગુસાંઈજીએ શ્રી ગોવર્ધનનાથજીનું સાંનિધ્ય છોડી એમની સાથે દ્વારિકાની યાત્રાએ આવવાની આજ્ઞા કરી હતી અને શ્રી ગોવર્ધનનાથજીનો એક પળ પૂરતો પણ વિરહ ન ખમી શકનારા ભક્તકવિની હાલત જોઈ અપ્સરાકુંડ પાસેથી જ 'તમારી દ્વારિકાયાત્રા પહોંચી ગઈ, કુંભનદાસ!' કહી શ્રીગુસાંઈજીએ એમને શ્રીજીનાં ચરણમાં પાછા મોકલ્યા ત્યારે રચાયેલા આ પદની વિરહભાવનાનાં દર્શન એમને અલપઝલપ ઝાંખી કરાવી બાહુમાં ન સમાતાં અદૃશ્ય થઈ જતા શ્રી ગોવર્ધનનાથજીના ભક્ત રસખાનજીમાં થયાં. વિરહના તાંતણે ઝૂરતા રસખાનજી પ્રત્યે કુંભનદાસને લાગણી જન્મી અને શ્રી ગોવર્ધનધર આગળ દર્શન દેવાની અરજી લઈને કુંભનદાસ મંદિરમાં પહોંચી ગયા.

આ બાજુ રસખાનજીએ ગોવિંદકુંડ પાસેની કદમખંડીમાં કદંબના વૃક્ષ નીચે અડિંગો લગાવી અંતર્ધાન એવા શ્રી ગોવર્ધનધરનું સ્મરણ કરતાં બગલથેલામાંથી શ્રીજીબાવાની તસવીર કાઢી, 'ગિરિરાજધરણ શ્રીજી તુમ્હારે શરણ' નો જાપ શરૂ કર્યો.

આંખો સામે શ્રી ગોવર્ધનનાથજી તસવીરમાં મુકુટ-કાછનીના સુંદર શૃંગારમાં શોભી રહ્યા હતા. બન્ને નેત્રોમાં મંદમંદ સ્મિત લહરાઈ રહ્યાનો ભાવ પ્રગટ થઈ રહ્યો હતો. આંખો સામે બિરાજતા સાક્ષાત્ શ્રી ગોવર્ધનધર આટલા સુંદર છે, તો મંદિરમાં બિરાજતા સાક્ષાત્ શ્રી ગોવર્ધનધર તો કેટલાય સોહામણા, કેટલાય સુંદર હશે!

"અરે, મેરો ગોવર્ધન ગોપાલ, તારાં દર્શન કાજે અહીંતહીં ભટકતો આ જીવ આખરે ગોવર્ધન ગામ આવ્યો છે, તારા દિદાર કાજે આ દિલ પળેપળે આંસુની બિછાત પાથરી રહ્યું છે, ત્યારે ઓ મારા દિલદાર, તારા આ સેવકની તારા દિદાર માટે તરસતી આંખોને દર્શનનું દાન આપી ન્યાલ કરી દે, મારા ગોવર્ધનધર! દર્શનનું દાન આપી ન્યાલ કરી દે!" રસખાનજીનું 'હરિદર્શન'ની તડપન અનુભવતું હૈયું બોલી રહ્યું હતું.

મધ્યાહ્ન વીતી ગયો. સાંજની હવાની લહરે વાતાવરણમાં શીતલતા પ્રસરાવી. રસખાનજીના અંતરને આ સાંજની શીતળતા સ્પર્શી શકતી નહોતી. હૈયું વિરહાગ્નિથી તડપતું, 'ગિરિરાજધરણ શ્રીજી તુમ્હારે શરણ'ના શબ્દો દ્વારા ડુંગર-ટોચે બિરાજતા દેવને દર્શન દેવા વીનવી રહ્યું હતું. બંધ આંખો, હવામાં ફરફરતા વાળનાં જટિયાં, ગોધૂલિના સમયે વનમાંથી ગાયોને ચરાવી, પાછા ફરતા કાનુડાના પદરવને સાંભળવા આતુર એવા કાન - બધું જ શ્રીકૃષ્ણને સમર્પી ચૂકેલા રસખાનજી રાતભર અર્ધનિદ્રામાં કદંબની છાયામાં શ્રી ગોવર્ધનનાથજીનું સ્મરણ કરતા ભૂખ્યાતરસ્યા જાગતા રહ્યા. આંખોમાંથી વહેતાં જલ ગોવિંદકુંડ એનામાં ઝીલતો રહ્યો.

મુખમાં ગોવિંદનું નામ, આંખો ગિરિરાજજી પર મંદિરમાં શયનઘરમાં પોઢેલા શ્રીજીબાવા તરફ સ્થિર, હૈયામાં 'દિદાર કરા દે - દર્શન દે દે - ઝાંખી કરા દે મેરે

ગોવર્ધનધરણ!', હોઠ પરનું એ કંપન... અકળામણનો પાર નથી. બીજો દિવસ અને બીજી રાત પણ 'ગોવિંદ બોલો હરિ ગોપાલ બોલો'ના રટણમાં પસાર થઈ ગયાં. રસખાનજી મૂળ 'સંયોગ'નો જીવ. 'પ્રેમ'ને એ ઓલિયો જીવ 'અજુબો' - અજબનો ખેલ માનતા. એ ગાતા-

'પ્રેમરૂપ દર્શન અહો, રચૈ અજુબો ખેલ.'

અને આ ખેલ એટલે આસક્તિનો ખેલ. પહેલાં લૌકિકમાં એક બાળક પરની આસક્તિ અને પછી ગળાબૂડ શ્રી ગોવર્ધનનાથમાં અલૌકિક આસક્તિ. એમનું વિરહી હૈયું આ ક્ષણોમાં પણ ગીત તો મિલનનું - સંયોગનું જ ગાતું:

દો મન ઈક હોતે સૂન્યો, પૈ વહ પ્રેમ ન આહિ!
હોઈ જબૈ દ્વૈ તનહુ ઈક, સોઈ પ્રેમ કહાહિ!

રસખાનજીની ભક્તિ નવધાભક્તિ હતી. સંપૂર્ણ ભારતીય તત્ત્વજ્ઞાનની વિચારધારા પર અવલંબિત એ ગાઈ રહ્યા:

'બિન ગુન જીવનરૂપ, બિન સ્વારથ હિત જાનિ,
શુદ્ધ કામના તે રહિત, પ્રેમ સકલ રસખાનિ.'

શુદ્ધ કામનાના નિર્વ્યાજ પ્રેમે ડુંગર-ટોચે મંદિરની સુંવાળી શય્યામાં પોઢેલા શ્રીનાથજીની નિંદ ભૂખ્યા-તરસ્યા, એમનું સતત નામસ્મરણ ત્રણત્રણ રાતથી કરતાં દેહાનુસંધાન ગુમાવી બેઠેલા રસખાનજીએ ઉડાડી દીધી.

આ પાગલ પઠાણ રાતદિન એના લઘરવઘર વેશમાં એનું નામ લેતો 'દિદાર કરા દે મેરે માલિક! દર્શન દે દે મેરે શ્યામ! મનોહર ઝાંખી કરા દે મેરે વ્રજ કે રાજા!' અને આવાં તો અનેક વિરહી ઉચ્ચારણોથી વ્રજની હવાને ભરી દેતા રસખાનજીએ ગોવિંદકુંડની પાળે જમાવટ કરી, એમના વિરહની, ઝંખનાની, લાગણીની. વેદનાની પરાકાષ્ઠા સર્જી દીધી હતી. શ્રીજીબાવાને થયું કે આવો લાગણીનો તંતુ જકડીને બાંધવા મથતો વિરલ ભક્ત એમને આજ સુધીમાં મળ્યો નહોતો.

વિરહાનુભવ કરતા રસખાનજીની સાનભાન ગુમાવી બેઠેલી વૃત્તિઓ હવે તો વ્યસન-અવસ્થામાં પણ એક જ ગાન ગાઈ રહી હતી:

'મોકે દર્શન કરા દો, મેરે નાથ!'

અને શ્રી ગોવર્ધનનાથજી ત્રીજા દિવસની મધ્યરાત્રીએ શય્યાનો ત્યાગ કરી રસખાનજીને દર્શન દેવા તૈયાર થઈ ગયા. દિલ્હીમાં વૈષ્ણવોએ જે સ્વરૂપમાં, જે શૃંગારમાં 'તસ્વીર'માં એમનાં દર્શન કરાવી એમના નામનું રસખાનજીને ઘેલું લગાડ્યું હતું તે યાદ આવી ગયું.

શ્રીનાથજીએ અરીસા સામે સ્વયં ખડા થઈ સ્વહસ્તે શૃંગાર સજ્યા. તસવીરમાંનાં

જ વસ્ત્રો - એ જ અચકન, એ જ ધોતી, એ જ ઉપરણો, એ જ શ્રીજીબાવા વસ્ત્ર પરિધાન કરતાં એમના ઘેલા ભક્ત પર પ્રસન્ન થઈ ગયા. મલ્લકાછ-ટિપારાનો શૃંગાર ધરેલો હતો એમાં કદાચ એમને એમનો ભક્ત રસખાન ઓળખી ન શકે તો?- આ વિચાર કરતાં રસખાનજીના બગલથેલાની તસવીરમાં ધરેલો મુકુટ-કાછનીનો શૃંગાર ધારણ કર્યો અને મંદિરમાંથી બહાર નીકળ્યા. ગિરિરાજજીના ખોળે સૂતેલી ગાયોને વેણુનાદથી જગાડી શ્રીજીબાવાએ એમની સાથે લીધી. કેડમાંથી બંસરી કાઢી અને અધર પર ધરીને ત્રિલોકને હલબલાવી મૂકે તેવા બંસરીના સૂર ગિરિરાજજીના શિખર પર ખડા થઈ છેડ્યા અને વાતાવરણ સ્વરની સુગંધથી, સૂરની જમાવટથી ઘમઘમી ઊઠ્યું.

પવનની પાંખે પ્રસરેલા વેણુનાદના માધુર્યે લગભગ બેભાનાવસ્થામાં 'દિદાર કરા દે દર્શન દે દે'નું રટણ કરતા રસખાનજીની આંખો ખોલી દીધી. બંધ આંખોમાંથી વિરહવેદનાનાં ઝરતાં આંસુઓના ઝિલમિલાટમાં રસખાનજી આંખો સામે ખડી થયેલી શ્રીજીબાવાની મનમોહક ધૂંધળી તસવીર - મૂર્તિ ખડી થઈ ગઈ. આંખો ચકાચૌંધ થઈ ગઈ. હૈયું હાથ ન રહ્યું. આંખોમાં પથરાયેલ આંસુનું ધુમ્મસ દૂર થઈ જતાં હવે શ્રી ગોવર્ધનનાથજીનાં દર્શન ખૂબ જ નિકટતાથી થવા માંડ્યાં. રસખાનજીના અણુઅણુમાંથી અનોખી ઝણઝણાટી - પ્રસન્નતાનાં પૂર વહેવા માંડ્યાં.

"કૃપાનાથ! હે નાથ! મારા નટવર ગોપાલ! તેં આખરે આ દીન, તારા રટણમાં સદાય વ્યસ્ત એવા જીવ પર કૃપા કરી..." અને રસખાનજીના આનંદથી ઊભરાતા હૃદયમાંથી સ્વરૂપાનંદની પ્રાપ્તિનું પદ સ્ફુર્યું :

'દેખ્યો રૂપ અપાર, મોહન સુંદર શ્યામ કો!'

ત્રણત્રણ દિવસથી જર્જરિત તનવાળા રસખાનજી બંસરીના સૂરો છેડતા, મંદ-મંદ સ્મિત વેરતા, શ્રી ગિરિરાજજીના શિખરે બિરાજેલા શ્રી ગોવર્ધનનાથજી તરફ ભાવાવેશમાં આવી રસખાનજી શ્રીજીબાવાને ભેટવા દોડ્યા. સાવધ શ્રીજીબાવા પ્રસન્ન ચિત્તે, વિરહાતુર રસખાનજીને એમની તરફ ધસી આવતા જોઈ રહ્યા.

રસખાનજી તો ભાવાવેશમાં આવી લડખડાતા પગે શ્રીનાથજીને ભેટવા ધસ્યા ત્યારે શ્રીજીબાવા ખસી જઈ માર્ગ આપતા ખડખડાટ હસી પડ્યા.

"કૃપાનાથ, 'જીવ'ને આ દશામાં હજી ક્યાં સુધી મિલનની આકાંક્ષામાં ઝૂરતો રાખવો છે?"

"આવ આવ, રસખાન, હું દૂર નથી, નજીક છું - સાવ નજીક. તારા શ્વાસોચ્છ્વાસમાંથી ઊભરાતો 'દિદાર કરા દે કનૈયા'નો અવાજ મને સંભળાય છે. તારી આંખોમાંથી વહેતાં વિરહનાં આંસુઓથી હું પ્લાવિત થઈ રહ્યો છું. આવ, રસખાનજી, આવ!" શ્રીજીબાવા હસતાં-હસતાં બોલતા રહ્યા. રસખાનજી દોડીને આગળ ધસ્યા. શ્રીજીબાવાને પોતાના બન્ને બાહુમાં સમાવી લેવા હજી તો જાય ત્યાં જ ગિરિરાજની વેરાયેલી શિલાઓમાંથી પડઘા પાડતો અવાજ ઊઠ્યો અને બે બાહુ વચ્ચેથી વહેતી હવામાં રસખાનજીને સંભળાયો. આંખો સામેથી અદૃશ્ય શ્રીજીબાવાનો મધુર રવ સાંભળવામાં લીન થઈ ગયેલા રસખાન બોલી ઊઠ્યા:

"બસને, છલિયા, મારી સાથે પણ છલ કર્યા વગર ન રહ્યો ને? ક્યાં છો, મારા ગોપાલ! ક્યાં છો, મારા કનૈયા!" જવાબમાં રસખાનજીના કાનમાં મીઠો મધુરો એવો અદ્ભુત રણકો ઊઠ્યો:

"રસખાન, ધન્ય છે તમને, તમારી ભક્તિને, તમારી આસક્તિને! તમે નિરાશ ન થાઓ. હું તમને દર્શન આપવા ખાસ આવ્યો છું. તમને ભેટવા, દૃઢ આલિંગન આપવા આતુર છું. પરંતુ હું વલ્લભકુળને આધીન છું, શ્રી ગુસાંઈજીને વશ છું. તમે ગોકુલમાં બિરાજતા શ્રી વિઠ્ઠલનાથજી શ્રી ગુસાંઈજીનું શરણ સ્વીકારો એટલે સદાકાળ હું તમારો થઈને રહીશ. શિવ અને જીવ, પ્રકૃતિ અને પુરુષનું સાયુજ્ય શ્રી ગુસાંઈજી તમને શરણે લઈ કરાવશે. તમે ગોવિંદકુંડ પહોંચો. શ્રી ગુસાંઈજી તમને ત્યાં મળશે." અને થોડી ક્ષણો માટે વાતાવરણમાં પ્રસરેલો પ્રકાશપૂંજ શ્રી યમુનાનદીના જલપ્રવાહમાં વિલીન થઈ ગયો.

રસખાનજીની ભાવસમાધિ તૂટી ગઈ.

ક્ષણ પહેલાંના અનુભવાયેલા એ રસભીના પ્રસંગને વાગોળતા રસખાનજીના મુખેથી પદ સરી પડ્યું:

દેખ્યાં રૂપ અપાર, મોહન સુંદર શ્યામકો!
વહ વ્રજરાજ કુમાર હિય જિય નૈનનમેં બસ્યો!
મોહન છબિ રસખાન લખિ, અબ દૃગ અપને નાહિ,
ઐંચે આવત ધનુષ સેં છૂટે સર સેં જાહિ.
મો મન માનિક લે ગયો ચિત્તચોર નંદનંદ,
અબ બેમન મૈં કા કરું, વરી ફેર કે ફંદ!

રસખાનજી પદો ગાતા-ગાતા ગોવિંદકુંડ પહોંચ્યા અને આંખો મીંચી ગયા અને થોડીવાર પહેલાંની પ્રભુદર્શનની એ પળોને કેટલીય વાર સુધી માણતા રહ્યા, બસ માણતા રહ્યા.

૧૦. ‘પ્રેમ હરિકો રૂપ હૈ’

“કાકાજી!”

શ્રી વિઠ્ઠલેશજી તંદ્રામાંથી ઝબકીને જાગી ગયા. એમના શ્રીઅંગની ચારેબાજુ છવાયેલા અંધકારમાંથી અવાજ આવતો હોય એવું લાગ્યું. ગોકુલની કુંજગલીઓ હજી શાંત હતી. ગોપીઓનાં નંદાલયોમાંથી હજી ‘દહીં મથનિયા’નો મધુર રવ ગોરંભાયો નહોતો. મોરના ટહુકા, કોકિલનું કૂજન કે ડોકાં હલાવતી ગાયોની ઘંટડીનો મધુર રવ પણ કાનને સંભળાતો નહોતો.

શ્રી વિઠ્ઠલેશ પ્રભુ આંખો ચોળતા અંધકારમાં હજી એમની આંખો આમતેમ ઘુમાવે ત્યાં જ ફરી એકવાર શ્રી નવનીતપ્રિયાજીના શય્યામંદિરની બારીમાંથી ‘કા..કા...જી’નો અવાજ ફરી કાને પડ્યો.

અવાજમાં વેદનાનો ભાર વરતાતો હતો. અવાજ પરિચિત હતો. આંખો સામે અંધકાર અને અંતરને હચમચાવી મૂકે તેવા વેદનાપૂર્ણ અવાજે શ્રી વિઠ્ઠલેશજી શય્યામાંથી ઊભા થઈ ગયા. અંતર બોલી ઊઠ્યું, શ્રી વલ્લભવિઠ્ઠલના સ્વામીને – શ્રીગોવર્ધન નાથજીને સંબોધતું -

“અબે છલિયા, બહુત સતાયો, અબ તો સામને આ જા!”

“કાકાજી, હું તો કેમ આવું?”

“કેમ કેમ?” શ્રી વિઠ્ઠલેશ પ્રભુ સફાળા બોલી ઊઠ્યા.

“આ ગિરિરાજજીની તળેટીમાં, ગોવિંદકુંડની નિકુંજમાં મારાં ચરણ સ્થિર થઈ ગયાં છે.”

“કેમ? આ અંધારી મેઘલી રાત્રે શય્યામંદિર છોડી, આપશ્રી ગિરિરાજજીને ખોળે રમવા ક્યાં પધાર્યા?” શ્રી વિઠ્ઠલેશજીએ પૂછ્યું.

“શું કરું? મંદિરમાં આરામથી પોઢ્યો હતો, ત્યાં જ એક દર્દભર્યો વિરહી અવાજ કદમખંડીમાંથી સંભળાયો.”

“શું કહો છો, બાવા?”

“હા, કાકાજી! એક વિરહી ભક્તના તૂટ્યાફાટ્યા, દર્દભર્યા વિષાદપૂર્ણ શબ્દો હવામાં લહેરાતા હતા:

મોં મન માનિક લૈ ગયો ચિત્તે ચૌર નંદનંદ
અબ બે મનમેં ક્યા કરું, પરી ફેર કે ફંદ!”

“અચ્છા! તો બાવા, કયા ભક્તનું ચિત્ત ચોરીને આવ્યા છો આ અડધી મેઘલી રાત્રે?”

“મારાથી એનું દર્દ, એનો વિરહ ન ખમાયો અને હું શય્યા છોડી, બસ દોડી ગયો. ગોવિંદકુંડની નિકુંજમાં સૂનમૂન બેભાનાવસ્થામાં પણ ‘દિદાર કરા દે દિલદાર’નું રટણ કરતા એક મ્લેચ્છ નામે રસખાન પાસે દોડી ગયો.”

“શું કહો છો, બાવા! રસખાન પાસે તમે પહોંચી ગયા? ધન્ય છે રસખાન, ધન્ય છે તમારી ભક્તિને, આસક્તિને કે રાસરાસેશ્વર અમારા શ્રી ગોવર્ધનનાથને તમારી પાસે દોડીને આવવું પડ્યું! વ્રજમંડળની ગોપાંગનાઓના લાડલા કવિ, તમારું તો આયખું સુધરી ગયું! બાવા, તમેય અડધી રાત્રે એક જીવનો ઉદ્ધાર કરી આવ્યા.”

“કાકાજી, મેં તો કાંઈ જ નથી કર્યું. ન કરી શકવાનો હૈયે થોડોક રંજ-વિષાદ પણ છે.”

“રંજ ! શેનો રંજ, પ્રભુ?”

“પ્રેમ કથાનિ કી બાત ચલે, ચમકે ચિત્ત ચંચલતા ચિનગારી
લોચન બંક વિલોકનિ, બોલન મૈં બીતી રસકારી.”

“અરે, પ્રભુ, આ તો પેલા મેલાઘેલા રસખાનની જ પંક્તિઓ છે ને શું? લાલા, તમારો આ દાસાનુદાસ અહીં ક્યાંથી આવ્યો?” શ્રી વિઠ્ઠલેશ પ્રભુ બોલ્યા.

“કાકાજી, હા, એ જ મેલોઘેલો રસખાન છે. ત્રણત્રણ દિવસથી ખાધાપીધા વગરનો મારા નામનું રટણ કરતો હતો. એની આરજૂ, તડપન પ્રતિપળ વધતાં જતાં હતાં. એનું પહાડી શરીર સાવ ક્ષીણ થઈ ગયું છે. એની આંખોમાંથી વિરહની અશ્રુધારા વહી જતી મારાથી જોવાઈ નહીં, કાકાજી! અને હું ગિરિકંદરામાં દર્શન દેવા પ્રગટ થયો... ત્યાં જ એ વિરહી આત્મા મને ભેટવા, ચરણસ્પર્શ કરવા મારી તરફ ધસી આવ્યો. અને મારે અંતર્ધાન થઈ જવું પડ્યું. અત્યારે ગોવિંદકુંડની કદમખંડીમાંથી

રસખાનની વિહ્‌વળદશા જોઈ રહ્યો છું."

"કૃપાનાથ, એ જીવ પર કૃપા કરો!"

"કેવી રીતે કરું, કાકાજી! હું તો શ્રી વલ્લભ-વિઠ્ઠલને આધીન છું. જ્યાં સુધી એ જીવને તમારે શરણે ન લ્યો, અપનાવો નહીં, 'બ્રહ્મસંબંધ'થી દીક્ષિત ન કરો ત્યાં સુધી બિચારો જીવ તડપતો જ રહેવાનો!"

"ઓહ, પ્રભુ! હું હમણાં જ ગોવિંદકુંડ પહોંચું છું." કહેતાં શ્રી વિઠ્ઠલેશ પ્રભુ શય્યામાંથી ઊભા થઈ ગયા.

"ગોરધન!" શ્રી વિઠ્ઠલેશ પ્રભુનો અવાજ વાતાવરણમાં ગાજી ઊઠ્યો.

"આજ્ઞા, કાકાજી!"

"શ્રીજીબાવાનો સાદ સંભળાયો?" શ્રી વિઠ્ઠલેશ પ્રભુ બોલ્યા.

"ના રે, કાકાજી, એ ભાગ્ય અમારું ક્યાંથી? કેમ કાંઈ ગોવિંદસ્વામીએ રમત રમતાં તોફાન-મસ્તી કર્યાં? કાંઈ કાંકરીચાળો કર્યો કે શું?" ગિરિધરજી ઉર્ફે ગોવર્ધનજી હસીને બોલ્યા.

"ના ગોવર્ધન, પેલો પ્રેમઘેલો રસખાન શ્રીજીબાવાના નામનું રટણ કરતો, છેલ્લા ત્રણત્રણ દિવસથી ગોવિંદકુંડની ગિરિકંદરામાં બેભાન પડ્યો છે. શ્રી ગોવર્ધનનાથજીને એની ચિંતા થઈ છે. જ્યાં સુધી આ જીવને હું બ્રહ્મસંબંધ દ્વારા સ્વીકારી એના શરણે ન ધરું ત્યાં સુધી શ્રીજીબાવા એને દર્શન પણ કેમ દે?"

"કાકાજી, તમે આ જ ઘડીએ આપના વેગવંતા અશ્વ પર સવાર થઈ ઊપડો. શ્રીજીના વહાલાના પ્રાણ વિરહમાં ને વિરહમાં ક્યાંક નીકળી ન જાય! આપણા 'લાડલે લાલ' શ્રી નવનીતપ્રિયાજીને હું અહીં મંગળભોગ ધરાવી દઈશ." ગિરિધરજી બોલ્યા અને શ્રી વિઠ્ઠલેશ પ્રભુ મારતે ઘોડે આન્યોર થઈ ગોવિંદકુંડ પહોંચ્યા ત્યારે પ્રભાતનાં કોમળ કિરણોથી શ્રીગિરિરાજજી ઝળહળી ઊઠ્યા હતા. આકાશમાં ગુલાબી રંગની પિછવાઈ ઊપસી આવી હતી. પવનના ઝૂલણાથી પર્ણોનો મર્મર પ્રગટ થતો હતો. શ્રી વિઠ્ઠલેશે ગોવિંદકુંડ પાસેની કદમખંડી પાસે એમના હાંફતા અશ્વને ઊભો રાખ્યો. અશ્વ પરથી ઊતરી, એની પીઠ પર પ્રેમાળ હાથ થપથપાવતાં જ હાંફતા અશ્વમાં અનોખું ચેતન ઊપસી આવ્યું હોય એમ એ સ્ફૂર્તિથી હણહણી ઊઠ્યો. શ્રી વિઠ્ઠલેશ પ્રભુએ કેટલીય પળો સુધી એમની કેશવાળીમાં એમના શ્રીહસ્ત પ્રસાર્યા અને એક નજર કદમખંડીની ગીચ ઝાડીમાં નાંખી.

થોડેક દૂર કદંબની છાયા નીચે પઠાણી પહેરવેશમાં એક અર્ધબેભાનાવસ્થામાં ભોંય પર પડેલી વ્યક્તિના મુખમાંથી 'દિદાર દે દે, દિલદાર, દર્શન દે દે, મેરે ગોવર્ધનનાથ'ના શબ્દોનું સતત રટણ ચાલ્યા કરતું હતું. કૃશ થઈ ગયેલી કાયા, અસ્તવ્યસ્ત વસ્ત્રો, લલાટને આવરી લેતા વાળનો ઝૂંડો અને પ્રભુદર્શનની અદમ્ય ઝંખનાનું અવિરત રટણ. શ્રી વિઠ્ઠલેશે એક નજર ગિરિરાજજીના શિખરે શ્રીજીના મંદિરના કળશ પર અને ફરકતી ધજા પર નાંખી. મંદિરમાં બિરાજતા શ્રી ગોવર્ધનનાથજી કેવા કૃપાળુ હતા કે બસ એમના એક ચિત્રને લઈ વ્રજની ગલીએ-ગલીએ એમને શોધતા યવનની ભક્તિને, એના દર્શનના વિરહભાવને ગળે વળગાડી, રાતોની રાતો જાગી, છેવટે એ 'જીવનો અંગીકાર' કરવાની તાલાવેલીમાં એમને અર્ધરાત્રે ગોકુળમાં જગાડી અહીં સુધી ખેંચી લાવ્યા હતા. આ પઠાણ બચ્ચો પણ કેવો ભાગ્યશાળી કે એને દર્શન દેવા માટે ઠાકોરજીએ પરિશ્રમ લેવો પડ્યો એમને અને મારતે ઘોડે ગોવિંદકુંડ આવવું પડ્યું.

"ધન ધન મેરે યાર! ખુદાકા બંદા, ઉઠ!" શ્રી વિઠ્ઠલેશ પ્રભુના મુખારવિંદમાંથી શબ્દો સરી પડ્યા.

"કૌન આયા, મેરે સાંવરેલાલ! ગોવર્ધનનાથ આયા? ગિરિરાજધરણ... મેરે ખુદા, તસવીરોમેં છૂપે હુવે દિલદાર, મેરે યાર, મેરે પ્રાણ...." પઠાણ રસખાનજી અર્ધતંદ્રામાં બોલતા રહ્યા.

શ્રી વિઠ્ઠલેશજીએ નીચે નમી, પઠાણના ખભા પર, એમના પરસેવાથી રેબઝેબ ચહેરા પર એમની કોમળ કરાંગુલિઓ ફેરવી અને રસખાનજી ઊભા થઈ ગયા અને બોલી ઊઠ્યા:

"આપ... આપ તો ગોકુલ કે ફકીર, ગોકુલ કે સાંઈ, મેરે ગિરધર ગોપાલ કે ગોસાંઈજી તો નહીં? સપનોં મેં બતાયે હુવે આપ સંત તો નહીં? આપ જો કુછ હો, મુઝે ઈતના બતા દો કિ મેરો ગોવર્ધનનાથ મુઝે દર્શન ક્યું નહીં દેતો? કીતનો બડો નટખટ હૈ મેરો નંદલાલ! મેરે સે છલ કરતો છલિયા બન ગયો હૈ!'

"રસખાનજી, ધન્ય છે તમારી લગનને, તમારી ભક્તિને, તમારા આ આવેશને, આસક્તિને! તમારા તો અણુઅણુમાં મારો વહાલો વસે છે, રસખાન! બહાર ઢૂંઢવા જવાની જરૂર નથી. રસખાન! આપણા શ્રી ગોવર્ધનનાથજીની સન્મુખ તમને કરાવું. તમે આ ગોવિંદકુંડમાં સ્નાન કરીને મારી પાસે આવો."

"આપ સચ કહેતે હૈં? મેરે દિલદાર કે દર્શન તો આપકી હી કૃપાસે હોંગે, મહારાજ! છલિયાને સપનોંમેં કહા હૈ આપને ગોકુલસે પધારકે બડી કૃપા કી.." અને રસખાનજી ગોવિંદકુંડમાં સ્નાન કરીને બહાર નીકળ્યા ત્યારે એમના સમસ્ત અંગમાંથી થકાવટ, મલિનતા, નિરાશા બધું જ અદશ્ય થઈ ગયું. અને એમણે પહેલી વાર સામે ઊભેલા શ્રી વિઠ્ઠલેશજી સાથે નજર માંડી અને એ ખળભળી ઊઠ્યા.

આંખોમાં એક કરુણતા, હૃદયમાંથી ઊછળતો પ્રેમભાવ અને રસખાનજી આવેશમાં

આવી પ્રેમભાવે બોલી ઊઠ્યા:

"બસ આપ હી મેરે રાહબર! મુઝે મેરે સાંવરેલાલ શ્રી ગોવર્ધનનાથ કો મિલવા દો! વો તસવીર કી સૂરતકા મુઝે દિદાર કરા દો! દર્શન કરા દો!"

શ્રી વિઠ્ઠલેશ એમની હૃદયસ્પર્શી ભીની વાણી સાંભળી દ્રવિત થઈ ગયા અને ભેટી પડતાં બોલી ઊઠ્યા:

"રસખાન, આપણા બન્નેનો વહાલો ગોવર્ધનનાથ તમારી રાહ જોતો બેઠો છે." અને શ્રી વિઠ્ઠલેશે રસખાનજીને 'બ્રહ્મસંબંધ' આપી, ખભે ખેસ અને ઉપરણો ધરી દીધા, લલાટ પર તિલક કર્યું અને દંડવતી શિલા પાસે લઈ જઈ, શિલાને પગે લગાડતાં શ્રી વિઠ્ઠલેશ બોલી ઊઠ્યા :

"રસખાન, હવે મળો હરિના લાલને! શ્રી ગોવર્ધનનાથજીને!"

મંદિરમાંથી ઘંટનાદ શરૂ થઈ ગયા. આજુબાજુના વાતાવરણમાં મીઠાશ પ્રગટવા માંડી.

રસખાનજી દોડીને શ્રીજીબાવાનાં ચરણે ઢળી પડ્યા. આંખો સામે એ જ પેલી છબીની આકૃતિ, એ જ માથા પરની પાઘ, નાકની હડપચીએ હીરલો, શ્વેત ધોતી-ઉપરણો, મુકુટ-કાછનીના સુંદર શૃંગાર... આંખો સામે બિરાજતા શ્રી ગોવર્ધનનાથજી પેલી છબીના ચિત્રની જ પ્રતિકૃતિ હતા. રસખાનજીનું હૈયું વિહ્વળ બની ગયું. આંખોમાંથી અશ્રુની ધારા વહેવા માંડી. ગદ્‌ગદિત હૈયે રસખાનજી ગાઈ ઊઠ્યા -

યા છવિ પૈ રસખાનિ, અબ વારૌ કોટિ મનોજ!
જાકો ઉપમા કવિન નહિં, પાઈ રહૈ સુ ખોજ!

અને શ્રી ગોવર્ધનનાથજીના રસમય - રસપૂર્ણ - *'પ્રેમ હરિકો રૂપ હૈ'* એવા સ્વરૂપનું દર્શન કરતાં રસખાનજી એમના સર્વસ્વનો ત્યાગ કરતાં બોલી ઊઠ્યા:

યા લકુટી અરુ કામરિયા પર!
રાજ તિહું પુર કો તર્જજ ડારૌ!

"રસખાન, આપણા શ્રી ગોવર્ધનનાથ તો રૂપના અપાર સાગર છે. તમે સાચું જ ગાયું છે: *'પ્રેમ હરિ કો રૂપ હૈ.'*

"કૃપાનાથ, શ્રીજીબાવાના રૂપને તો શું વખાણું?

દેખ્યો રૂપ અપાર, મોહન સુન્દર શ્યામકો,
વહ વ્રજ રાજકુમાર, હિયહિય નૈનનિમેં બસ્યો."

[સમાપ્ત]

શ્રી વલ્લભ પુસ્તકાલય
કાંદિવલી મુંબઈ
સુખધામ : ૨૮૦૧૨૮૩૦
સુરેન્દ્ર જ શાહ : ૯૮૩૩૨૭૨૩૮૩
ક્રિષ્ણાબેન શાહ : ૭૫૦૬૦૮૭૪૬૨
No. 12289